કિં. ₹૨૦/-
પાના નં-૧

એપ્રિલ - મે
૨૦૧૬

સળંગ અંક : ૬૫
વર્ષ : ૧૧

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા

શ્રી કચ્છી
મારૂ કંસારા-સોની
જ્ઞાતિ મંડળ
અમદાવાદ

## આરંગેત્રમ્

### કલા સાધક
### કશીશ જયમીન સોની



સમસ્ત કંસારા સમાજ ...૮ | ગંગટોક -સિક્કીમ ..૧૬ | ક્રિએટીવ કોરિયોગ્રાફર ...૨૫ | દિકરી વ્હાલનો દરિયો ...૨૮

# પ્રથમ શ્રધ્ધાસુમન



## સ્વ. વિજયભાઈ જેઠાલાલ સોની

**સ્વ. : ૨૦ જૂન ૨૦૧૫**

આપનાં ઉત્તમ કાર્યો અને નિઃસ્વાર્થ સેવાથી સુશોભિત આપની સ્મૃતિ અમારા સૌના અંતઃકરણમાં અનંતકાળ સુધી પ્રજ્વલ્લીત રહેશે. મન અમારૂં માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.

જન્મ અને મૃત્યુ, ઉદય અને અસ્ત આ સનાતન સત્ય હોવા છતાં કેટલાક મૃત્યુ એવા હોય છે કે જેના ઘા રૂઝાતા નથી. તમારી સાથે વીતેલા વર્ષોનાં સંભારણા અમારા હૃદયમાં અખંડ જળવાઈ રહેશે.

પ્રભુ આપનાં દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

સ્મિતા વિજયભાઈ સોની

જયમીત વિજયભાઈ સોની (પુત્ર) લીલાબેન જેઠાલાલ સોની (માતા)

હેનિલ વિજયભાઈ સોની (પુત્ર) સોની જેઠાલાલ જીવરામભાઈ સહપરિવાર

ગાંધીનગર


એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
**વર્ષ : ૧૧ ● અંક : ૫**
**એપ્રિલ – મે '૧૬**

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪
**વ્યવસ્થાપક સમિતિ**
**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮
**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
**મુદ્રણ આયોજન / ડિઝાઈન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨
**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧
**નાણાકીય આયોજન**
પ્રશાંત બીજલાણી
**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**
- **અમદાવાદ**
  ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩
- **ભુજ**
  ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
  વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
  (રૂલપ્રેસવાળા)
- **અંજાર**
  અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
- **નખત્રાણા**
  પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
  (ઉદય સ્ટેશનરી માર્ટ)
- **માધાપર**
  હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪
- **સાબરકાંઠા**
  દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** gnyatisetu@gmail.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી



હાલમાં લેવાયેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા સમાજના સર્વે વિદ્યાર્થી ભાઈ-બહેનોને હાર્દિક અભિનંદન અને ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી માટે શુભ કામના. કારકિર્દી માટે યોગ્ય રાહની પસંદગી મુંઝવણ ભરેલ હોય છે. પૂરતી સમજ ન હોવાને કારણે, આગળ અભ્યાસ માટે કઈ લાઈન પસંદ કરવી એ વિદ્યાર્થી અને વાલી માટે મુશ્કેલ પ્રશ્ન બની જાય છે. વિવિધ શૈક્ષણિક લાઈનમાંથી વિદ્યાર્થીને જે વિષયમાં રૂચિ હોય તેવી લાઈન પસંદ કરવા માટે નિષ્ણાતોનું માર્ગદર્શન જરૂરી બને છે. ગત વર્ષમાં ભુજ ખાતે સમાજના નિષ્ણાત તજજ્ઞો દ્વારા નિઃસ્વાર્થભાવે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાની પ્રસંશનીય પહેલ થઈ હતી.

શિક્ષણ ઉપરાંત કલા અને સાહિત્ય વ્યક્તિના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કલા સાધના, એક ઉપાસના સમાન છે. તાજેતરમાં અમદાવાદના ટાગોર હોલ ખાતે સાતમા ધોરણમાં અભ્યાસ કરતી સમાજની દીકરી કુ. કશીશની લાંબી નૃત્ય સાધના બાદ 'આરંગેત્રમ્' યોજાયેલ, જે સમાજમાં કલા - સાધના માટે કેળવાઈ રહેલ રૂચિનું દ્યોતક બની રહેલ છે. આ અંગેની વિગત આ અંકમાં લેવામાં આવેલ છે.

સમાજના સર્વાંગી વિકાસ માટે વિવિધ સામાજીક સંસ્થાઓ વચ્ચેનું સંકલન મહત્ત્વનું બની રહે છે. સમાન હેતુ માટે કાર્ય કરતી સંસ્થાઓ એકમેક સાથે સહકારની ભાવનાથી કાર્ય કરે તો સુંદર પરિણામ લાવી શકે છે. તાજેતરમાં રચાયેલ સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની કારોબારીમાં આપણા સમાજનું પ્રતિનિધિત્વ વધ્યું છે.

આગામી સપ્ટેમ્બર માસમાં રાયપુર ખાતે સમસ્ત સમાજના પદાધિકારીઓનું સંમેલન તેમજ પરિચય મેળાનું આયોજન થઈ રહેલ છે. સામાજીક એકતા માટે મહત્ત્વના આ કાર્યક્રમના આયોજન માટે શુભ કામના.

**– અતુલ સોની**

શ્રીરામ શર્મા આચાર્ય

## પવિત્ર જીવન

ગાયત્રી મહામંત્રનો બારમો અક્ષર 'વ' માનવીને પવિત્ર જીવન જીવવાની શિખામણ આપે છે.

*વસ નિત્યં પવિત્રઃ સન્ બાહ્યાભ્યન્તરતસ્તથા ।*
*યતઃ પવિત્રતાયાં હિ રાજતેઽતિપ્રસન્નતા ॥*

એટલે કે માનવીએ બહારથી અને અંદરથી પવિત્ર રહેવું જોઈએ કારણકે પવિત્રતામાં જ પ્રસન્નતા સમાયેલી છે.

પવિત્રતામાં જ મનની તાજગી, ઠંડક, શાંતિ, નિશ્ચિંતતા, પ્રતિષ્ઠા અને સચ્ચાઈ છુપાયેલાં છે. કચરો, મેલ, વિકાર, પાપ, ગંદકી, દુર્ગંધ, સડો, અવ્યવસ્થા વગેરેથી માનવીનું આંતરિક હલકટપણું છતું થાય છે.

આળસ અને ગરીબી, પાપ અને પતન જ્યાં રહે છે ત્યાં મલીનતા કે ગંદકી હોય છે. જે આવા સ્વભાવના હોય છે તેમનાં કપડાં, ઘર, સામાન, શરીર, મન, વ્યવહાર, ભાષા, લેવડદેવડ બધામાં ગંદકી અને અવ્યવસ્થા ભરેલી હોય છે. આનાથી ઊલટું, જ્યાં ચૈતન્ય, જાગરૂકતા, સુરુચિ, સાત્ત્વિકતા વગેરે હશે ત્યાં સૌ પ્રથમ સ્વચ્છતાને અગત્યતા આપવામાં આવતી હશે. સફાઈ, સાદગી અને સુવ્યવસ્થામાં જ સૌંદર્ય છે. તેને જ પવિત્રતા કહે છે.

ગંદા ખાતરથી ગુલાબનું સુંદર ફૂલ તૈયાર થાય છે. જેને ગંદકી સાફ કરવામાં સૂગ નથી તેને જ સૌંદર્યનો સાચો પૂજારી કહી શકાય. ગંદકીથી ચીડ ચડવી જોઈએ, પણ તે દૂર કરવા તત્પર રહેવું જોઈએ. આળસ અથવા ગંદકીની ટેવવાળા લોકો સામાન્ય રીતે પોતાને 'નવરાશ નથી મળતી' એ બહાના હેઠળ પોતાની કુટેવ છુપાવે છે.

પવિત્રતા એક આધ્યાત્મિક ગુણ છે. આત્મા સ્વભાવથી પવિત્ર અને સુંદર છે. એટલે આત્મપરાયણ વ્યક્તિના વિચાર, વ્યવહાર અને ચીજવસ્તુઓ સદાય સ્વચ્છ, સુઘડ અને સુંદર રહે છે. કોઈપણ રૂપે તેને ગંદકી ગમતી નથી. ગંદા વાતાવરણમાં તેનો દમ ઘુંટાય છે. એટલે તે સફાઈ માટે બીજાની મદદની રાહ જોયા વિના, પોતાની બધી વસ્તુઓને સ્વચ્છ બનાવવા પહેલેથી સમય ફાળવી લે છે.

પવિત્રતાના ઘણા ભેદ છે. સૌ પ્રથમ શરીરની સ્વચ્છતાનો ક્રમ આવે છે, જેમાં વસ્ત્રો અને રહેઠાણની ચોખ્ખાઈ પણ જરૂરી છે. બીજી સ્વચ્છતા માનસિક વિચારો અને ભાવનાઓની આવે છે. આજીવિકા, લેવડદેવડ વગેરેના શુદ્ધ વ્યવહારને શ્રેષ્ઠ ગુણ માનવામાં આવે છે. ત્રીજી પવિત્રતા વાતચીતના વિષયની, વ્યવહારિક વિષયની આવે છે. છેલ્લો ક્રમ આધ્યાત્મિક વિષયોની પવિત્રતાનો છે, જે સિવાય આપણાં કર્મ - ધર્મ નિરર્થક બની જાય છે. આ બધામાં શારીરિક અને માનસિક પવિત્રતા સાથે લોકોને વધારે નિસ્બત છે કારણકે તે હોવાથી બીજા વિષયોમાં આપોઆપ પવિત્ર ભાવો આવી જાય છે.

## સ્વચ્છતા દૈવી ગુણ છે

સ્વચ્છતા કે સફાઈ હકીકતમાં દૈવી ગુણ છે. અંગ્રેજીમાં એક કહેવત છે, જેનો અર્થ એ થાય છે કે સ્વચ્છતાથી રહેવું એ દેવત્વની નજીક રહેવા સમાન છે. જે સાફસૂફ રહે છે તે પોતાની રહેણીકરણી દ્વારા દેવત્વ પ્રગટ કરે છે. સફાઈથી સૌંદર્ય વધે છે અને સાવ સામાન્ય વસ્તુ પણ આકર્ષક દેખાય છે. સફાઈથી વસ્તુનું જીવન લંબાય છે, મશીનોની સાફસૂફીથી, અવારનવાર ઊંજણથી તેમની કાર્યશક્તિ લાંબો સમય ટકે છે.

જ્યારે કોઈ મશીનને સંપૂર્ણ ખોલી નાખી ઊંજણ કરવામાં આવે છે ત્યારે એકલી સફાઈ થતી નથી, પણ નાના નાના સ્પેરપાર્ટસને સાફ કરી, જરૂરી ઊંજણ મૂકી ગોઠવવામાં આવે છે અને મશીન ઘણું સારૂં ચાલે છે. જે દાગીના કર્કશ અવાજ કરતા હતા તે તેલના નજીવા ટીપાથી સરસ ચાલે છે, તેમની કાર્યક્ષમતા વધી જાય છે.

માનવ શરીરરૂપી મશીનની હાલત પણ આવી જ છે. આપણા શરીરમાં નાનામોટા અસંખ્ય અવયવો તથા ગ્રંથિઓ છે. આપણું શરીર મગજ, હૃદય, ફેફસાં, પેટ વગેરેથી બનેલું છે. આ અવયવો સતત ખોરાક પચાવી લોહી બનાવતા રહેતા હોવાથી તેમાં પણ કચરો જામી જાય છે. જીવનમાં પૈસા માટે આપણે શરીરને ઘણો બોજ આપીએ છીએ. આંખોની જ્યોતિ ધીમે ધીમે ક્ષીણ થતી જાય છે, ગાલ કરચલીઓવાળા બની જાય છે, દાંત પડી જાય છે, પાચનતંત્રની ગરબડ ઊભી થાય છે. આ બધા રોગો શરીરના વધુ પડતા ઘસારાના પરિણામે થાય છે. જો આપણે શરીરની આંતરિક અને બાહ્ય બંને પ્રકારની સફાઈનું ધ્યાન રાખીએ તો શરીર, મન તથા પ્રાણમાં નવી સ્ફૂર્તિ, નવી શક્તિ અને નવી પ્રેરણાનો સંચાર થતો જોવા મળશે.

આપણા દેશમાં જે તત્ત્વની મોટી ખામી છે તે છે 'સફાઈ'. સુવ્યવસ્થા અને સૌંદર્ય એના જ સંતાનો છે. લોકો પાસે માન, પ્રતિષ્ઠા તથા ઉત્સાહ છે પણ સ્વચ્છતા અને સુવ્યવસ્થાનો સદંતર અભાવ છે. દુકાનો, શેરીઓ, જાહેરસ્થળો, ભોજન, મીઠાઈનાં બજારોમાં એંઠવાડ, ગંદકી, માખીઓ, કાદવ, કચરો, વિષ્ટા વગેરે પડેલું જોઈ આપણી ખરાબ આદતો પર શરમ આવે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૧ ઉપર)**

## શિક્ષણના પ્રોત્સાહન માટે નોટબુક વિતરણ



ગત તા. ૨૨-૫-૨૦૧૬ના રોજ અમદાવાદ જ્ઞાતિની સામાન્ય સભા ટાગોર હોલ - પાલડી ખાતે યોજાયેલ. પ્રમુખશ્રી જયમીનભાઈ સોનીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સભામાં અતિથિ વિશેષ સ્થાને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના પૂર્વ પ્રમુખ શ્રી ગુણવંત ડેલાવાલા (રાજકોટ) તથા કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા ઉપસ્થિત રહેલ હતા. સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૫-૧૬ના હિસાબી અહેવાલને બહાલી આપવામાં આવેલ હતી. પ્રારંભમાં માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ મહેમાનોને આવકારતાં સમાજની પ્રવૃત્તિની માહિતી આપેલ.

અતિથિ વિશેષ શ્રી ગુણવંતભાઈ ડેલાવાલાએ વિવિધ ગોળ - ઘટકોમાં અલગ અલગ જીલ્લાઓમાં વસતા કંસારા સમાજના પરિવારોના વિકાસ માટે સામાજીક એકતાની જરૂરિયાત હોવાનું જણાવેલ. કચ્છી સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે અમદાવાદમાં વસતા અંદાજીત ૫૦૦૦ પરિવારો અને ૩૨ જેટલી જ્ઞાતિઓ - સમાજોને એક સાથે સાંકળવાનું કાર્ય શ્રી કચ્છી સમાજ - અમદાવાદ કરી રહેલ છે. શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલભાઈ સોની તથા શ્રી હંસરાજભાઈ કંસારાએ અગ્ર સ્થાને રહી કચ્છી સમાજ - અમદાવાદના વિકાસમાં આપેલ યોગદાનને બિરદાવતાં, સમાજના આગામી અષાઢી બીજ પ્રસંગે યોજનાર કાર્યક્રમની માહિતી આપેલ હતી.

અમદાવાદ જ્ઞાતિના તમામ વિદ્યાર્થીઓને જ્ઞાતિ મંડળ તરફથી નોટબુકોનું વિતરમ કરવામાં આવેલ. દરેક વિદ્યાર્થીઓને દસ દસ નોટબુક - ચોપડા આપવામાં આવેલ. નોટબુક વિતરણ માટે દાતા શ્રી કૌશિકભાઈ સાકરીયા તથા શ્રી જયેશભાઈ ઘડીયાળી તરફથી આર્થિક યોગદાન પ્રાપ્ત થયેલ. જેની નોંધ લઈ આભાર વ્યક્ત કરવામાં આવેલ.

પ્રમુખ શ્રી જયમીનભાઈ સોનીની દીકરી કશિશના આરંગેત્રમ કાર્યક્રમ બાદ યોજાયેલ સામાન્ય સભામાં પૂર્વપ્રમુખ અને જ્ઞાતિસેતુના ચેરમેન શ્રી મનુભાઈ કોટડિયાએ શ્રી જયમીનભાઈનું શાલ ઓઢાડી સન્માન કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા સર્વશ્રી પ્રશાંત બીજલાણી (ખજાનચી), જયેશભાઈ ઘડીયાળી (ઉપપ્રમુખ), રાજેન્દ્ર સોની, ગીરીશભાઈ સોની, નીલેશ રમેશભાઈ સોની, નરેન્દ્ર મગનલાલ સોની, રશ્મિનભાઈ સોની વગેરેએ વિશેષ યોગદાન આપેલ. ■

## અમદાવાદ જ્ઞાતિ ટ્રસ્ટના નવા બંધારણની રચના

અમદાવાદ જ્ઞાતિની ગત તા. ૬-૩-૨૦૧૬ના રોજ યોજાયેલ સામાન્ય સભામાં અમદાવાદ જ્ઞાતિના નવા બંધારણને ચર્ચા-વિચારણાના અંતે મંજૂર કરવામાં આવેલ. હાલમાં અમદાવાદ તથા ગાંધીનગરમાં જ્ઞાતિના ૧૧૫ પરિવારો વસે છે. અમદાવાદ જ્ઞાતિ મંડળ છેલ્લા ૧૪ વર્ષથી કાર્યરત છે. સમયાનુસાર બદલાતી જરૂરિયાતને ધ્યાનમાં લઈ સમાજનો વ્યાપ વધારવાના હેતુથી યોગ્ય સુધારા સાથે બંધારણને બહાલ કરવામાં આવેલ.

જ્ઞાતિ સમાજના સર્વાંગી ઉત્થાન અને સૌના સહકારથી કાર્ય કરવાના ઉમદા ઉદ્દેશ્ય સાથેના આ બંધારણમાં સમાજની એકતા વધે તે હેતુથી સંસ્થાના 'સભ્યપદ' બાબતે વિશેષ જોગવાઈ કરવામાં આવેલ છે. અમદાવાદ - ગાંધીનગર જીલ્લામાં વસતા તમામ પરિવારો માટે 'સામાન્ય સભ્યપદ' ઉપરાંત જ્ઞાતિમાં કે અન્યત્ર પરણેલ દીકરીઓ માટે 'સ્વજન સભ્યપદ' અને અમદાવાદ - ગાંધીનગર જીલ્લા સિવાયના જ્ઞાતિજનો માટે 'માનદ્ સભ્યપદ'ની વિશેષ જોગવાઈ કરવામાં આવેલ છે. નવા બંધારણ અંતર્ગત સમાજને જ્ઞાતિ ટ્રસ્ટ તરીકે રજિસ્ટ્રેશન કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. સામાન્ય સભામાં માનદ્ મંત્રી શ્રી અતુલ સોની દ્વારા રજૂ કરવામાં આવેલ બંધારણની ચર્ચામાં શ્રી તુલસીદાસ કંસારા, શ્રી નરેન્દ્રભાઈ સોની, શ્રી હસમુખ મહીચા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી હરીશભાઈ બુધ્ધભટ્ટી, શ્રી રાજેન્દ્રભાઈ સોની, શ્રી ગીરીશભાઈ સોની, શ્રી પ્રશાંત બીજલાણી, શ્રી જયેશભાઈ ઘડીયાળી વગેરે સભ્યોએ ભાગ લઈ ઉપયોગી સૂચનો કરેલ.

સંસ્થાના પ્રમુખ શ્રી જયમીનભાઈ સોનીએ સુંદર બંધારણ મંજૂર કરવા બદલ સર્વે સભ્યોનો આભાર માનેલ. ■

# કુ. કશીશનું આરંગેત્રમ – એક અલૌકિક અનુભૂતિ

**દિનેશ સોની - તલોદ**

તા. ૨૨-૫-૨૦૧૬ને રવિવારના રોજ ટાગોર હોલ - પાલડી, અમદાવાદને આંગણે મારૂ કંસારા સોની સમાજના બારમેડા પરિવારનો હૃદયસ્પર્શી પ્રસંગ યોજાઈ ગયો. ભારતીય નૃત્ય કલા જગતમાં અનમોલ કલા તરીકે અંકિત થયેલ ''આરંગેત્રમ''ની સાધના રજૂ કરતી કશીશ બારમેડાએ સ્વર્ગની અનુભૂતિ, હાજર રહેલા મહેમાનો તેમજ જ્ઞાતિજનોને કરાવી હતી. હિંદુ સંસ્કૃતિમાં આલેખાયેલું સ્વર્ગનું એક વર્ણન કશીશની આ કલાથી જાગૃત થયું હતું. જેમાં સ્વર્ગની શ્રેષ્ઠ નૃત્યાંગના મેનકાએ તપસ્વી ઋષિમુનિ વિશ્વામિત્રનું નૃત્યથી ધ્યાનભંગ કર્યું હતું તેવી રીતે કશીશની નૃત્યમાં રહેલી અખૂટ શક્તિ મંત્રોચ્ચારથી પણ વધારે તાકાતવન સાબિત થઈ હતી.





ફક્ત ધોરણ-૭માં અભ્યાસ કરતી ૧૩ વર્ષની ઉંમરે કશીશે જ્યારે ચલક ચલાણું કે પકડદાવ જેવી રમતો રમવાને બદલે નૃત્યમાં પારંગત બની તેનું બચપણ નૃત્યને સમર્પિત કરી દીધું હોય તેમ ભારત નાટ્યમની ગણેશ વંદના, અલ્લારીપુ, જતીશ્વરમ, ક્રિષ્નાસુદામા, વર્ણમ, નાગદમન, તિલ્લાના તથા મંગલમ્ દ્વારા હજારો વર્ષ પુરાણી સંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા.

અને આવું અલૌકિક અને અદ્ભુત નૃત્ય કશીશે ૯૦ મિનિટ સુધી રજૂ કરીને પૃથ્વી ઉપર સ્વર્ગનો અહેસાસ સૌને કરાવી હાજર સૌના હૃદયમાં પોતાનું સ્થાન અંકિત કરી મંત્રમુગ્ધ કરી દીધા હતા.

પિતા જયમીનભાઈ અને માતા અલ્પાબેને પુત્રી કશીશમાં દેવીશક્તિ જાણી હતી અને તેને ભરપૂર પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. પુત્ર હોવાની ખેવનાને ઝાંખી પાડી, આ પુત્રીએ માતા-પિતાના ભવોભવ સુધારી પોતાનું ઋણ અદા કરી રહી છે. પુત્રીરત્નમાં રહેલી આ કલા થકી મળેલા વિશેષ માન સન્માનથી તેના માતા-પિતા આ પ્રસંગે ભાવુક બની ગયા હતા અને કુદરતનો વિશેષ આભાર વ્યક્ત કરી રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખશ્રી અશોકભાઈ મહેતા તેમજ સમસ્ત મારૂ કંસારા સમાજના પ્રમુખ શ્રી ગુણવંતભાઈ ડેલાવાડા (રાજકોટવાળા)એ કશીશની આ નૃત્યકલાને બિરદાવી હતી તેમજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અગ્રણી શ્રી ભરત ઓઝા, શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદના અગ્રણી શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, કંસારા સમાજના અગ્રબણી શ્રી દિનેશભાઈ કંસારા (જય સીલ્વરવાળા) તથા સાબરકાંઠા જ્ઞાતિના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ મૈચા (ગાંધીનગરવાળા)એ કશીશને આ કલાક્ષેત્રે આગળ વધવા માટે આશીર્વાદ આપ્યા હતા.

અમદાવાદ જ્ઞાતિના અગ્રણી શ્રી મનુભાઈ કોટડિયા, અતુલભાઈ સોની, તુલસીદાસ કંસારા તથા રાજેશભાઈ બારમેડા (ધલવ જ્વેલર્સવાળા), ગીરીશભાઈ કે. બારમેડા, જયેશભાઈ ઘડીયાળી, પ્રશાંતભાઈ બીજલાણી તથા નખત્રાણાથી ખાસ ઉપસ્થિત રહેલા નખત્રાણા યુવા કાર્યકર શ્રી દીપક ગંગારામભાઈ કટ્ટાએ આ કાર્યક્રમને આપણા સમાજ માટે એક અનોખો કાર્યક્રમ ગણાવ્યો હતો.

'આરંગેત્રમ' એ રીધમ અને સંગીત ઉપર ધડકતું શાસ્ત્રીય નૃત્ય છે. કલાવૃંદ હોય તો જ તેની ઉપાસના ખીલી ઉઠે છે. નટ્ટુવાંગમ ઉપર ગુરૂશ્રી ચંદન ઠાકોર, ગુરૂશ્રીમતી નિરાલી ઠાકોર, વૉકલ ઉપર શ્રીમતી સિંધુ બલરાજ, મૃદંગમ ઉપર શ્રીનિવાસ રાઘવન, વાયોલીન ઉપર શ્રી પ્રેમકિશન મેમન તેમજ શંખ ઉપર શ્રી ધીરજભાઈ રાજયગુરૂ દ્વારા સંગીત પીરસાયું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા અતિથિ વિશેષશ્રીઓનું તેમજ અમદાવાદ જ્ઞાતિ તથા સાબરકાંઠા જ્ઞાતિના ઘણા સભ્યો કુટુંબ સાથે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા, તે સૌનું અમદાવાદ જ્ઞાતિ મંડળે ભાવભીનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે સૌ ભોજનનો આસ્વાદ માણી છૂટા પડ્યા હતા. ■



શાસ્ત્રીય નૃત્યની તાલીમ બાદ યોજાતા આરંગેત્રમ્ માં મુખ્યત્વે નીચેના શાસ્ત્રીય નૃત્યશૈલીનો સમાવેશ થાય છે :

**૧. ગણેશ વંદના**

**રાગ : મોહનમ્, તાલ : આદિ**

ગણેશ વિઘ્નહર્તા દેવાધિદેવ છે. માટે દરેક શુભ કાર્યની શરૂઆતમાં તેમની આરાધના કરવામાં આવે છે, તેમના આશીર્વાદ લેવામાં આવે છે. દેવતાઓની તૃષ્ટિ માટે, નર્તનના સંરક્ષણ માટે તેમજ ગુરૂએ આપેલી શિક્ષણની સિધ્ધિ માટે સર્વપ્રથમ રજૂ થાય છે વિઘ્નહર્તા દેવ ગણેશની સ્તુતિ.

**૨. અલારિપુ (તાલ : તિશ્રમ)**

ભરત નાટ્યમમાં આરંગેત્રમમાં શુધ્ધ નૃત્ય કૃતિ અલારિપુ કરવામાં આવે છે. આ પરંપરાગત નૃત્યમાં પ્રભુને આમંત્રિત કરવામાં આવે છે અને તેમની પાસે સફળતા માટે પ્રાર્થના કરવામાં આવે છે. અલારિપુ શબ્દનો અર્થ થાય છે પુષ્પનું ખીલવું, જેમાં ભગવાન, ગુરૂ અને પ્રેક્ષકોને દેવ માનીને કલાકાર અંજલી હસ્તથી નૃત્યની શરૂઆત કરે છે અને ધીરે ધીરે પ્રત્યે અંગનો નૃત્યમાં સમાવેશ કરતાં કરતાં નૃત્યકાર આ નૃત્યરૂપી પુષ્પ આરાધ્ય દેવ નટરાજના ચરણોમાં સમર્પિત કરે છે.

**૩. જતિસ્વરમ્ (રાગ : સાવેરી, તાલ : રૂપક)**

જેમાં જતિ એટલે નૃત્યના બોલ અને સ્વરમ્ એટલે સૂર. બંનેના સમન્વયથી રચાયેલ કૃતિને જતિસ્વરમ્ કહે છે આ શુધ્ધ નૃત્યનો પ્રકાર છે જેના દ્વારા નૃત્યકાર તાલ અને લય ઉપરનું પોતાનું પ્રભુત્વ દર્શાવે છે. આ નૃત્યમાં માથુ, હાથ અને પગના તાલને વધુ મહત્ત્વ અપાયું છે. જેના દ્વારા નૃત્યકારને દરેક મુદ્રાઓને વધુ સુંદર રીતે રજૂ કરવાની તક મળે છે.

**૪. કૃષ્ણ - સુદામા (રાગ : માલિકા, તાલ : ચતુશ્રમ)**

સાંદીપની ઋષિના આશ્રમમાં કૃષ્ણ - સુદામા રોકાયા અને ત્યારબાદ ઘણા વર્ષો પછી પાછા મળ્યા અને તે પ્રસંગોને યાદ કરે છે, તેને અહીં નાટ્યરૂપે દર્શાવવામાં આવે છે.

**૫. વર્ણમ્ (રાગ : કાફી, તાલ : આદિ)**

વર્ણમ્ એટલે વર્ણન. આ ભરત નાટ્યમની કૃતિ ખૂબ જ અટપટી અને કઠિન છે. જેમાં 'નૃત્ત' અને 'નૃત્ય' બંનેનો સમાવેશ થયો હોઈ સમયની દૃષ્ટિએ પણ સૌથી લાંબી આ કૃતિ નૃત્યકારની કસોટીરૂપ છે. વર્ણમ્ ના શબ્દો 'મુખડાની માયા લાગી રે' ભક્ત કવિયત્રી મીરાબાઈ રચિત કૃતિનાં હોય છે.

**૬. નાગદમન**

**રાગ : માલિકા, તાલ : મિશ્રચાપુ**

કૃષ્ણભક્ત કવિ શ્રી નરસિંહ મહેતાના પદ, ગુજરાતના ઘરે ઘરે પ્રભાતિયાના નામથી પ્રચલિત છે. આવા જ એક પદ ઉપર આ નૃત્યકૃતિની રચના થઈ છે. જેના શબ્દો છે 'જળકમળ છાંડી જાને બાળા.'

**૭. તિલાના**

**રાગ : હિંડોલમ્, તાલ : આદિ તિશ્રગતિ**

આ ઉમંગસભર કૃતિમાં વિલંબિત, મધ્ય અને દ્રુત એમ ત્રણેય લયને વિકસાવવામાં આવે છે. ઉત્તર હિંદુસ્તાની સંગીતમાં ઓળખાતા તરાના ઉપર તેની રચના થાય છે.તેમાં શિલ્પસમ આકર્ષક અંગભંગીઓની સુંદર ગૂંથણી કરવામાં આવે છે. તેના અંતમાં સાહિત્યનો પણ સમાવેશ કરવામાં આવે છે.

★ **મંગલમ**

નૃત્યકાર મંગલ ભાવના સાથે પ્રેક્ષકો, ગુરૂ અને સહાયકોનું અભિવાદન કરી ઋણ સ્વીકાર કરે છે અને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરે છે. ■

## MATRIMONIAL

*Name :*

**Meera Jayantilal Budhabhatti**



**Father's Name:**
Jayantilal Rayashibhai Budhbhatti

**Mother's Name:**
Pravinaben budhabhatti

**Address :** Kansara Bazar, Pirchowk, Bhuj-Kutch 370001

**Birth Date :** 6-8-1987 ■ **Time :** 10:55 am

**Birth Place :** Bhuj

**Height :** 5'3" ■ **Weight :** 47 Kgs.

**Education :** B.Com.

**Occupation :** Accountant

**Hobbies :** Reading, Music,cooking, Beautician

**Contact No. : 8866750370, 8866173766**


*સમસ્ત કંસારા સમાજ - ગુજરાત, એ ગુજરાત અને બહાર વસતાં કંસારા જ્ઞાતિનાં પરિવારોને સાંકળતી સંસ્થા છે. સંસ્થાના પૂર્વપ્રમુખ શ્રી ભરતભાઈ શેઠ (ઍડવોકેટ)ના જણાવ્યા અનુસાર, કંસારા સમાજના અંદાજીત ૪૫૦૦થી વધારે પરિવારો આ સંસ્થા સાથે જોડાયેલ છે. દરેક જીલ્લામાં વસતા સંસ્થાના સભ્યોની સંખ્યાના આધારે સમસ્ત કંસારા સમાજની કારોબારી સમિતિમાં પ્રતિનિધિત્વ આપવામાં આવે છે. હાલમાં રચાયેલ નૂતન કારોબારી સમિતિમાં કચ્છમાંથી શ્રી શિવલાલ શામજી મેવચા (અંજાર), શ્રી પ્રફુલ્લભાઈ કંસારા (નખત્રાણા) અને શ્રી અનિલભાઈ છત્રાળા (ભુજ) તેમજ અમદાવાદથી શ્રી અતુલ સોની અને શ્રી તુલસીદાસ કંસારાનો સમાવેશ થયેલ છે.*

*સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની તાજેતરમાં મળેલ સામાન્ય સભાનો અહેવાલ 'કંસારા ટાઈમ્સ'ના સૌજન્યથી પ્રસ્તુત છે.*

*– અતુલ સોની*

## સામાન્ય સભામાં નૂતન કારોબારીની રચના

તા. ૧૫-૫-૨૦૧૬ના રોજ મળેલ કારોબારી સભાની શરૂઆત શ્રીમતી ઉર્મિલાબેન પાવાગઢી, શ્રીમતી નીનાબેન તથા શ્રીમતી ઉષાબેન કંસારાની પ્રાર્થનાગીતથી કરવામાં આવી. ત્યાર પછી વિદાય લેતાં પ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળાએ સભાને સંબોધતા ત્રણ વર્ષમાં નવા નોંધાયેલ સભ્યો માટે અભિનંદન આપ્યા. સમાજના સંગઠન માટે ચૂંટણી કરતાં સર્વસંમતિ ઉપર ભાર મૂકતા, તેમના કાર્યકાળ દરમ્યાન તેમને મળેલ સહકાર બદલ સમગ્ર સમાજ અને કારોબારી સભ્યોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો. તેમના સમયગાળામાં તેમનાથી કોઈનાં દિલને દુઃખ થયું હોય તેના માટે અંતઃકરણપૂર્વક માફી માંગી. તેમની અગત્યની વાત એ હતી કે સંસ્થાની મજબૂતી સમયપાલન પર જ અવલંબે છે.



**શ્રી બટુકભાઈ કંસારા**
**નવનિયુક્ત પ્રમુખ**

શ્રી એમ.કે. માવાણીએ તેમના વક્તવ્ય પર ઓ.બી.સી.ની કાર્યવાહી ચાલુ રાખવા પર ભાર મૂકતા જણાવ્યું કે ઇ.બી.સી.થી મોટાભાગનાં ઘણા પ્રશ્નોનું નિરાકરણ આવશે, તેવી આશા વ્યક્ત કરી. અત્યાર સુધી ઓ.બી.સી.નાં મામલે દૂર રહેતા જ્ઞાતિજનોને આ કાર્યમાં જોડાવાનો પણ આગ્રહ કર્યો. તેમને જણાવ્યું કે આગળ જતા પાછળ પણ નજર કરવી જરૂરી છે તો જ મંઝીલ સુધી પહોંચી શકાય. બીજી ખાસ વાત એ જણાવી કે એન.આર.આઈ. જ્ઞાતિજનોએ આપણા આ કાર્યમાં જોડાવા પ્રયત્નો કરવા જોઈએ. આ ઉપરાંત અલગ અલગ ગોળ - ઘટકની માહિતી એકત્ર કરી તેની પણ જાણકારી મેળવવી જરૂરી છે.

તેમનો એવો પણ આગ્રહ હતો કે સંગઠનને મજબૂત કરવા ૨૦૧૯ સુધી ભંડોળ ભેગું કરવાનો એક લક્ષ્યાંક નક્કી કરવો જરૂરી છે. સમાજના અલગ અલગ પ્રશ્નો જેવા કે વેપારી / કારીગરો / યુવાનો / મહિલાઓના અને લગ્ન વિચ્છેદનાં પ્રશ્નો પર પણ આ સંગઠને રસ લેવો જોઈએ. કચ્છ જેવી દૂરની જગ્યાએથી આવેલ કારોબારી સભ્યોનાં આગમનને તેમણે આવકાર્યું.


કચ્છથી આવેલ કારોબારી સભ્યોને આવકારતાં શ્રી અતુલભાઈ સોનીએ સંગઠનનાં એકત્રીકરણમાં એકરૂપ થવા કચ્છનાં મિત્રોને આમંત્રણ પણ આપ્યું.


પછીના વક્તવ્યમાં શ્રી સુરેશભાઈ ગોરખીયાએ તેમના પ્રવચનમાં ઇ.બી.સી., સંગઠનની પ્રગતિ, શિક્ષણ તથા જ્ઞાતિમાં ગરીબો માટે મેડીક્લેઈમ મળી રહે તેવું આયોજન કરવા જણાવેલ.


નડિયાદથી આવેલ સી.કે. કંસારાએ જણાવ્યું કે ઓ.બી.સી.ની કાર્યવાહી ચાલુ રાખવી જોઈએ. ગૃહઉદ્યોગ (એટલે કે આપણા ઉદ્યોગને) લોન, સબસીડી કે બીજી આર્થિક મદદ મળી રહે તેવું આયોજન કરવું જોઈએ.

શ્રી ગુણવંતભાઈ ખાખીએ એક્શન માટે વહીવટી માળખું સક્રિય કરવાની જરૂરત પર ભાર મૂક્યો.

શ્રી બાબુલાલ કંસારાએ તેમના વક્તવ્યમાં જણાવ્યું કે, સંગઠનને વધુ મજબૂત કરવા તેમાં યુવાનો અને મહિલાઓનો સમાવેશ કરવો જરૂરી છે. આ માટે ધાતુ પરિવાર ટ્રસ્ટ અને મહિલા કલ્યાણી વિકાસ ટ્રસ્ટ આપણને ઘણા મદદરૂપ થઈ શકે તેમ છે. આ ઉપરાંત, સમાજનું કેન્દ્રીકરણ એટલે કે સંગઠન











**સમસ્ત કંસારા સમાજની કારોબારીમાં ચુંટાયેલ કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રતિનિધિઓ**

મજબૂત કરી સત્તાનું વિકેન્દ્રીકરણ કરવાની પણ જરૂર છે. સત્તાનું વિકેન્દ્રીકરણ સંગઠનની મજબૂતાઈ માટે જરૂરી છે.

ભરૂચનાં શ્રી રમેશભાઈ કંસારાએ કારીગરોની ચિંતા કરતા જણાવ્યું કે, કારીગરોનું એક લીસ્ટ તૈયાર કરવું જોઈએ. આ માટે ધાતુ પરિવાર ટ્રસ્ટ, એ આપણી પાસેની હાથવગી સંસ્થા છે જ.

શ્રી બળવંતભાઈ પાવાગઢીએ યુવા સંગઠનને મજબૂત કરવા ઉપરાંત સમૂહ લગ્નમાં થતી ઓછી સંખ્યા પ્રત્યે પણ ધ્યાન દોર્યું. આ ઉપરાંત કારોબારી - હોદ્દેદારોની ફોટા સાથેની બુકલેટ છાપવાનો અનુરોધ કર્યો. કારોબારી સભ્યોની સંખ્યા ૨૫ સભ્યે એકના બદલે ૩૦ સભ્યે એક કરવાની પણ ભલામણ કરી.

માણસાના શ્રી કનુભાઈ કંસારાએ ૧૫ વર્ષમાં થયેલ સંગઠનની પ્રગતિ પ્રત્યે નારાજગી વ્યક્ત કરતાં ભલામણ કરી કે, સંસ્થાને નુકસાન થાય તેવું કોઈ કાર્ય થવું જોઈએ નહીં. તેમણે જણાવ્યું કે, સરકારે જાહેર કરેલ ઇ.બી.સી. નીતિથી આપણને ખાસ લાભ થશે નહીં. તેથી ઓ.બી.સી.ની કાર્યવાહી ચાલુ રાખવી જોઈએ.

હસુભાઈ ખાખીએ જણાવ્યું કે, મેરેજ બ્યુરોમાં દરેક સભ્યો ૨ મેમ્બર લાવે તો મેરેજ બ્યુરોને વધુ વિસ્તૃત કરી શકાય. સરકારી યોજનાનો લાભ મળે તે દિશામાં કાર્યરત થવું જરૂરી છે.

આ ઉપરાંત શ્રી કિરણભાઈ ખાખી, શ્રી વિજયભાઈ કંસારા તથા વઢવાણના શ્રી અમિતભાઈ તથા બરોડાનાં શ્રી પાર્થ કંસારા તથા શ્રી રાજેશભાઈ અને ભરતભાઈ શેઠ તથા શ્રી શ્યામભાઈ કંસારા - પાટડી તથા શ્રી ઉપેન્દ્ર કલાઇગરે ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું કે, મેડીક્લેઈમ જરૂરી છે. ઓ.બી.સી.નાં મુદ્દે લડત જરૂરી છે. તેને અગ્રીમતા આપવી જોઈએ. આપણા સંગઠનમાં યુવાનોને સામેલ કરવા જરૂરી છે અને સમાજમાં ભંડોળ એકઠું કરવાનો લક્ષ્યાંક નક્કી કરવો જોઈએ. આ ઉપરાંત પ્રગતિ માટે સહમંત્રી - ઉપપ્રમુખ વગેરે હોદ્દેદારોએ મળીને સંગઠન માટે મંથન કરવું જરૂરી છે.

અંતમાં ચૂંટણી અધિકારી શ્રી ભરતભાઈ શેઠે ચૂંટણીની જાહેરાત કરી - પ્રક્રિયા શરૂ કરી. ચૂંટણીમાં હોદ્દેદારોની ચૂંટણી માટે પ્રમુખ - મંત્રી - ખજાનચીનાં અલગ અલગ બેલેટ પેપર તૈયાર કરી દરેક સભ્યને ચૂંટણીમાં ભાગ લેવાનો અનુરોધ કરી નિષ્પક્ષ ચૂંટણીની પ્રક્રિયાની કાર્યવાહી હાથ ધરી.

ગુપ્ત મતદાન કાર્ય પૂર્ણ થયા બાદ બપોરના જમણવાર માટે રીસેસ પાડવામાં આવેલ. જમણવારની કામગીરી પૂર્ણ થયા બાદ મતગણતરી કરી ચૂંટાયેલા ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવેલ.

પરિણામ આવતા, પ્રમુખ તરીકે શ્રી બટુકભાઈ કંસારા, મંત્રી તરીકે શ્રી મેહુલભાઈ ખાખી, ખજાનચી તરીકે શ્રી નિકુંજભાઈ કંસારા જાહેર કરવામાં આવેલ. આમ, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવામાં આવેલ. ■

## નખત્રાણામાં સેવાભાવી મહિલાનું નિધન

મહામંડળના સહમંત્રી અને ભાજપના અગ્રણી શ્રી હેમેન્દ્રભાઈ કંસારાના પત્ની તથા સેવાભાવી મહિલા **બીનાબેન કંસારા (ગુજરાતી)**નું અવસાન થતા નખત્રાણામાં શોક છવાયો હતો. સ્વ. બીનાબેન સરળ સ્વભાવ, સેવાભાવી તથા તેમના વિચારો મેગેઝિનમાં પ્રસિધ્ધ થતા હતા.

તેમની સ્મશાનયાત્રામાં નખત્રાણા કંસારા સોની સમાજના જ્ઞાતિ ભાઈઓ, વેપારીઓ, રાજકીય અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રાર્થનાસભામાં રાજકીય, સામાજીક, વિવિધ સંસ્થાઓ, સરકારી કર્મચારી, ધાર્મિક ગુરૂઓ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા, સાંસદ વિનોદભાઈ ચાવડા, પુષ્પદાનભાઈ ગઢવી, ધારાસભ્યો વગેરેએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ■

# મહિલા મંડળ - ભુજ

**રોહિણી ભરત બુધ્ધભટ્ટી - પ્રમુખ**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા તા. ૯-૫-૧૬થી તા. ૧૩-૫-૧૬ સુધી ૩ વર્ષથી ૧૪ વર્ષના બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ્લે ૬૫ બાળકોએ ભાગ લીધેલ. સમગ્ર કાર્યક્રમમાં વિવિધ ગેમ્સ, મેજીક શો, ફેશન શો, રેમ્પ વૉક, ડી.જે. તેમજ આઉટીંગ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ. ચેરપર્સન તરીકે ખુશાલીબેન એસ. બુધ્ધભટ્ટી, કીમ છત્રાળા, જયશ્રીબેન છત્રાળા, પ્રીતિબેન બગ્ગાએ કામગીરી નિભાવી હતી. દરરોજ મંડળનાં સભ્યો તરફથી બાળકોને નાસ્તો તેમજ કોલ્ડ ડ્રિંક્સ આપવામાં આવતા હતા.





ફેશન શો તેમજ રેમ્પ વૉકમાં બાળકોની માતાઓએ પણ લગ્નવાડી મધ્યે ઉપસ્થિત રહી બાળકોનો તેમજ મહિલા મંડળનો જુસ્સો વધાર્યો હતો. બાળકોમાં સમૂહમાં રહીને કામગીરી કરવી, એકબીજા સાથે સાયુજય કેળવવું વગેરે ધ્યેયને ધ્યાનમાં રાખીને આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

મંડળના સભ્યો ભાવનાબેન ચનાણી, નીલાબેન પોમલ, ભાવનાબેન બુધ્ધભટ્ટી, જયશ્રીબેન બુધ્ધભટ્ટી, ઈંદીરાબેન સોલંકી, જયશ્રીબેન છત્રાળા, અરૂણાબેન બુધ્ધભટ્ટી, જયેષ્ઠાબેન બારમેડા, રીટાબેન બુધ્ધભટ્ટી વગેરેએ પોતાની સેવાઓ આપી હતી. શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની તરફથી મંડળને દાન પ્રાપ્ત થયું હતું. જે બદલ મંડળ વતી પ્રમુખ શ્રીમતી રોહિણીબેન બુધ્ધભટ્ટીએ આભાર માન્યો હતો.

છેલ્લા દિવસે માતાઓએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે બાળકોમાં વિવિધ રમતો અંગે નોલેજ તેમજ શારીરિક કૌશલ્ય ખીલવી શકાય તેવા કાર્યક્રમો યોજવા બદલ મહિલા મંડળના દરેક સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

લગ્ન વાડીમાં સમગ્ર કાર્યક્રમ યોજવાની સંમતિ આપવા બદલ જ્ઞાતિ પ્રમુખ શ્રી દિલીપભાઈ બગ્ગાનો આભાર માનવામાં આવ્યો હતો. અંતિમ દિવસે સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બાળકોને આવા કાર્યક્રમો અંગેના મંતવ્યો માંગવામાં આવ્યા હતા. તેઓએ પણ પ્રત્યુત્તરમાં ખુશી વ્યક્ત કરી હતી અને આઉટીંગ વધુ રાખવાનો આગ્રહ રાખ્યો હતો.

અંતમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રોહિણીબેન બુધ્ધભટ્ટીએ આભારવિધિ સાથે કાર્યક્રમને સંપૂર્ણ થયેલ જાહેર કરતાં નામી - અનામી ભાઈ-બહેનોનો આભાર માન્યો હતો.

## કાવ્ય : અભિનંદન

*ગુજરાત તને અભિનંદન!*
*ગુજરાતીની ગૌરવથી આ ધરા બની નંદનવન*
*વેદકાળથી વહે નિરંતર જ્ઞાનભક્તિની ધારા,*
*દસે દિશાઓ રક્ષે દેવો, નરનારી અહીં ન્યારા;*
*તું સોમનાથનું બીલીપત્ર, તું હાટકેશનું ચંદન!*
*ધરતીકંપમાં ઊભો રહ્યો તું અડિખમ માણસ,*
*દુષ્કાળોની દારુણ ક્ષણમાં સતત ધબકતો માણસ,*
*સરળ સહજ થઈ સંભાળ્યું તે આંસીભીનું ક્રંદન!*
*અભિનંદન, ગુજરાત તને અભિનંદન.*
*કમ્પ્યુટરમાં કૃષ્ણ નિહાળે*
*ગરબે અંબા રમતી*
*દેશ વિદેશ વેબસાઈટમાં*
*વિસ્તરતી ગુજરાતી - ગુજરાતી વિસ્તરતી*
*સમૂહ જીવનમાં સૌની સાથે વહેંચે કેવા સ્પંદન!*
*અભિનંદન, ગુજરાત તને અભિનંદન.*

***જેમીની કલ્પેશકુમાર સોની - મમાયમોરા (માંડવી)***

# મહિલા મંડળ - મુંબઈ

**પારૂલબેન બુધ્ધભટ્ટી**

## પરિવર્તન જ પ્રકૃતિનો નિયમ છે

સમય જેમ બદલાય છે તેમ આપણને નવા પરિવર્તનો જોવા મળે છે અને તેમાંથી આપણને ઘણું શીખવા મળે છે. શીખવાની ભાવના, પોતાની હીડન ટેલેન્ટને બહાર કાઢી, જ્ઞાતિનો અને પોતાનું પણ ડેવલપમેન્ટ કરવાની ભાવના રાખી જો બધા જ આગળ આવી કાંઈક કરી બતાવે તો આપણી જ્ઞાતિમાં પોઝીટીવ બદલાવ જરૂર આવશે. મુંબઈમાં ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૬ના દિવસે મુંબઈ મહિલા મંડળના પ્રમુખની ચૂંટણી થઈ હતી. જેમાં શ્રીમતી પારૂલ જયંત બુધ્ધભટ્ટી પ્રમુખ તરીકે ચુંટાયા. મુંબઈ મહિલા મંડળની નવી કમિટીની રચના કરવામાં આવેલ છે.

*પ્રમુખ* : પારૂલબેન બુધ્ધભટ્ટી

*ઉપપ્રમુખ* : શોભનાબેન બારમેડા

*મંત્રી* : કામિનીબેન બીજલાની

*સહમંત્રી* : સુષ્માબેન બારમેડા

*ખજાનચી* : સંગીતાબેન બુધ્ધભટ્ટી

*સહ ખજાનચી* : કાજલબેન બુધ્ધભટ્ટી

*સાંસ્કૃતિક મેનેજમેન્ટ* : કવિતાબેન ઝવેરી અને ભારતીબેન ઝવેરી

*પોસ્ટલ એડ્રેસ* :

B-29, Bhagat Estate,
Vallabh Baug Cross Lane,
Opp. Tip Top Farsan, Ghatkopar (E),
Mumbai-400 077.
Contact No.: 9819008134, 9819333225



**પારૂલબેન બુધ્ધભટ્ટી**
**પ્રમુખ**



**શોભનાબેન બારમેડા**
**ઉપપ્રમુખ**



**સુષ્માબેન બારમેડા**
**સહમંત્રી**



**સંગીતાબેન બુધ્ધભટ્ટી**
**ખજાનચી**



**કાજલબેન બુધ્ધભટ્ટી**
**સહ ખજાનચી**



**કવિતાબેન ઝવેરી**
**સાંસ્કૃતિક મેનેજમેન્ટ**



**ભારતીબેન ઝવેરી**
**સાંસ્કૃતિક મેનેજમેન્ટ**

## પવિત્ર જીવન

**(અનુસંધાન : પાના નં.-૪ ઉપરથી ચાલુ)**

લોકો મોટી મોટી ધર્મશાળાઓ બનાવે છે, પણ તેમાં સફાઈનું ધ્યાન રાખતા નથી. સંડાસ અને ગટરો પાછળ પૈસા ખર્ચતા નથી. જાહેર સંડાસમાં સભ્ય વ્યક્તિઓને જતાં શરમ આવે તેવું હોય છે. સફાઈ કામદારો ફરજપાલન કરતા નથી. અધિકારીઓ નિરીક્ષણ બાબતે બેદરકાર છે. સંડાસનું સાવ ખરાબ સ્વરૂપ તો રેલવે સ્ટેશનો પર અને રેલગાડીઓના ડબ્બાઓમાં જોવા મળે છે. જેટલું મોટું શહેર હોય તેની શેરીઓમાં એટલું જ અંધારું, દુર્ગંધ અને ગંદકી જોવા મળે છે.

સફાઈ એક સાર્વજનિક ટેવ છે. આપણે ભારતીયોને આપણી સાર્વજનિક ગંદકી પર શરમ આવવી જોઈએ. બીજા દેશોમાં સફાઈ પ્રત્યે વિશેષ ધ્યાન આપવામાં આવે છે. સરકાર પૂરતાં નાણાં ખર્ચે છે, નગરપાલિકા તથા પંચાયતો ખાસ ધ્યાન આપે છે, પ્રત્યેક નાગરિક સાર્વજનિક સ્વચ્છતા માટે તત્પર હોય છે, જ્યારે આપણે ત્યાં આ બાબતે ભયંકર અવગણના કરવામાં આવે છે. નાગરિકો, ખાસ કરીને ગામડાંના લોકો અને મહિલાઓ એટલા બધાં પછાત છે કે તે જ્યાં જ્યાં જાય છે ત્યાં સાર્વજનિક સ્થળો ગંદાં કરી મૂકે છે. કચરો રસ્તા પર ફેંકવામાં આવે છે. કેળા, નારંગી, શાકબાજીનાં છોતરાં રસ્તા પર જ નાખવામાં આવે છે અને કેટલાય લોકોને લપસી પડવાથી ઈજા થાય છે. સિનેમાગૃહોમાં મગફળીનાં છોતરાં, બીડી-સિગારેટનાં ઠૂંઠાં, પાનની પિચકારીઓ જ્યાં ત્યાં જોવા મળે છે. રેલવે સ્ટેશનોને અવારનવાર સફાઈ કામદારો દ્વારા સાફસૂફ રખાય છે, છતાં ગંદકી જામેલી રહે છે. આ બધી બાબતો આપણી ગંદકી સૂચવે છે. આપણે આ ટેવો માટે શરમાવું જોઈએ.

***સૌજન્ય : "પવિત્ર જીવન"***

**જવાબો :** (૧) C, (૨) A, (૩) D, (૪) A, (૫) B, (૬) A, (૭) B, (૮) A, (૯) C, (૧૦) D, (૧૧) B, (૧૨) A, (૧૩) C, (૧૪) B, (૧૫) D, (૧૬) C, (૧૭) C, (૧૮) C, (૧૯) D, (૨૦) D, (૨૧) B, (૨૨) B, (૨૩) C, (૨૪) A, (૨૫) C.

# રાયપુર મહિલા મંડળ

શ્રીમતી કિરણબેન બારમેડા - સચિવ

## હોળી મિલન પ્રસંગે મહિલાઓનો ફેશન શો

"સમયની સાથે આવનાર પરિવર્તનોનો સ્વીકાર કરી આગળ વધવું એ જ પ્રગતિશીલ સમાજની નિશાની છે."

રાયપુર મહિલા મંડળ પણ આ જ વિચારધારાની સાથે સમાજની મહિલાઓના વિકાસ અને પ્રગતિ માટે હંમેશા પ્રયાસરત હોય છે. એ જ પ્રયાસરૂપે શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુરના મહિલા મંડળ દ્વારા તા. ૭-૪-૨૦૧૬ ગુરૂવારના રોજ "હોળી મિલન" કાર્યક્રમના અંતર્ગત ફૂલોની હોળી, મહિલાઓનો ફેશન શો, બાળકો માટે ખુરશી દોડ, તંબોલા અને અંતે પુરસ્કાર વિતરણ અને અલ્પાહારના કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.



સમગ્ર દેશની મહિલાઓ આજે દરેક ક્ષેત્ર અને કાર્યમાં પ્રગતિ કરી રહી છે ત્યારે આપણા સમાજની મહિલાઓ પણ નવી વિચારધારાને અપનાવી સમયની સાથે કદમ - તાલ મિલાવીને ચાલે એવા વિચારો સાથે મહિલા મંડળ અધ્યક્ષ શ્રીમતી ઉર્મિલાબેન વિનોદભાઈ પોમલ દ્વારા ફેશન શોમાં કેટવૉક કરવાનો એક નાનો પ્રયાસ કરવામાં આવ્યો, જેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો.

કાર્યક્રમના પ્રમુખ ભાગરૂપે દરેક મહિલાએ ફેશન શો માં કેટવોક કરવાનું હતું. જેમાં બહોળી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૬ પ્રતિયોગીઓએ પ્રભાવશાળી વ્યક્તિત્વ અને પૂર્ણ આત્મવિશ્વાસના ધોરણે સેમિ ફાઈનલ રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

એ પછી દરેક પ્રતિયોગીને સામાન્ય જ્ઞાનના સવાલો પૂછવામાં આવ્યા હતા. જેના દરેક પ્રતિયોગીએ ખૂબ જ સરસ જવાબો આપ્યા.

અંતે ૩ ફાઈનલ પ્રતિયોગીઓની પસંદગી કરાઈ જેમાં :

*વિનર* : શ્રીમતી શિવાંગીબેન પંકજભાઈ પોમલ

*ફર્સ્ટ રનર અપ* : શ્રીમતી પાયલબેન જયેશભાઈ પોમલ

*સેકન્ડ રનર અપ* : કુ. હેતલ નરેન્દ્રભાઈ બારમેડા

એ સ્થાન પ્રાપ્ત કર્યું.

ફેશન શો માં કાર્યકારીણી સદસ્યો માટે પણ અલગથી કેટવોકની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં :

*વિનર* : શ્રીમતી યોગીતાબેન મયૂરભાઈ બારમેડા

*ફર્સ્ટ રનર અપ* : શ્રીમતી વંદનાબેન હિતેશભાઈ પોમલે

સ્થાન પ્રાપ્ત કર્યું.

ફેશન શોના જ ભાગરૂપે કુ. નેન્સી બારમેડા અને કુ. મીનલ બારમેડા વચ્ચે ડાન્સ કોમ્પિટીશન કરવામાં આવી. જેમાં કુ. મીનલ બારમેડા વિનર રહી.

ફેશન શો ના બંને જજ શ્રીમતી વિનીતાબેન વાઢેર (મંત્રી) અને લીલા મોહન આંટી (LL.B.) — બંનેની કાર્યક્રમને સફળ બનાવવામાં ખાસ ભૂમિકા રહી હતી.

કાર્યક્રમના જજમેન્ટ દરમિયાન થયેલ બાળકોની ખુરશી દોડ રમતમાં પ્રથમ સ્થાન : કુ. નંદીની બારમેડા અને દ્વિતીય સ્થાન : કુ. પૂજા પોમલે પ્રાપ્ત કર્યું.

કાર્યક્રમ દરમિયાન ફૂલોની હોળી અને ગુલાલ ટીકો કરીને મહિલા મંડળ પ્રમુખ ઉર્મિલાબેન અને સચિવ કિરણબેન દ્વારા કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કરાયું હતું.

અંતે પુરસ્કાર વિતરણ અને અલ્પાહારનો કાર્યક્રમ હતો. જેમાં ફેશન શો ના વિનર્સને તાજની સાથે પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં સચિવ કિરણબેન બારમેડાને શ્રીમતી પાયલબેન પોમલ અને શ્રીમતી વંદનાબેન પોમલનો સહકાર સાંપડ્યો.

ભુજના શ્રીમતી યશવંતીબેન રમેશભાઈ બુધ્ધભટ્ટીએ પણ કેટવોક કર્યું અને પ્રથમ ૬ પ્રતિયોગીઓમાં સ્થાન મેળવ્યું હતું. મહિલા મંડળને ફેશન શો ના કાર્યક્રમ બદલ અભિનંદન આપી ઉત્સાહવર્ધન કર્યું.

દરેક મહિલાઓએ કાર્યક્રમને ખૂબ ઍન્જોય કર્યું અને ઉત્સાહ અને આનંદપૂર્વક આવકાર્યો. એ માટે કાર્યક્રમમાં ભાગ લેનાર કાર્યકારીણી સદસ્યો અને દરેક મહિલા સભ્યોનો સાથ - સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવા બદલ ખૂબ ખૂબ આભાર. ■

# આપણા પરિવારો : મણકો-૧૩ : હરિતસ ગોત્રના બીજલાણી

તુલસીદાસ કંસારા




આપણે ૧૧મા મણકામાં અમદાવાદ અને ભુજના બીજલાણી ભાઈઓની વાત કરેલ. આ વખતે આપણે જાણીશું મુંબઈમાં વસતા શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - મુંબઈના પ્રમુખ તરીકે કાર્યરત છે એવા શ્રીમતી ચાંદનીબેન બીજલાણી વિશે. મુંબઈથી એક સ્નેહીએ ત્રણેક મહિના પહેલાં અમદાવાદની મુલાકાત લીધી, વાતચીતનો દોર ચાલ્યો સમાજની ચહલ પહલ વિશે. અને તેમણે વાતવાતમાં કહ્યું કે મુંબઈના જ્ઞાતિ મંડળની બાગડોર તો ચાંદનીબેન સંભાળે છે. ત્યારબાદ, ફેઈસબુક ઉપર એક મેસેજ મૂક્યો અને એક ટેલીફોનથી મળી માહિતી. ઇ-મેઇલના દોરથી પૂરક વિગતો મળી અને અહીં પ્રસ્તુત છે મુંબઈ મેટ્રોસીટીમાં આપણા સો-દોઢસો પરિવારોના મંડળનું પ્રમુખપદ શોભાવતા ચાંદનીબેન વિશેનું એક અનુસંધાન.



ઓક્ટોબર ૨૦૧૪માં પ્રમુખ તરીકે ચુંટાયેલ શ્રીમતી બીજલાણી, આપણે ત્યાંના મેઘપર ગામથી ધંધાર્થે ઝાંઝીબાર - ઈસ્ટ આફ્રિકા તરફ સ્થળાંતર કરી ગયેલ શરૂઆતના પરિવારોમાંના બારમેડા પરિવારની દીકરી થાય. તેમનો પરિવાર ત્યાં ચન્ના તરીકે ઓળખ ધરાવતો. તેમના દાદા શ્રી રામજી ચન્નાને પાંચ પુત્રો. જેમાં તેમના પિતાશ્રી ગોકલદાસ રામજી, મનજીભાઈ, રતિલાલભાઈ, ખેંગારભાઈ, જયશંકરભાઈ અને એક પુત્રી જયાબેન. જયાબેન અત્યારે લંડનમાં તેમના દીકરાના પરિવાર સાથે રહે છે. તેમના લગ્ન નડિયાદના પવાર પરિવારના મનેશચંદ્ર સાથે મેઘપર ગામ મધ્યે થયેલ અને વરરાજાને પરંપરાગત કચ્છી પાઘડી પહેરાવવામાં આવેલ, તે જોયાનું મને યાદ છે. જો કે ત્યારે મારી ઉંમર કદાચ પાંચ-છ વરસની હશે.

ભુજના મોતીલાલ માધવજી બીજલાણીનો પરિવાર માધુભાઈ બાટલીવાળા તેમજ મોતીલાલભાઈ ઘડીયાળી તરીકે જાણીતો જૂનો પરિવાર છે. આ માધવજી રામજી બીજલાણી વિશે આપણે જ્ઞાતિસેતુ ઓક્ટો.-નવે. ૨૦૧૫માં ૧૬૨માં પેજ ૫૨ લખેલ છે. મોતીલાલભાઈના ત્રણ પુત્રો શ્રી રવજીભાઈ, વ્રજલાલભાઈ અને અનિલભાઈમાંથી વ્રજલાલભાઈ મોરબીની એન્જીનીયરીંગ કોલેજમાંથી મિકેનિકલ એન્જીનીયર થયેલ અને નોકરીને કારણે ૧૯૭૧થી મુંબઈમાં વસવાટ કરેલ. આ પરિવારમાં શ્રી વ્રજલાલભાઈ સાથે ચાંદનીબેન લગ્નગ્રંથિથી જોડાયેલ. તેમણે હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ ટાંઝાનિયા - ઈસ્ટ આફ્રિકામાં કરેલ. તેમના બે સંતાનોમાં પુત્ર મયુર શુરે યુનિવર્સિટી - યુ.કે.થી એન્જીનીયરીંગ ગ્રેજ્યુએટછે. તેમના લગ્ન રાયપુર નિવાસી શ્રી બિપીનભાઈ બારમેડાની પુત્રી કોમલ સાથે થયેલ છે. ચાંદનીબેનની પુત્રી સપનાએ પણ ગ્રેજ્યુએશન કરેલ છે, જે રોયલ બેંક ઓફ સ્કોટલેન્ડ (લંડન)ના ફાઈનાન્સિયલ ક્રાઈમ યુનીટમાં રીસ્ક મેનેજર તરીકેની કામગીરી બજાવે છે. તેમના લગ્ન મૂળ નેરોબીના ભાવેન મુરારજી (પોમલ) સાથે કરેલ છે.

શ્રી વ્રજલાલભાઈના અવસાન બાદ પોતાના પરિવાર ઉપરાંત સામાજિક કાર્યોની ધગશને કારણે જ્ઞાતિનું પ્રમુખપદ પણ ચાંદનીબહેને સંભાળેલ છે. અત્યારે તેઓ એવોન નામની કોસ્મેટીક કંપનીના મેનેજરની જવાબદારી પણ પોતાના ઘેરથી જ ઓફિસનું કામ કરતાં કરતાં સુપેરે સંભાળે છે.

- **કશ્યપ ગોત્રના સોલંકી પરિવારો :**

ચાલો, આજે આપણે પરિચય કેળવીએ સોલંકી પરિવારની એક એવી બહેનનો, જે અમદાવાદની કેન્સર હોસ્પિટલમાં કચ્છથી આવતા દર્દીઓ તેમજ તેમના સગાવહાલાઓ માટે દીવાદાંડી સમાન રસ્તો દેખાડી ફ્લોરેન્સ નાઈટીંગલ જેવી સેવા બજાવી રહેલ છે.

કચ્છના અબડાસા તાલુકાના હેરીટેજ વિલેજ તેરા ગામના શ્રી હરિરામભાઈ સોની (સોલંકી)એ ૧૯૫૦માં નડિયાદના પાદરે આવેલ ઉત્તરસંડા ગામે વસવાટ કર્યો. તેમના દીકરી જ્યોતિકાએ પરંપરાગત સોની કામની ઢાળવાની પ્રક્રિયાને નજદીકથી નિહાળીને તેમાંથી સ્કલ્પચર આર્ટીસ્ટ બનવાની પ્રેરણા લીધી અને વલ્લભવિદ્યાનગર કલા કેન્દ્ર કૉલેજ ઓફ ફાઈન આર્ટસમાં અભ્યાસ કરી ઉચ્ચ અભ્યાસ માટે શિલ્પકળાનું ક્ષેત્ર પસંદ કર્યું. ૧૯૮૪માં અમદાવાદની કેન્સર હોસ્પિટલે સ્કલ્પચર આર્ટીસ્ટ માટે અરજીઓ મંગાવવાની જાહેરાત આપી. તેમના માતુશ્રી ત્યારે પરીચારિકા તરીકે સેવા આપતા હતા. તેમણે દીકરી માટે અરજી કરી. જ્યોતિકાબેનને નવાઈ લાગતી હતી કે સ્કલ્પચર આર્ટીસ્ટનું હોસ્પિટલમાં શું કામ હોઈ શકે? આમ છતાં તેમણે ઈન્ટરવ્યુ આપ્યો અને પાસ થઈ ગયા. ત્યારથી આ કલાકારની લાઈન બદલાઈ ગઈ. પિતાશ્રીના વ્યવસાય અને માતુશ્રીની સેવા વૃત્તિનું ગજબનું સંયોજન એટલે જ્યોતિકાબહેનને

મળેલ પરગજુપણાને દીપાવવાની અમૂલ્ય તક.

માટીકામ અને ધાતુમાંથી સ્કલ્પચર બનાવતાં બનાવતાં સીલીકોન અને રબ્બર જેવા પદાર્થોમાંથી, અમદાવાદની ખ્યાતનામ કેન્સર હોસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરોના સલાહ સૂચન અને પોતાની આત્મસુઝથી આગળ વધી, મનુષ્યની એનેટોમિનો અભ્યાસ કરીને શરીરના વિવિધ અંગો બનાવી, પ્લાટીક સર્જરીની મહત્ત્વની કામગીરી તેમના માટે રોજબરોજનું કાર્ય બની ગયું. આવી કુશળતા મેળવ્યા છતાં, પોતાના હોસ્પિટલના સંબંધોનો ઉપયોગ તેઓ તેમની સેવાવૃત્તિને કારણે કચ્છથી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવતા પોતાની જ્ઞાતિના કોઈપણ દર્દી કે તેમના સગાવહાલા કે અન્ય જ્ઞાતિની વ્યક્તિઓ માટે ત્યાંના કોઈપણ ડિપાર્ટમેન્ટમાં લઈ જવાથી કરીને યોગ્ય સારવારની ભલામણ કરવા તેઓ હંમેશાં તત્પર રહે છે. જ્યોતિકા બહેનનો આ પરોપકારી સ્વભાવ અને નિઃસ્વાર્થભાવ તેમને ન માત્ર એક કલાકાર તરીકે પરંતુ એક માનવ તરીકે પણ ઉચ્ચ કક્ષાએ મૂકે છે.

- **પરાશર ગોત્રના છત્રાળા :**

અમદાવાદ સ્થિત સમસ્ત કંસારા સમાજની ચૂંટણી ૧૫મી મે ના રોજ સંપન્ન થઈ. તેમના બંધારણ પ્રમાણે તેમના સભ્ય માત્ર વ્યક્તિગત ધોરણે જ બની શકાય છે. સભ્ય ફી ના રૂા. ૨૯૨/- અને એક જ શરત કે વ્યક્તિ કંસારા સમાજના કોઈપણ ઘટકનો હોવો જોઈએ. આપણા ગતિશીલ ગુજરાતમાં આવા એકાદ ડઝન ઘટકો છે. કચ્છમાં આ સમસ્તના ૯૬ સભ્યોના લીસ્ટમાંથી શ્રી અનિલભાઈ કેશવલાલ છત્રાળાની કારોબારીના સભ્ય તરીકે વરણી કરવામાં આવેલ છે. તેઓ મારૂ કંસારા સોની યુવક મંડળ - ભુજના પ્રમુખ સ્થાને જવાબદારી સંભાળી ચૂકેલ છે તેમજ ભુજ શહેરના રાજકારણમાં પણ ઉત્સાહથી ભાગ લે છે. આપણે અગાઉના અંકોમાં છત્રાળા પરિવારોની ચર્ચા કરી ગયેલ છીએ તેમાંના જેરામભાઈના પાંચ પુત્રોમાંથી શ્રી કેશવલાલભાઈ અને સુશીલાબેનના તેઓ પુત્ર થાય અને એસ.ટી.માં કેન્ટીન ચલાવતા હતા તે શ્રી જદુરામભાઈના ભાણેજ થાય છે. આ સમસ્તની કારોબારીમાં આ વખતે ત્રણ વરસની ટર્મ માટે શ્રી અનિલભાઈ ઉપરાંત નખત્રાણાથી શ્રી પ્રફુલ્લભાઈ ગુજરાતી અને અંજારથી શ્રી હરિલાલભાઈ સોનીની વરણી કરવામાં આવેલ છે.

- **ગૌતમ ગોત્રના બારમેડા :**

અંજાર તાલુકાના ખંભરા ગામથી જીવરામભાઈના પુત્ર શ્રી જેઠાલાલભાઈએ આજથી પિસ્તાલીસેક વરસો પહેલાં ધંધાર્થે સાબરકાંઠાની વાટ પકડી અને સ્થિર થયા તલોદ નામના ગામમાં. ત્યાં પોતીકો સોના-ચાંદીના વ્યવસાય શરૂ કરી અને પોતાના પરિવારને સ્વમાનપૂર્વક જીવી શકે તેવું આયોજન કરતા રહ્યા. તેમના લગ્ન બુધ્ધભટ્ટી પ્રેમજીભાઈ, જેઓ છેલ્લે અમદાવાદમાં ઘીકાંટા મુકામે સેટલ થયેલ, તેમની પાંચ દીકરીઓમાંથી લીલાબેન જોડે થયેલ. તેમના પુત્ર રત્નોમાં હાલે શ્રી રશ્મિનભાઈ, દિનેશભાઈ અને શૈલેષભાઈ તલોદમાં જ્વેલરી બિઝનેસ કરે છે જયારે જયમીનભાઈ, જેઓ હાલે શ્રી કચ્છી મારૂ કંસારા સોની મંડળના પ્રમુખ છે, તેઓએ એકવીસમી સદીની શરૂઆતથી અમદાવાદમાં સી.જી. રોડ જેવા પૉશ વિસ્તારમા જે.જે. જ્વેલર્સના નામે પેઢી શરૂ કરીને અહી જ વસવાટ કરવાનું શરૂ કરેલ છે.

શ્રી જયમીનભાઈના લગ્ન નખત્રાણા તાલુકાના મોટી વિરાણી ગામના સ્વ. ટી.ઓ. બુધ્ધભટ્ટી અને મૃદુલાબેનના પુત્રી અલ્પાબેન સાથે થયેલ છે અને તેમને ત્યા પુત્ર શાલીન તેમજ પુત્રી કશીશ નામે બે બાળકો છે. રવિવાર (૨૨ મે, ૨૦૧૬)ની હુંફાળી સાજે અમદાવાદના રીવરફ્રન્ટ પર આવેલ વિશાળ રવિન્દ્રનાથ ટાગોર ભવનમાં આપણી જ્ઞાતિના ભાઈ-બહેનોને ભેગા કરવાનો આનંદદાયક પ્રસંગ શ્રી જયમીનભાઈએ શોધ્યો. આ પ્રસંગ હતો તેમની હાઈસ્કૂલના પગથિયા ચઢતી દીકરીએ નાનપણથી જ પરિશ્રમ કરીને ભરત નાટ્યમમાં મેળવેલ નિપુણતાને દર્શાવતું, દબદબાપૂર્વકનું આરંગેત્રમ. આપણી સંસ્કૃતિમાં કન્યાઓને પણ કેટલું મહત્ત્વ આપવામાં આવતું હતું અને નાનપણથી જ કળાના માધ્યમ દ્વારા આપણા વેદપુરાણોની કથાઓને સંગીત અને નૃત્યમાં કેવી રીતે વણી લેવામાં આવતી હતી તેનો ખ્યાલ આ કશીશની તાલીમ અને સતત બે-ત્રણ કલાકના સોલો પરફોર્મન્સ પરથી આવે છે. આ હુંફાળી સાંજના, સાબરમતીના પટમાં નર્મદાના પાણી પરથી આવતી ભીની ભીની હવાની લહેરખીઓ સાથે જ્ઞાતિના પ્રીતિ ભોજનનો ટેસ્ટ ટાગોર ભવનના ખુલ્લા મેદાનમાં કંઈક ઓર જ હતો. ચિ. કશીશને વડીલો અને ગુરૂજનો સાથે સારીયે જ્ઞાતિજનોના આશિર્વાદ પ્રાપ્ત થયેલ છે અને આપણે સૌ ચિ. કશીશને તેની કળાની આરાધનામા દિન-પ્રતિદિન પ્રગતિ કરતી રહે તેવી શુભકામનાઓ પાઠવીએ. અમદાવાદના જ્ઞાતિ મંડળના ગઠનથી જ આ પરિવારના સ્વર્ગીય પિતાશ્રી જેઠાલાલભાઈનું યોગદાન પણ નોંધનીય રહેલ છે.

- **હેલ્થ ફર્સ્ટ :**

***મગજ જે વસ્તુની કલ્પના કરી શકે તેને તે પ્રાપ્ત પણ કરી શકે.***

*(ડબલ્યુ ક્લિમેન્ટ સ્ટોન (૧૯૦૨-૨૦૦૨))*


*The Secret = રહસ્ય નામના Rhonda Byrne ના પુસ્તકમાંથી.*

***દીપકની વાટમાં જ્યારે જ્યોત જલે છે ત્યારે તે જ્યોત કોડિયું સોનાનું છે કે માટીનું તે જોવા માટે નીચી નજર નથી કરતી.***

વ્યક્તિ વિશેષ

# અતીતના ઓથારમાં : સ્વ. મીઠુભાઈ ઘડિયાળી

**પ્રો. રસીકભાઈ મહીચ્છા**



આજથી લગભગ પાંસઠ વર્ષ પહેલાની આ વાત છે. માથે કાળી ટોપી, ગ્રે-રંગનું ખમીસ, સફેદ ધોતિયું અને જનોઈમાં લટકાવેલી દુકાનની ચાવી હલાવવા રજવાડી ચાલે આવતા કોઈ દેખાય તો સમજવું કે તે અંજારના પ્રખ્યાત ઘડિયાળી મીઠુભાઈ ઉર્ફે રવજી જીવરામ સોની છે. કંઈક અદનું અને વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવનાર મીઠુભાઈને અંજાર આખું ઓળખે. અંજારના શિવાજી રોડ પર હવેલી ફળિયાની સામે તેમની નાની અમથી ઘડિયાળ રીપેરીંગ કરવાની દુકાન હતી.

તે જમાનામાં રોમર, ફેવરલુબા, શેકોશા અને જાપાનીઝ ઘડિયાળ આવતા. શરૂઆત ખિસ્સા ઘડિયાળથી થઈ હતી. નગરશેઠ જેવા દરજ્જાના ખાનદાની શેઠ સાહેબ સોનાની ચેનમાં અને સોનાના કેઈસમાં મોટા ડાયલવાળા રેડિયમ કાંટાવાળા ઘડિયાળ કોટના ખિસ્સામાં લટકતા રાખીને કંઈક ખુમારી અનુભવતા! બહાર લટકતી ચેન-ફેશન ગણાતી. ત્યારબાદ કાંડા ઘડિયાળ એટલે કે રીસ્ટ વોચ નીકળ્યા. પરંતુ તે બધા ઘડિયાળોને દરરોજ ચાવી આપવી પડતી.

મીઠુભાઈ બધા જ પ્રકારના ઘડિયાળ રીપેર કરી જાણતા. તે વખતે ઘડિયાળ ઉપરનું કાચ તૈયાર ન મળતું. તેને પ્લાસ્ટિક શીટમાંથી કાપીને બનાવવું પડતું. તે માટે મીઠુભાઈએ એક નાનકડું લેથ મશીન જાતે બનાવ્યું હતું અને તેમાંથી ગોળાકાર કાચ અને ઘડિયાળના ચક્રોની ધરી ઉતારતા. આ લેથ મશીન સીલાઈ મશીનના પેડલથી ચલાવતા. ભુજના પ્રાગમહેલ પર લાગેલ અને દર પંદર મિનિટે મ્યુઝીક વગાડતા ટાવર ક્લોક પણ બાવાનું કહેણ આવતું, ત્યારે મીઠુભાઈ ભુજ રીપેર કરવા જતા.

એક વખત એવું બન્યું કે ખેંગારજી બાવાનું ચૂડી વાજુ બગડી ગયું. મીઠુભાઈને કહેણ આવ્યું અને ધોયેલા પણ અસ્ત્રી વગરના લાંબો કોટ અને કાળી ટોપી પહેરી ભુજ ગયા. ત્યાં ગ્રામોફોન તપાસ્યું તો ખબર પડી કે તેના સાઉન્ડ બોક્ષમાં ખરાબી છે. જર્મન કંપનીના સાઉન્ડ બોક્ષમાં અવાજ ઉત્પન્ન કરતી વાઈબ્રેટીંગ ફોઈલ ખરાબ થઈ ગઈ હતી. મીઠુભાઈએ બરાબર એવીજ ફોઈલ હાથે ઘડીને બનાવી દીધી અને બધાના આશ્ચર્ય વચ્ચે ગ્રામોફોન ચાલુ કરી દીધું. મીઠુભાઈની આ કારીગરી માટે બાવાએ સાડા બાવીસ કોરી ઈનામ આપ્યું અને તેમની સહીવાળું મોટું પ્રમાણપત્ર પણ આપ્યું. મીઠુભાઈને સંગીતનો શોખ હતો. તે વખતે એચ.એમ.વી. એટલે કે હિઝ માસ્ટર વોઈસનું ભૂંગળાવાળું ગ્રામોફોન ઘરે વસાવ્યું હતું. તેને ફેરવવા માટે ચાવી દેવી પડતી હતી. જેના પર સાયગલ અને સુરૈયાની રેકર્ડ સંભાળતા.

મીઠુભાઈએ પોતાની કારકિર્દીની શરૂઆત અંજારની સ્વ. પોમલ મગનલાલ કાનજીની પ્રખ્યાત સોના ચાંદીની પેઢીથી શરૂ કરી હતી. શ્રી મગનભાઈ બહુ પરગજુ ધાર્મિક સ્વભાવના માણસ હતા. તેઓ દેશતેડાવારા કહેવાતા અને તેમની ખૂબ જહોજલાલી હતી. તેમના પિતા શ્રી કાનજીભાઈ એક સંત પુરૂષ જેવા હતા. મીઠુભાઈ તેમના ખૂબ વિશ્વાસુ કારીગર હતા.

એક દિવસ મગનભાઈએ કહ્યું, "મીઠુ, તારા પાસે ટેકનિકલ આવડત છે અને અંજારમાં કોઈ ઘડિયાળ રીપેર કરવાવાળો નથી. માટે તું ઘડિયાળીની દુકાન નાખ."

બસ મગનભાઈની સલાહ માની હવેલી ફળિયા સામે દુકાન નાખી દીધી.

તે વખતે હવેલી ફળિયામાં વાડીવાળા હરિરામ સોની અને રામભાઈ સોની રહેતા હતા. હરિરામ સોની મીઠુભાઈના ખાસ મિત્ર હતા. વાડીએ જતા આવતા હરિરામ સોની દુકાને બેસતા અને ટોળટપ્પા કરતા. ક્યારેક વાડીમાં ખારીભાતની પાર્ટી કરતા.

મીઠુભાઈ આધ્યાત્મિક વ્યક્તિ હતા અને ધર્મગ્રંથોના ખાસ અભ્યાસુ હતા. તે જમાનામાં ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત થતું કલ્યાણ માસિક લવાજમ ભરી મંગાવતા. અંજારના હાલના પૂજનીય ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ અને મીઠુભાઈ ભેગા મળે ત્યારે અગમ નિગમની ધાર્મિક ચર્ચામાં કલાકો કાઢી નાખતા. મીઠુભાઈનું જીવન ખૂબ સાદું હતું. તેઓ ફરવાના અને તરવાના બહુ શોખીન હતા. અંજારના સવાસર નાકા બહારના અને ખેંગાસરના તળાવમાં ખૂબ તરતા.

મીઠુંભાઈને ચિત્રો અને સ્કેચ દોરવાનો બહુ શોખ હતો. જ્યારે નવરા પડે અને હાથમાં પેન્સિલ કાગળ આવી જાય તો વિવિધ કલાત્મક સ્કેચ દોરવા મંડી પડતા. હવેલી ફળિયામાં આવેલી હવેલીમાં દિવાળીના દિવસોમાં મંદિરની આજુબાજુની દીવાલ પર અવનવા રંગોથી સજાવેલી ઠાકોરજીની ઝાંખી દોરતા. તેમનું કૌટુંબિક જીવન સુખી હતું. તેમને ચાર

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૬ ઉપર)**

# ગંગટોક - સિક્કીમ


પ્રો. રસીકભાઈ મહીચ્છા

જો દાર્જીલિંગ જવાનો પ્રોગ્રામ બનાવો તો હિમાલયના પર્વતો પર વીંટાઈને વસેલા સિક્કીમ અને તેના પાટનગર ગંગટોક શહેરની મુલાકાત લેવાનું ભૂલશો નહિ. આમ તો સમગ્ર સિક્કીમ રાજ્ય લખલૂટ પ્રાકૃતિક સૌંદર્યથી ભરેલું છે અને તેને માણવા માટે ઓછામાં ઓછું એક અઠવાડિયાનો સમય તો જોઈએ. પરંતુ અમે તો દાર્જીલિંગ અને સિક્કીમ એમ બંને જોવા માટે માત્ર પાંચ દિવસ આપી શક્યા હતા. દાર્જીલિંગ જોયા બાદ ૨૬ મે, ૨૦૧૫ સિક્કીમના ગંગટોક શહેરની મુલાકાત લીધી હતી અને તેની સ્મૃતિ આજે તાજી કરીએ.

ભુજથી આલા હઝરત એક્સપ્રેસમાં દિલ્હી ગયા. નવી દિલ્હીથી પૂર્વોત્તર ક્રાંતિ એક્સપ્રેસ દ્વારા લગભગ છત્રીસ કલાકની મુસાફરી બાદ ન્યુ જલ્પાઈગુરી સ્ટેશને ઉતર્યા. અહીંથી દાર્જીલિંગ જવા માટે બસ પકડી. દાર્જીલિંગ પહોચતા લગભગ છએક કલાક લાગ્યા. દાર્જીલિંગ બે દિવસ રોકાઈને ગંગટોક જવા માટે પ્રાઈવેટ બસ લીધી. ગંગટોક પહોંચતાં આઠેક કલાક લાગ્યા.

પૂર્વીય હિમાલયની પર્વત શૃંખલામા નેપાળ, તિબેટ, ભૂતાન અને પશ્ચિમ બંગાળની વચ્ચે જાણે છુપાઈને બેઠેલ સિક્કીમ વિષે આપણે બહુ ઓછું જાણીએ છીએ. સિક્કીમ એ ભારતનું જ એક રાજ્ય છે. નેપાળ કે ભૂતાનની જેમ તે અલગ દેશ નથી. ૧૯૪૭માં ભારત જ્યારે સ્વતંત્ર થયું ત્યારે સિક્કીમમાં રાજાશાહી હતી. ભારતપરના અંગ્રેજી શાસનની અસર સિક્કીમ ઉપર બહુ પડી નથી. ભારતથી ચીન જવાનો માર્ગ કે જેને સિલ્ક રૂટ કહેવાય છે, તેના પર આવેલું સિક્કીમ તે જમાનામાં વ્યાપારનું એક અગત્યનું મથક ગણાતું હતું. ૧૮૪૦માં ગંગટોકમાં પ્રથમ એન્ચેય મોનાસ્ટ્રીની સ્થાપના કરવામાં આવી હતી. ૧૮૯૪માં સિક્કીમના યોગ્યાલ રાજવી થુતોબ નામગ્યાલે ગંગટોકને સિક્કીમની રાજધાની બનાવી ત્યારથી ગંગટોક તિબેટન બુધ્ધિસ્ટ સંસ્કૃતિનું એક પ્રખ્યાત કેન્દ્ર સ્થાપિત થયું. ૧૯૭૫માં સિક્કીમ ભારતીય સંઘ સાથે જોડાઈને ભારતનું ૨૨મું રાજ્ય બની ગયું.

સિક્કીમમાં ત્રણ પ્રજાતિઓ - મૂળ લોકો- લેપચા, લીંબાસ અને ભૂતિયા વસેલા છે. અલબત્ત હવે તો બંગાળી, મારવાડી, નેપાળી અને સિંધી લોકો પણ વ્યાપાર ધંધા માટે મોટી સંખ્યામાં વસી ગયેલા છે. સિક્કીમનું પાટનગર ગંગટોક આધુનિક અને વિકસેલું શહેર છે. પ્રવાસન પ્રવૃત્તિઓથી ધમધમતું મથક છે. અહીં સંખ્યાબંધ હોટેલો, રેસ્ટોરન્ટ, સિનેમાઘરો, માર્કેટ, બેન્કો આવેલા છે. ૫૪૧૦ ફૂટની ઊંચાઈ પર વસેલા આ શહેરની વસ્તી એક લાખની છે. ઊંચા પર્વત પર વસેલું હોવાથી તેનું નામ ગંગટોક એટલે કે શિખરની ટોચ એવું રાખ્યું છે. અહીં ભર ઉનાળામાં પણ ઠંડું વાતાવરણ રહે છે અને ઉષ્ણતામાનનો પારો કદી ૨૮°C થી વધતો નથી. તેથી મે - જુનની ગરમીમાં પ્રવાસીઓનો ધસારો સારો રહે છે.



*ગંગટોક શહેર*

સુંદર લીલાછમ પર્વતીય ઢોળાવો અને તેના પર છવાયેલ રંગબેરંગી ફૂલો, દૂરથી દેખાતા હિમાચ્છાદિત પર્વતોના શિખરો અને રમઝમ કરતા વહેતા ઝરણાઓ જોઈને આપણે કચ્છીઓ તો અવાચક થઈ જઈએ એવું બેનમુન વાતાવરણ અહીં જોવા અને માણવા મળે છે. કેમેરાથી કોઈપણ એન્ગલમાં ગમે તેમ ચાંપ દબાવો તો પણ સુંદર ફોટો પડે તેની ગેરંટી અહીંના લેન્ડસ્કેપની છે.

તેમાં પણ દૂરથી દેખાતા વિશ્વના ત્રીજા નંબરના સૌથી ઊંચા શિખર કંચનજંઘાનો નજારો તો કાંઈક ઓર જ છે. સવાર સાંજ દિવસ રાત સિક્કીમ અને ગંગટોકની જાણે રખેવાળી કરતા કંચનજંઘાનો પર્વત વિવિધ સ્વરૂપના દર્શન કરાવે છે.



*કંચન જંઘા*

અહીના સિક્કીમીઝ લોકો માટે કંચનજંઘા માત્ર એક હિમાલયનો પર્વત નથી પરંતુ અવિરત પ્રેરણાનું અપ્રતિમ સ્રોત છે, આરાધ્ય દેવ છે. નિર્વિવાદિત અને સર્વસ્વીકૃત સમ્રાટ છે. કંચન એટલે સુવર્ણ અને જોન્ધા એટલે પર્વતના દેવ કહેવાય છે. કંચનજંઘા શિખર વર્જીન પીક છે કારણ કે હજુ સુધી તેના પર કોઈ પર્વતારોહી આરોહણ કરી શક્યું નથી.




*નાથુલા પાસ*

ગંગટોકથી માત્ર ૫૦ કિ.મી. દૂર નાથુલા પાસ આવેલો છે અને ત્યાંથી ચીન અને તિબેટ જઈ શકાય છે. ભારત ચીનની ૧૯૬૨ની લડાઈ બાદ આ માર્ગ બંધ કરવામાં આવ્યો હતો. જેને હવે ૨૦૦૬માં ખોલી નાખવામાં આવ્યો છે. ગયા વર્ષથી કૈલાસ - માનસરોવર જવાનો ત્રીજો માર્ગ નાથુલા પાસથી ચાલુ કરવામાં આવ્યો છે. આ માર્ગ ગંગટોક અને સિક્કીમના અર્થતંત્રને મજબૂત બનાવશે. સિક્કીમ રાજ્ય સરકાર ગંગટોકથી તિબેટના લ્હાસા શહેર સુધી બસ સર્વિસની યોજના પણ આયોજન હેઠળ છે.


## ગંગટોકમાં મુલાકાત લેવા જેવા આકર્ષણો

### ૧. નામગ્યાસ ઇન્સ્ટિટ્યૂટ તિબેટોલોજી.

ગંગટોક બૌધ્ધ ધર્મના અભ્યાસ અને અધ્યયનનું મોટું કેન્દ્ર છે. અહીં મોટી સંખ્યામાં બૌધ્ધ મંદિરો એટલે કે મોનાસ્ત્રીઓ આવેલી છે. તદુપરાંત બૌધ્ધધર્મ અને તિબેટની કળા સંસ્કૃતિના અધ્યયન અને વિકાસ હેતુ સ્થાપવામાં આવેલી સુવિખ્યાત નામગ્યાલ ઈન્સ્ટિટ્યૂટ તિબેટોલોજી પણ અહીં આવેલી છે. ધર્મ અને સંસ્કૃતિના અભ્યાસુ અને જિજ્ઞાસુ માટે આ સંસ્થાની મુલાકાત લેવા જેવી છે. અહીં ૨૦૦થી પણ વધારે તિબેટન સંસ્કૃતિનું નિરૂપણ કરતી મૂર્તિઓ, અલભ્ય કલાત્મક અને કારીગરીથી બનાવેલા ચિત્રો અને ચટાઈઓ, હાથીદાંતની કોતરણીવાળી મૂર્તિઓ અને હસ્ત પ્રતોનો સંગ્રહ છે.

### ૨. ડૉ. દ્રુલ ચોર્ટેન :

રૂમ ટેક મોનાસ્ટ્રીના સંકુલમાં ડૉ. દ્રુલ ચોર્ટેનનો વિશાળ સ્તૂપ આવેલો છે અને તેની ચારેબાજુ ૧૦૮ ધર્મચક્રો આવેલા છે. દરેક ધર્મચક્ર પર ધાર્મિક સંજ્ઞાઓ સાથેનું લખાણ લખેલું હોય છે. જ્યારે તેની ધરી પર પ્રેયર વ્હીલ ફરે છે ત્યારે આપણી પ્રાર્થના થઈ જાય છે.



*ડૉ. દ્રુલ ચોર્ટેન*

### ૩. રૂમ ટેક મોનાસ્ટ્રી

સિક્કીમની આ સૌથી મોટી અને પ્રખ્યાત મોનાસ્ટ્રી ગણાય છે. તેમાં મોટી સંખ્યામાં બૌધ્ધ સાધુ-સંતો આવે છે અને ધાર્મિક ક્રિયાકાંડ અને પૂજા અર્પણ કરે છે. કર્માયા કાગ્યું વંશના બૌદ્ધ સાધુઓ અહીં રહેતા હોય છે. તેમાં ખૂબ જ સુંદર અને ભવ્ય સુવર્ણ સ્તૂપ મુકેલો છે. આ બૌધ્ધ મંદિરની સામે નાલંબા બૌધ્ધ વિશ્વવિદ્યાલય નામની બૌધ્ધ ધર્મના ઉચ્ચ અભ્યાસ માટેની કૉલેજ પણ છે.



*મોનાસ્ટ્રી બૌધ્ધ મંદિર*

### ૪. બાણ જાકરી ફોલ્સ

ગંગટોકથી ચારેક કિ.મી. દૂર આવેલા આ ધોધ અને એની આજુબાજુનો સુંદર અને પ્રાકૃતિક હરીયાળી વિસ્તાર

મનોરમ્ય છે. તે સરસ પિકનિક પોઈન્ટ છે.

### ૫. તાશી વ્યુ પોઈન્ટ

સિક્કીમના રાજા તાશી નામગ્યાલે બંધાવેલું તાશી વ્યુ પોઈન્ટ ગંગટોકથી ચાર કિ.મી. દૂર છે. અહીંથી હિમાલયની હિમાચ્છાદિત પર્વતમાળાઓનું સુંદર દશ્ય મળે છે અને કંચનજંઘાના શિખરો પણ સ્પષ્ટ જોઈ શકાય છે.

### ૬. ગણેશટોક અને હનુમાન ટોક

ગંગટોકમાં હિંદુ દેવી દેવતાઓના પણ ઘણા સુંદર મંદિરો છે. જેમાં ઉપરના પહાડી વિસ્તારમાં આવેલા ગણેશ અને હનુમાનના મંદિર ખૂબજ સુંદર છે. મોટા ભાગના ટુરીસ્ટ તેની મુલાકાત લે છે.

ગણેશટોક ગંગટોકથી સાત કિ.મી. દૂર એક ઊંચા શિખર પર આવેલું છે. ગણેશજીનું સરસ મંદિર છે. લગભગ ૬૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલ આ શિખર પરથી ગંગટોક શહેરનો પૅનોરોમિક વ્યુ જોવાની ખૂબ મજા આવે છે. અહીથી કંચનજંઘા પણ સરસ દેખાય છે. અહીં ટુરીસ્ટનો ખૂબ ધસારો રહે છે.

હનુમાન ટોક ગંગટોકથી નવ કિ.મી. દૂર છે અને તે ભારતીય લશ્કર હેઠળ સંચાલિત છે. તે પણ ૭૨૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું છે. ખૂબ એકાંત અને શીતલ વાતાવરણ પર આવેલું આ ધાર્મિક સ્થળ તન-મનને આધ્યાત્મિક શાંતિ આપે છે.

### ૭. ફૂલોનું પ્રદર્શન

સિક્કીમની આબોહવા ફૂલોની ખેતી માટે ખૂબ અનુકૂળ છે. તેથી અહીં ઑર્કિડ, રહોડોદેન્દ્રમ, ઝેનિયા જેવા અનેક પ્રકારના ફૂલોની ખેતી કરવામાં આવે છે. અહી ફ્લોરી કલ્ચરનું મોટું કેન્દ્ર છે. એક વિશાળ ગાર્ડનમા ફૂલોનું કાયમી પ્રદર્શન રાખવામાં આવેલું છે અને રંગબેરંગી અને વિવિધ આકારના અને સાઈઝના લગભગ બસ્સોથી પણ વધારે જાતના ફૂલોનું સૌંદર્ય માણ્યું. ફોટોગ્રાફી કરવાની ખૂબ મજા પડી.

### ૮. ગંગટોક સીટી માર્કેટ

ગંગટોક કોસ્મોપોલીટન સીટી છે અને દેશ-વિદેશના અનેક લોકો અહીં આવે છે. પર્વતારોહી અને ટ્રેકર્સ માટે તો સ્વર્ગ છે. ભારત ચીન વચ્ચેના ઐતિહાસિક સિલ્ક રૂટ પર આવેલું આ શહેર ચીન, તિબેટ, નેપાળ અને ભારત સાથેના વ્યાપારનું મુખ્ય મથક છે. શહેરમાં ફરવા માટે અહીંનો એમ.જી. રોડ પ્રખ્યાત છે. આ રોડ પર વાહનોને એન્ટ્રી નથી. બેન્કો, હોટેલો અને ખાણીપીણીના રેસ્ટોરન્ટ મોટી સંખ્યામાં આવેલા છે. આ રોડને છેડે આવેલ લાલ માર્કેટ શોપીંગ માટે સારૂં સ્થળ છે.

કમનસીબી એવી કે અમે ગંગટોક પહોંચ્યા અને હોટેલમાં સમાન મુકાવી, અમે આજુબાજુ ફરવા નીકળ્યા ત્યાંજ ધોધમાર વરસાદ ચાલુ થઈ ગયો અને તે સતત બે દિવસ રહ્યો. એટલે અમને હોટેલમા જ પુરાઈને રહેવું પડ્યું. ગંગટોક સાઈટ સીઈંગ ત્રીજા દિવસથી શરૂ શરૂ થઈ શક્યું. પરંતુ ખરાબ હવામાનને કારણે નાથુલા પાસ બંધ કરવામાં આવેલ હતો. એટલે અમેં નાથુલા પાસ જઈ શક્યા નહિ તેના અફસોસ અને ફરી બીજી વખત આવવું એવા વિચારો કરતા દિલ્હી પાછા આવી ગયા. ■

## સુંદર અક્ષરનું અનેરું મહત્ત્વ

સુંદર અક્ષરો કોને ન ગમે? સુંદર, સુવાચ્ય અક્ષરે લખાયેલું લખાણ વાંચવું સૌને ગમે. ગરબડિયા અને સાવ ઝીણા ઝીણા અક્ષરે લખેલું લખાણ વાંચવાનો કંટાળો આવે છે.

સુંદર અક્ષરનું વિશેષ મહત્ત્વ છે. વ્યક્તિને પરિચય તેના અક્ષરથી પણ થઈ શકે છે. જેના અક્ષર સારા હોય તે બધી બાબતોમાં વ્યવસ્થિત હોય છે. તેનાં પુસ્તકો વ્યવસ્થિત ગોઠવેલા હોય છે, તે દરેક કામમાં પણ ચોક્સાઈ રાખતો હોય છે. સુંદર અક્ષરો હાથનું ઘરેણું છે.

દરેક વિદ્યાર્થીના અક્ષર સારા કેમ નથી હોતા? નાના બાળકની આંગળીઓ ટેવાતી નથી, તે પહેલાં તો તેની પાસે મુળાક્ષરો, બારાક્ષરી કે એબીસીડી લખાવવાની શરૂઆત થઈ જાય છે! બાળકને દરેક અક્ષર લખવાની સાચી રીત શીખવવી જોઈએ. એના બદલે શરૂઆતથી જ લખવાનો બોજો વધારી દેવામાં આવે છે. બાળકને ઘરકામ પણ વધારે પડતું આપવામાં આવે છે.


નાના બાળકને તેની આંગળીઓ બરાબર ટેવાય નહીં ત્યાં સુધી અક્ષરલેખન શીખવવું જોઈએ. વળી દરેક અક્ષરનો ચોક્કસ મરોડ હોય છે. બાળકને તે રીતે જ લખતા શીખવવું જોઈએ. બાળક પાસે ડબલ લાઈન કે ચાર લાઈનની નોટબુકમાં જ લખવાનો મહાવરો કરાવવો જોઈએ. બાળક બરાબર લખતું ન થાય ત્યાં સુધી ઘરકામ આપવું જોઈએ નહીં. ઘરકામ પણ મર્યાદિત હોવું જોઈએ. બાળકને સારા અક્ષરનું મહત્ત્વ સમજાવવું જોઈએ. આથી આપણે સુંદર અક્ષરે જ લખવાનો દ્રઢ સંકલ્પ કરીએ.

*જેમીની કલ્પેશકુમાર સોની - મમાયમોરા (માંડવી)*

# કચ્છનો પ્રવાસ

નીરવ કલ્પેશકુમાર સોની - મમાયમોરા (માંડવી)

વિશાળ ભારતમાં અનેક દર્શનીય પ્રાંત છે. સૌનું પોતાનું મહત્ત્વ તેમજ સૌંદર્ય છે. ગુજરાત એનામાં એક અનોખું રાજ્ય છે. ગુજરાતનો એક વિશિષ્ટ જિલ્લો છે "કચ્છ". જે ગુજરાતનો અત્યંત રમણીય પ્રદેશ છે. યાત્રાળુઓ માટે કચ્છ આકર્ષણનું કેન્દ્ર છે. કચ્છનું પૌરાણિક મહત્ત્વ પણ ઓછું નથી. અનેક દર્શનીય સ્થાનોનાં વૈવિધ્યને કારણે તેને "મ્યુઝિયમ" કહી શકીએ છીએ.




*"શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત*
*ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારેમાસ."*

કચ્છમાં પ્રવેશ કરતાં જ રેગીસ્તાનના બે ભાગ જોવા મળે છે – એક નાનું રેગીસ્તાન અને બીજું મોટું રેગીસ્તાન. આ બંનેમાં રેગીસ્તાન જેવા કોઈ લક્ષણ જોવા મળતા નથી. રેત ક્યાંય નજર આવતી નથી. તેથી તે અનુઠા રેગીસ્તાન છે.

સામખિયાળીને આપણે કચ્છનું 'પ્રવેશદ્વાર' કહીએ છીએ. કચ્છની યાત્રા અહીંથી પ્રારંભ થાય છે. અહીંથી ઉત્તર દિશાથી યાત્રા પ્રારંભ થાય છે. રાપરથી ધોળાવીરા પહોંચતા જ આપણી પ્રાચીન સંસ્કૃતિ 'મોંહે-જો-દડો'નું સ્મરણ થઈ જાય છે. આ સ્થાન ૫,૦૦૦ વર્ષોના અવશેષોનું અંગ છે. આ પ્રાચીન નગરીના દર્શન કરીને આપણે ચકિત રહી જઈએ છીએ. આપણને પ્રાચીનતામાં આધુનિકતાના દર્શન થાય છે.

સામખિયાળીથી પશ્ચિમની યાત્રા કરીને ભચાઉ નજર આવે છે. ત્યાંથી ગાંધીધામ ઔદ્યોગિક કારખાનાઓનો શહેર જોવા મળે છે. ત્યાં સિંધી પ્રજા પાકિસ્તાનથી આવીને વસવાટ કરે છે.

ગાંધીધામ, આદિપુર તથા ગોપાલપુરી, ઉદ્યોગોનાં કારણે વિકસિત થયેલા જોવા મળે છે. આદિપુરમાં ગાંધીસ્મૃતિ તથા બાજુમાં જ કંડલા બંદરનું પણ મહત્ત્વ છે. કંડલાનો વિકાસ ત્યાંની પ્રજા માટે મહત્ત્વપૂર્ણ છે.

કંડલાથી દક્ષિણ દિશા તરફ ભદ્રેશ્વર અતિ પ્રાચીન જૈન તીર્થધામ છે. સંગેમરમરથી બનેલો ૨૫૦૦ વર્ષ જૂનો જિનાલય ભૂકંપમાં ખંડિત થયો, તેનું ફરીથી નિર્માણનું કાર્ય જોશભેર ચાલે છે.

મુંદ્રા શહેર અનેક ઉદ્યોગોને કારણે ત્યાં વિકાસની દિશા ખૂલી છે. સમુદ્ર કિનારે બંદર વિકસિત થયો છે. અહીં અમુક પ્રાચીન ઈમારતો પણ છે. સમુદ્રની તટીય યાત્રા કરીને આપણે માંડવી પહોંચ્યા. માંડવી અતિ સુંદર બંદર છે, મોટું પ્રાચીન નગર છે.

માંડવી શહેર રાજાના મહેલો, પવનચક્કીઓ તથા સમુદ્રતટને કારણે અધિક દર્શનીય બન્યો છે. અહીં વી.આર.ટી.આઈ. ગ્રામ્ય સંસ્થા છે. બોંતેર જિનાલ છે, બાજુમાં જ બીદડા ગામમાં આંતરરાષ્ટ્રીય હોસ્પિટલ પણ છે.

માંડવીથી આગળ વધતાં ડુમરા, કોઠારા, સુથરી અને જખૌ મહત્ત્વપૂર્ણ ગામો છે. નલિયા શહેર તાલુકાનું કેન્દ્ર છે. અહીં વાયુસેનાનો મુખ્ય અડ્ડો છે.

નલિયાથી એક કલાકની યાત્રા કર્યા બાદ 'નારાયણ સરોવર' અતિ પ્રાચીન, પૌરાણિક, ધાર્મિક સ્થાન આવે છે. ત્યાં કોટેશ્વર નામનું દર્શનીય મંદિર છે. જ્યાંથી રાવણ પસાર થયો હતો. આ પૂરા ભારતનું પ્રાચીન સ્થાન માનવામાં આવે છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત દર્શનનું અહીં મોટું મહત્ત્વ છે.

નારાયણ સરોવરથી આગળની યાત્રામાં લખપત આવે છે, જે અતિ પ્રાચીન સ્થળ છે. ગુરૂ નાનકની ચરણરજથી પાવન આ ભૂમિ પર ગુરુદ્વારા પણ છે. એક સમયનું આ સમૃધ્ધ શહેર આજે જીર્ણાવસ્થામાં છે છતાંય પણ દર્શનીય છે. અહીં એક કિલ્લો છે. તેની બાજુમાં પાનન્ધ્રો - ખનિજ સંપત્તિ માટે પ્રસિધ્ધ છે. તે વિદ્યુત નિર્માણનું પણ કેન્દ્ર છે.

લખપતથી મધ્ય કચ્છ તરફ આગળ વધતાં 'હાજીપીર' મુસલમાનોનું ધાર્મિક સ્થળ આવે છે. અહીં પીરની મજાર છે. રસ્તામાં 'માતાના મડ' નામનું ધાર્મિક સ્થાન છે. અહીં નવરાત્રીના તહેવાર દરમ્યાન લોકો પદયાત્રા કરીને શ્રધ્ધાભાવથી દર્શનાર્થીઓ આવે છે. રસ્તામાં યક્ષ, પુંઅરેશ્વર મંદિર, વાંઢાય જેવા મનોહરી પ્રાચીન સ્થળો છે.

હવે કચ્છનું મુખ્ય કેન્દ્ર ભુજ આવતા જ તેના વૈભવનો પરિચય થાય છે. આઈના મહેલ, પ્રાગમહેલ, ટાવર, સ્વામિનારાયણ મંદિર, હિલગાર્ડન, હમીરસર તળાવ, ભુજિયો ડુંગર, લોક સંગ્રહાલય, વિશ્વ વિદ્યાલય વગેરેનું દર્શન કરીને

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૬ ઉપર)

પરેશ સી. ગુજરાતી - ભુજ

વિશ્વ માટે અણમોલ વરદાન સમાન ભારતીય મહાપુરૂષોએ સર્જેલ પરિવાર સંરચના અનુપમ અને અદ્વિતીય છે. આજથી માત્ર ત્રણ-ચાર દાયકા પહેલાના ભારતીય પરિવારની કલ્પનામાં પરદાદા - પરદાદી, દાદા-દાદી, નાના-નાની, કાકા-કાકી, ફોઈ-ફુઆ, ભાઈ-ભાભી, બહેન-બનેવી, નણંદ-નણદોઈ વગેરે સંબંધ આવી જતા હતા. આટલી વિશાળ સંખ્યાવાળા પરિવારવાળું ભારતીય સમાજ જીવન હજારો વર્ષોથી ચાલ્યું આવે છે. પરિવાર સુખી તથા સમૃધ્ધ હતા અને મન શાંત અને સંતોષી હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતીય પરિવાર વ્યવસ્થાને ઘણો આઘાત પહોંચ્યો છે. સુદ્રઢ પાયા પર ઘણા લાંબા સમયથી ટકેલી આ પારિવારિક વ્યવસ્થાના મૂલ્યોનું ધોવાણ થઈ રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે છેલ્લા ચાર-પાંચ દાયકાથી ભારતમાં વૃધ્ધાશ્રમોની સંખ્યા વધતી જાય છે. અત્યાર સુધી આ વૃધ્ધો પોતપોતાના પરિવારમાં રહીને પોતાની વૃધ્ધાવસ્થા વિતાવતા હતા પરંતુ હવે એમનું પરિવારમાં રહેવું કઠણ થઈ ગયું છે. કેવળ વૃધ્ધાશ્રમોની સંખ્યામાં જ નહીં પરંતુ લગ્ન વિચ્છેદની સંખ્યામાં પણ અત્યંત ઝડપથી વૃધ્ધિ થઈ રહી છે. પરિવારના સભ્યોમાં સ્વાર્થના, અધિકારના ઝઘડા વધતા જાય છે. પ્રેમ - સહૃદયતાનું સ્થાન ઈર્ષ્યા અને કટુતા લઈ રહ્યા છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવથી પારિવારિક વ્યવહારમાં ઘણું પરિવર્તન જોવા મળી રહ્યું છે.

પરિવારના સદસ્યોમાં પરસ્પર મેળાપ વધારી ઉચ્ચ સંસ્કારો દ્વારા ઉત્તમ વ્યક્તિનું નિર્માણ થાય, પડોશીઓ સાથે સહયોગ તેમજ આત્મિયપૂર્વક વ્યવહાર તેમજ 'અહં'ની સ્વાર્થ ભાવનાને દૂર કરી 'વદં'ના સમષ્ટિભાવનું સંવર્ધન કરતાં ભારતીય પરિવારમાં ઉછેર થવાથી વ્યક્તિમાં પરસ્પર સ્નેહ, સહકાર, વિશ્વાસ જેવા ગુણોનું સિંચન થાય છે. સાથે સાથે મુશ્કેલ પ્રસંગોમાં બીજાની ભલાઈ માટે પોતાનામાં સહનશીલતા તેમજ સમગ્ર પરિવારના હિતનું જ વિચારવાની માનસિકતા પણ વિકસે છે. અને 'હું જ સાચો છું' એવા દુરાગ્રહોને બદલે બીજાના અભિપ્રાયો પણ સાચા હોઈ શકે છે એવો વિવેક પણ ભારતીય પરિવારમાં જોવા મળે છે.

ભારતીય પરિવાર જીવનના કેન્દ્રમાં 'હું' અને 'મારૂં' નહીં, પરંતુ 'આપણે' અને 'આપણું'ની ભાવના બધા સભ્યોને પ્રેમસૂત્રમાં બાંધી રાખે છે. પરિવારમાં વિવિધ પ્રકારના કામો જેવા કે ધનોપાર્જન, ગૃહવ્યવસ્થા, બાળકોનો ઉછેર અને શિક્ષણ, સામાજીક વ્યવહાર વગેરે કાર્યો પરિવારનો પ્રત્યેક સદસ્ય પોતપોતાની ક્ષમતા અને યોગ્યતા અનુસાર ઉપાડી લે છે. જેમકે સાસુનો ભાર મોટી વહુ કહ્યા વગર ઉપાડી લે છે. જેઠાણીના કામમાં દેરાણી વગર કહે મદદ કરે છે. મોટાભાઈના સંતાનોને નાનાભાઈ અને તેની પત્ની તરફથી પ્રેમ મળે છે. વિશાળ પરિવારમાં કોઈપણ કામ અટકી પડતું નથી.

દાદા - પરદાદા સહિતનો સંયુક્ત પરિવાર એ ગૌરવનો વિષય છે. પરિવારની ભાવિ પેઢી અર્થાત્ બાળકોને દાદા - પરદાદાના હાથમાં વિશ્વાસપૂર્વક સોંપીને વર્તમાન પેઢી પોતાને સમૃધ્ધ અને સમર્થ બનાવી શકે છે. માતા-પિતાની કાર્ય વ્યસ્તતાની વચ્ચે દાદા-દાદીના ખોળામાં એમને વાત્સલ્ય મળે છે. પરિણામે તેઓ પ્રેમથી વંચિત રહી જતા નથી. આ રીતે ભારતીય પરિવાર ગઈકાલ, આજ અને આવતીકાલનો સુંદર સમન્વય છે. જ્યાં સન્માન અને ગૌરવ પામતા વૃધ્ધો કર્તવ્યનિષ્ઠ યુવા પેઢીને સહારો આપતા સુંદર ભવિષ્યનું નિર્માણ કરે છે.

આ બધી બાબતો આજના દોડાદોડીના જીવનમાં તથા ટી.વી. મોબાઈલ જેવા ઈલેક્ટ્રોનિક આક્રમણને કારણે અશક્ય હોય એમ લાગે છે. આમ છતાં કેટલીક બાબતોનો વિચારપૂર્વક વ્યવહાર કરવામાં આવે તો પરિવાર જીવન ઉપર બદલાતા સમયનો પડતો દુષ્પ્રભાવ કંઈક અંશે દૂર કરી શકાય. આ માટે –

★ આખો પરિવાર દિવસમાં એક વખત સાથે મળીને ભોજન કરે.

★ અઠવાડિયે એક વખત પરિવારના કોઈ સભ્યની સમસ્યા અથવા કોઈ પણ વિષય પર ચર્ચા કરે. આમ કરવાથી સહુ એકમેકને સમજી શકે છે.

★ વિવાહ જેવા પ્રસંગોએ વ્યર્થ ખર્ચ ના કરતાં સેવાકાર્ય અથવા સમાજના અન્ય લોકોને મદદરૂપ બની પ્રેરણારૂપ દૃષ્ટાંત પૂરું પાડવું જોઈએ.

★ ઘરના સભ્યોનો જન્મ દિવસ કેક કાપીને કે મિણબત્તી બુઝાવીને કરવા કરતા દીપ પ્રગટાવી, દેવદર્શન કરી ઉજવવો જોઈએ. ■

## વિવિધ સલાડ

★ કોબીજ ઝીણી સુધારવી. સાથે ગાજર, ટમેટા, લીલા મરચા, કોથમીર વગેરે ખૂબ જ બારીક સમારી, નમક સ્વાદાનુસાર, લીંબુનો રસ અને ખાંડ ઉમેરી ખાવ. સ્વાદિષ્ટ લાગે છે.

★ ફક્ત બીટ તેમજ મૂળા અને ગાજર – આ ત્રણેયના ખૂબ જ ઝીણા અને નાના ટુકડા કરી તેનો પણ ઉપયોગ સલાડમાં થઈ શકે છે. તેમાં સ્વાદાનુસાર નમક, મરીનો પાવડર ઉમેરી ખાવાથી સ્વાદિષ્ટ લાગે છે.

★ ઉપરોક્ત સલાડ સાથે જો ફાવે તો બટેટાની ચીપ્સ ફ્રાય કરી અને ઉમેરવાથી સ્વાદમાં વધારો થશે.

★ ભોજનમાં નાવીન્ય લાવવા માટે સીંગદાણા તળેલા તેમજ પાપડ પણ તળીને તેનો ભૂકો કરી તેમાં મિક્સ કરો. ઉપર નમક, લાલ મરચાની ભૂકી છાંટી ખાવાના ઉપયોગમાં લઈ શકાય.

# આમંત્રણ

## શ્રી મારૂ કંસારા સોની સમાજ રાયપુર (છ.ગ.)

દ્વારા આયોજીત

## “ અખિલ ભારતીય મારૂ કંસારા યુવક–યુવતી પરિચય સમ્મેલન”

## “ તથા અખિલ ભારતીય મારૂ કંસારા પદાધિકારી સમ્મેલન”

**તા. 04.09.2016, રવિવાર, સવારે 10 કલાકે થી**

આદરણીય જ્ઞાતિજનો,

આપ સમસ્ત જ્ઞાતિજનો ને જણાવતા અત્યંત હર્ષ થાય છે કે આ વર્ષે રાયપુરમાં અખિલ ભારતીય મારૂ કંસારા યુવક-યુવતી પરિચય સમ્મેલન તથા અખિલ ભારતીય મારૂ કંસારા પદાધિકારી સમ્મેલન આયોજીત કરવામાં આવેલ છે.

આ શુભ કાર્યમાં આપ સહુ જ્ઞાતિજનોને ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ. આપ સર્વેના સહયોગ, સહકાર તથા શુભેચ્છાથી આ શુભ કાર્ય સફળ થશે એવી આશા છે.

### પરિચય સમ્મેલનમાં ભાગ લેનાર સદસ્યો માટે નિયમ તથા સૂચના :

1. આ સમ્મેલનમાં ભારતમાં વસતા મારૂ કંસારા સોની સમાજના કોઈ પણ વિવાહ ઈચ્છુક સદસ્ય ભાગ લઈ શકે છે.
2. સંપૂર્ણ ભરેલા ફોર્મ પોસ્ટ કે ઈ-મેલ થી તથા રજીસ્ટ્રેશન ફી રૂ.1500/- ડ્રાફ્ટ અથવા RTGS થી તા. 1.8.2016 સુધીમાં મોકલી શકાશે.
3. પ્રત્યેક ઉમેદવાર સાથે તેમનાં બે (2) અભિભાવક આવી શકશે.
4. ઉમેદવાર તથા તેમનાં બે (2) અભિભાવકની સંપૂર્ણ વ્યવસ્થા જેમ કે રહેવાની વ્યવસ્થા, બન્ને ટાઈમ નું ભોજન તથા ચા-નાશતાની સંપૂર્ણ જવાબદારી આયોજકોની રહેશે.
5. આયોજકોની જવાબદારી તા. 03.09.2016 (શનિવાર) ની સાંજ થી તા. 05.09.2016 (સોમવાર) સાંજ સુધી રહેશે. એના પછીની વ્યવસ્થા પોતે કરવાની રહેશે.

- આ કાર્યક્રમ માટે મુખ્ય પ્રાયોજક તથા સહ પ્રાયોજક બનીને આપ આ શુભ કાર્યનો લાભ લઈ શકો છો.
- મુખ્ય પ્રાયોજક માટે સહયોગ રાશિ રૂ.51000/- તથા વિશેષ પ્રાયોજક માટે સહયોગ રાશિ રૂ. 31000/- સહ પ્રાયોજક 11000/- અન્ય પ્રાયોજક 5000/- રાખેલ છે. તથા પ્રાયોજક બનવા માટેની અંતિમ તિથિ 30.08.2016 સુધી છે.
- સમસ્ત પ્રયોજકોનાં નામ આ બેનરમાં મુકવામાં આવશે.
- ફોર્મ, નીચે આપેલ સરનામે ટપાલ દ્વારા મોકલી શકો છો અથવા ઈમેલ કરી શકો છો.

પરિચય સમ્મેલન ફોર્મ, પ્રાયોજક માટે અથવા અન્ય કોઈપણ વધુ વિગત માટે અહીં સંપર્ક કરો.


*** પ્રમુખ ***

કૌશિક કિશોર ભાઈ કટ્ટા
શ્રી મારૂ કંસારા સોની સમાજ, રાયપુર
અનમોલ જ્વેલર્સ તથા રત્ન કેન્દ્ર
શ્રીરામ સંગીત મહાવિદ્યાલયની સામે,
શ્યામ ટૉકીજ રોડ, રાયપુર (છ.ગ.) 492001
મો. :9406121399, E-mail-anmolkk9@gmail.com

*** સચિવ ***

નિતિન દિલિપ ભાઈ પોમલ
શ્રી મારૂ કંસારા સોની સમાજ, રાયપુર
નિતિન ગોલ્ડન આર્ટ129, રાજધાની પેલેસ,
જૈન મંદિરની પાછળ, સદર બજાર, રાયપુર
(છ.ગ.) 492001મો. : 9827191541,
8120966330, E-mail-nitin.tanisha@gmail.com

અનિલ જમનાદાસભાઈ મૈચા- 9826645788
દીપક શશિકાંતભાઈ બારમેડા- 9826322764
જયેશ મનોહરલાલભાઈ પોમલ- 9826129007

હરીશ નરભેરામભાઈ બીજલાણી- 9926176865
હર્ષદ મગનલાલભાઈ પોમલ- 8602711349
દિનેશ મનસુખલાલભાઈ કંસારા- 9009526461

# શ્રી મારૂ કંસારા સોની સમાજ રાયપુર (છ.ગ.) દ્વારા આયોજીત
# 'અખિલ ભારતીય મારૂ કંસારા યુવક-યુવતી પરિચય સમ્મેલન'
# તથા અખિલ ભારતીય મારૂ કંસારા પદાધિકારી સમ્મેલન'

**તા. ૪ - ૯ - ૨૦૧૬ શનિવાર, સવારે ૧૦ કલાકે**

ઉમેદવારના તાજેતરનાં પાસપોર્ટ સાઈઝનાં બે કલર ફોટા આપવા.

ફોટા પાછળ નામ-જન્મ તારીખ અવશ્ય લખવા.

## લગ્ન ઈચ્છુક ઉમેદવારની વિગત

| | | | |
|---|---|---|---|
| ૧ | નામ | | અટક |
| ૨ | પિતાશ્રી | | મુખ્ય વતન |
| | માતાશ્રી | | મુખ્ય વતન |
| ૩ | જન્મ તારીખ | સમય | સ્થળ |
| ૪ | જન્માક્ષરમાં માનો છો? | હા ☐ | ના ☐ |
| ૫ | અભ્યાસ | ઉંચાઈ | વજન |
| ૬ | સરનામું | | |
| | | | મોબાઈલ |
| ૭ | વ્યવસાય / નોકરી | | અંદાજીત આવક |
| ૮ | ઉમેદવારનો વ્યવસાય / નોકરીનું સરનામું | | |
| | | | ફોનઃ |
| ૯ | કુલ ભાઈઓ | | પરણેલા |
| ૧૦ | કુલ બહેનો | | પરણેલા |
| ૧૧ | મોસાળની વિગત | | |
| ૧૨ | શોખ (હોબી) | | |
| ૧૩ | યોગ્ય જગ્યાએ ટીક કરો | કુંવારા ☐ વિધુર ☐ | વિધવા ☐ છુટાછેડા ☐ |
| ૧૪ | રહેઠાણ | પોતાનું ☐ ભાડાનું ☐ | |
| ૧૫ | અન્ય વિગત આપવી હોયતો | | |
| | સ્થળ | તારીખ | ઉમેદવારની સહી |

**અગત્યની સૂચના :**

૧ રજીસ્ટ્રેશન ફી ₹૧૫૦૦.૦૦ ભરેલ ફોર્મ સાથે આપવાની રહેશે અથવા RTGS / NEFT દ્વારા મોકલી શકાશે. RTGS / NEFT કરવા માટે એકાઉન્ટની વિગત તમારા મોબાઈલ પર મોકલી અપાશે.

૨ ઈ-મેલ દ્વારા પુષ્ટીકરણ આવશ્યક રહેશે.

૨ આ ફોર્મમાં ભરેલ સંપૂર્ણ વિગતોની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

૨ અધૂરી વિગત ભરેલ ફોર્મ તથા ઝેરોક્ષ કરેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

૪ ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ ૦૧-૦૮-૨૦૧૬ છે.

## प्रमाणित असली रत्न ग्यारंटी कार्ड के साथ

किशोरभाई गोपालजी कट्टा
कौशिक किशोरभाई कट्टा
जितेष (राजु) किशोरभाई कट्टा




# अनमोल ज्वेलर्स एवं रत्न केन्द्र

**सभी राशियों के रत्नों व उपरत्न के थोक एवं चिल्हर विक्रेता**

श्रीराम संगीत महाविद्यालय के सामने,
श्याम टाकिझ़ रोड, बुढापारा, रायपुर, (छ.ग.)

Tel : 771 223 5657
Mob: +91 94061 21399, +91 94790 35657
Email : anmolkk9@gmail.com



# autovent

VENTILATION *AUTOMATIC* **NO** ELECTRIC

**उद्योगोमें प्रदूषण रोकने का आसान उपाय**

सभी फैक्ट्री में लगाने योग्य, बिना बिजली के चलने वाला वेन्टीलेटर जो दे

**गर्मी, धुआं, दुर्गंध से मुक्ति**

**लगातार चले 24 घंटे 365 दिन**

# **Anmol** *Industries*

**City Office :** Opp. Sangeet Mahavidhyalay, Shyam Talkies Road, Budhapara, RAIPUR (C.G.)
**Factory** : Bhanpuri Chowk, Opp. Dammani Petrol Pump, Bhanpuri, RAIPUR (C.G.)
**Phone** : +91 771 - 2235657
**Mobile** : +91 98271 76512, +91 94061 21399, 94790 35657
**Email** : autoventk@gmail.com, website : anmolindustries.co.in

મગનલાલભાઈ વલમજીભાઈ બારમેડા
પ્રફુલ્લ મગનલાલભાઈ બારમેડા 93022 20888, 94242 26637
પરેશ મગનલાલભાઈ બારમેડા 93297 73777, 94255 13684

100% SAFE
LEAD FREE

JAS-ANZ ISO
9001 - 2008 CERTIFIED COMPANY





# asian PVC™

## PVC & Plastics

**Manufacturer & Traders of All Type PVC Pipe & Fittings**

Factory - Sec - C, Industrial Area, Urla, Raipur (CG)
Email: asian_plast@hotmail.com


# *Congratulation...*

to Dr. Vimalbhai Jetha for - achieving Doctorate Degree Ph.D. in "Astrology" and "Gem Therapy". from the Universirty- USA

Jyotish Padmashree
Jyotish Maharshi
Viswa Jyotish Vidyacharya
Jyotish Padmabhushan **Dr. Vimal Bhai**

M.A.R.P. M.A.A.C. I.F.A.S.S.C. (Sri Lanka)
M.A.I.A.S. (U.S.A), PhD U.S.A

Jyotish Viswavijay Award, Jyotish Digvijayee Award, Raja Rammohan, Roy Award, Vidyasagar Award, Job Charnok Award, James Silver Award (U.S.A.)

# ક્રિએટીવ કોરિયોગ્રાફર : બંસી બુધ્ધભટ્ટી

**અતુલ સોની**



*કુ. બંસી બુધ્ધભટ્ટી*

નૃત્ય કળા એ અનાદિકાળથી ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ બની રહેલ છે. પ્રાચીન શાસ્ત્રીય નૃત્ય કળાનું શાસ્ત્રોમાં વિસ્તારથી વર્ણન થયેલ છે. નટરાજ, એ શિવનું સ્વરૂપ છે. ભારતના પ્રાચીન મંદિરોના સ્થાપત્યમાં શાસ્ત્રીય નૃત્યની મુદ્રાઓ જોવા મળે છે. અધાત્મ ક્ષેત્રમાં નૃત્યકલાને ઇશ્વરીય આશીર્વાદ માનવામાં આવે છે. જેની ઉપાસના આત્માથી પરમાત્મામાં લઈ જાય છે. માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં નૃત્યકલા અવનવા સ્વરૂપે માનવજીવન સાથે વણાઈ ગયેલ છે. પશ્ચિમની નૃત્ય કલામાં લયની સાથે તાલનું મહત્ત્વ વિશેષ છે. કલાકાર જયારે ભાવપૂર્વક સાધના કરે છે ત્યારે અવર્ણનીય આનંદનો સાક્ષાત્કાર કરે છે.

વર્તમાન સમયમાં કલાના આદાન પ્રદાનથી નૃત્યની અનેક શૈલીઓ પ્રચલિત થયેલ છે.

જ્ઞાતિસેતુના 'નારી તારા નવલા રૂપ' વિભાગમાં આજે આપણે નૃત્ય કલા સાથે સંકળાયેલ આપણા સમાજની તેજસ્વી દીકરી અને ક્રિએટીવ આર્ટીસ્ટ કુ. બંસી બુધ્ધભટ્ટીનો પરિચય કરીશું.

ઘાટકોપર (મુંબઈ)માં વસતા શ્રી જયંતભાઈ લક્ષ્મીદાસ બુધ્ધભટ્ટી અને શ્રીમતી પારૂલબેન બુધ્ધભટ્ટીની દીકરી બંસીએ ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં એન્જીનીયરીંગની ડિગ્રી મેળવેલ છે. બાળપણથી જ તેની રૂચિ સંગીત અને નૃત્ય તરફ રહેલ. તેમની મમ્મી પારૂલબેન, જે પોતે સારા નૃત્યકાર અને કોરિયોગ્રાફર રહેલ, તેમની પ્રેરણાથી બંસી અને તેની નાની બહેન નિકીતાએ સંગીત અને નૃત્યની તાલીમ મેળવેલ. હાલમાં બંસીએ ક્રિએટીવ કોરિયોગ્રાફર તરીકે સારી નામના મેળવેલ છે.



'જ્ઞાતિસેતુ' સાથે વાતચીત દરમ્યાન બંસી બુધ્ધભટ્ટીએ જણાવ્યું કે :

*"ડાન્સમાં મારી રૂચિ બચપનથી છે અને હવે એ મારૂં Passion છે. It is a God Gift and my mother's gift given to me.*

*હું ઘાટકોપર (મુંબઈ) માં મારા ખુદના ડાન્સ ક્લાસ ચલાઉ છું જેનું નામ છે - "Moves & Grooves by Bansi Soni." જ્યાં હુ ડાન્સની વિવિધ સ્ટાઈલ્સ શીખવાડું છું – Bollywood, bollyhop, contemporary, folk, zumba, jazz, freestyle અને as professional choreographer & wedding events, stage shows, competitions માં પણ ડાન્સ શીખવાડું છું. સ્ટેજ શો કે કોમ્પિટિશન્સમાં as a performer ભાગ લેવાની તક પણ જ્યારે મળે ત્યારે લઈ પરફોર્મ કરૂં, જેથી કંઈક નવું શીખવા મળતું રહે."*

***વિશેષમાં નૃત્યકલા વિશે જણાવ્યું કે :***

*"મનુષ્યના શરીરના મુવમેન્ટને જ્યારે એક નિર્ધારિત ક્રમમાં ગોઠવી એને તમે પેશ કરો ત્યારે એ ડાન્સ કહેવાય છે જે એક ક્રિએટીવ કળાનુ રૂપ છે, એક પરફોર્મન્સ આર્ટ છે. ડાન્સના ઘણા પ્રકાર છે જે એની કોરિયોગ્રાફી, મુવમેન્ટ, એનો ઈતિહાસ અને કયા કલ્ચરે કે કયા સ્થળમાં એ જન્મ્યો છે એના ઉપર આધારિત છે.*

*આપણા હિંદુ ધર્મમાં એમ માનવામાં આવે છે કે બ્રહ્માજીએ ડાન્સને જન્મ આપ્યો છે. બ્રહ્માજીએ ભારતમુનિ નામના સાધુને નાટ્ય શાસ્ત્ર લખવાનું કહ્યું હતું જે Performing arts પર આધારિત હોય અને આ નાટ્ય શાસ્ત્રથી ડાન્સનો જન્મ થયો છે.*

*ભારતમુનિએ ઋગ્વેદથી પથ્ય (Words), યજુર્વેદથી અભિનય (gestures), સામવેદથી ગીત (music)*

*અને અથર્વવેદથી રસ (emotions) નો ઉપયોગ કરી નાટ્યવેદ બનાવ્યું છે. હિંદુ ધર્મમાં ભગવાન શિવ, મા કાળી અને ભગવાન કૃષ્ણ ડાન્સને બહુજ સારી રીતે દર્શાવે છે. શિવનું તાંડવ, કાળીનું આવિષ્કારી અને વિનાશકારી નૃત્ય અને કૃષ્ણની રાસલીલા તો બહુજ પ્રસિદ્ધ છે.*

***ડાન્સના ઘણા ફાયદા છે જેમકે :***

★ *ડાન્સ એક મોકો આપે છે પોતાની જાતને express કરવાનો.*

★ *કોઈ પણ શારીરિક કે માનસિક Stressથી તમને રાહત આપે છે, refresh કરે છે.*

★ *Dance is entertainment. ખૂલીને હસી શકો છો, મજા કરી શકો છો અને બધાને ખબર તો હશે જ - Laughter is the best medicine.*

★ *ડાન્સ એક જાતની કસરત છે જે તમને, તમારા શરીરને અને દિમાગને ફીટ, Smoothly working રાખવામાં મદદ કરે છે."*

કુ. બંસી બુધ્ધભટ્ટી ઉપર માતા સરસ્વતીની અપાર કૃપા છે. નૃત્ય ઉપરાંત શિક્ષણ પણ તેમના રસનો વિષય છે. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે અને સમાજનો યુવાવર્ગ ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરે તે માટે વિશેષ યોગદાન આપવાની તેમની ઈચ્છા છે. એક સારી કોરિયોગ્રાફર ઉપરાંત કુ. બંસી એક સારી અંગ્રેજી ભાષાની ટ્રેઈનર છે. અગાઉ તેમણે અંગ્રેજી ભાષા શીખવતા ક્લાસમાં તેમની પ્રોફેશનલ ટ્રેનિંગ આપેલ છે. તેઓ સમાજના મહિલા વર્ગને અંગ્રેજી શીખવવા શક્ય તેટલી મદદ કરવા તૈયાર છે. કુ. બંસી જણાવે છે કે મુંબઈ જ્ઞાતિ દ્વારા હાલમાં સારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થાય છે, જેમાં તેઓ સક્રિય રીતે ભાગ લે છે.

કુ. બંસી બુધ્ધભટ્ટી અગાઉ મહામંડળના કલા સાંસ્કૃતિક વિભાગ દ્વારા ભુજ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પણ ભાગ લીધેલ. વિશેષમાં બંસી બુધ્ધભટ્ટી જણાવે છે કે 'જ્ઞાતિસેતુ' સમગ્ર ભારતમાં વસતા પરિવારોને જોડવાનું સેતુરૂપ કાર્ય કરે છે. દૂર દૂર વસતા યુવાવર્ગની પ્રતિભાને બહાર લાવવા 'જ્ઞાતિસેતુ'ની ભૂમિકા પ્રસંશનીય રહી છે. ભવિષ્યમાં સમાજમાં શિક્ષણ કે નૃત્યકલાને લગતા કોઈ કાર્ય માટે પોતાની સેવા આપવા તત્પર છે તેમ જણાવેલ. ■

***આપણા પ્રેમની શક્તિ બીજાને માટે જેમ જેમ વપરાતી રહે છે તેમ તેમ આપણામાં નવી શક્તિ અને નવો પ્રેમ પ્રગટ થતો રહે છે.***

## સ્વ. મીઠુભાઈ ઘડીયાળી

**(અનુસંધાન : પાના નં.-૧૫ ઉપરથી ચાલુ)**

દીકરીઓ પછી પુત્ર પ્રાપ્ત થયો એટલે તેમના આનંદના પાર ન હતો. ૧૯૫૬માં તેમને પેરાલીસીસ થઈ ગયો. ચારેક માસ પથારી વાસ રહ્યા. તેમને ભગવાન શ્રીકૃષ્ણ પર અપાર શ્રદ્ધા હતી અને તેમની પથારી પાસે યુદ્ધ મેદાનમાં અર્જુને હથિયાર હેઠા મૂકીને શ્રીકૃષ્ણના મુખેથી ગીતાના સંવાદ સંભાળતો હોય તેવી છબી રાખીને રોજ દર્શન કરતા. ભુજની સરપટ નાકા બહારની સરકારી હોસ્પિટલમાં દસેક દિવસ રહી આવ્યા, પરંતુ તબિયતમાં સુધારો ના થયો. એ જમાનામાં કોઈ એન્ટીબાયોટીક મળતી ન હતી. શ્રી કનકભાઈ વ્યાસ રોજ ઘરે આવતા અને મીઠુભાઈની પાસે બેસીને હિંમત આપતા. પરંતુ છેવટે અંજારમાં ૧૯૫૬માં ભયાનક ભૂકંપ થયો તેના લગભગ ત્રણેક મહિના પહેલા માત્ર બાવન વર્ષે દેહ ત્યાગ કર્યો.

મીઠુભાઈના પુત્ર રસિકભાઈ મહીચ્છા મિકેનિકલ એન્જિનિયરીંગના નિવૃત્ત પ્રાધ્યાપક છે. હાલ આદિપુરમાં રહે છે. તેમના બે પૌત્રો પૈકી ઉત્પલ તોલાણી પોલિટેકનિકમાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ વિભાગમાં સિનિયર પ્રાધ્યાપક છે અને નિશાંત અમેરિકામાં સોફ્ટવેર કંપનીમાં એન્જિનિયર છે. મીઠુભાઈની સૌથી નાની દીકરી કાંતા હૈદ્રાબાદમાં રહે છે.

## કચ્છ દર્શન

**(અનુસંધાન : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ)**

આપણે આનંદ લઈ શકીએ છીએ. ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપે તેને ખંડિત કર્યું હતું. તો લોકોએ તેને નવું સ્વરૂપ આપીને પુનઃ નિર્માણ કરીને તેને સુંદર શહેર બનાવી દીધું.

ભુજથી ઉત્તર દિશા તરફ ખાવડામા 'કાળો ડુંગર' છે. સરકાર તેમજ સ્થાનીય જનતા દ્વારા 'રણ મહોત્સવ'નું આયોજન કરવામાં આવે છે. દેશભરના લોકો અહીં આવે છે. સફેદ રણને જોવો એ એક આનંદદાયી ઘટના છે.

ભુજથી અંજાર પણ જવાય છે. આગળ વધતાં જ 'સૃજન' સંસ્થામાં અહીંની પ્રજાની હસ્તકળાનો પરિચય થાય છે. જેસલ-તોરલની સ્મૃતિમાં મંદિર બન્યું છે, જે ઐતિહાસિક સ્થાન છે. અહીંથી આદિપુર તથા ગાંધીધામ જઈ શકાય છે. સૂરજબારી નામના સ્થાનથી આપણા કચ્છની યાત્રા પૂરી થાય છે, જે અવિસ્મરણીય સ્મૃતિઓ છોડી જાય છે.

કહેવાય છે, 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા!' કચ્છ ગુજરાતનું ગૌરવ છે અને દુનિયાભરના લોકો માટે કોઇ પણ મોસમમાં દર્શનીય તથા આકર્ષણનું કેન્દ્ર છે. ■

# ફરજીયાત હોલમાર્ક

હીરાલાલ સોની - નખત્રાણા

હોલમાર્ક સોનાના દાગીના ઉપર ફરજીયાત કરવાની જાહેરાત સરકાર ગમે ત્યારે કરી શકે છે. હોલમાર્કની લેબોરેટરી કચ્છ જીલ્લામાં એક જ, માત્ર ભુજમાં છે.

એક લેબોરેટરી શરૂ કરવા અંદાજીત ખર્ચ રૂપિયા એક કરોડની આજુબાજુનો થઈ શકે છે. જે સરકાર માન્ય કરાવવાની હોય છે.

મોટા ઉત્પાદકો એક સાતે દાગીનાનું ઉત્પાદન કરતા હોઈ, તેમને હોલમાર્ક લગાવવાની સરળતા રહે. પરંતુ નાના વેપારી ઑર્ડરથી તૈયાર કરતા એક-બે દાગીના ઉપર હોલમાર્ક લગાવવા માટે ભુજ ખાતે આવેલ લેબોરેટરીમાં જવું પડે અને ત્યાં એક ધક્કે હોલમાર્ક ના પણ લાગે તો બીજો ધક્કો ખાવો પડે. અને ૧૫૦ કિ.મી. દૂર આવવું જવું, ખર્ચ અને સમય, સલામતીની બાબતો ઊભી થાય.

પરિણામે મોટા ઉત્પાદકો ફાવતા જાય. હોલસેલરોને ઘી કેળા થાય. નાના વેપારી કે ગામડાના વેપારીઓએ હોલમાર્કવાળા તૈયાર દાગીના રાખવા મજબુર થવું પડે અને એક-બે દાગીના બનાવવા મોંઘા પડે. તેથી ધીમે ધીમે નાના વેપારી કે ગામડાંના વેપારીઓની સંખ્યા ઘટતી જાય.

પરિણામે જૂની ડિઝાઈનો કે સમાજ પ્રમાણેની ડિઝાઈનોના દાગીનાનું ઉત્પાદન ઘટતું જાય અને ગ્રામ્ય ડિઝાઈનો બનતી બંધ થાય અને પશ્ચિમી ડિઝાઈનો કે મશીનથી બનતી ડિઝાઈનોના દાગીના બજારમાં આવતા વધી જાય. પરિણામે એક્સપોર્ટ - ઈમ્પોર્ટનું કામ વધે તથા મોટા ઉત્પાદકો ભારતની સોના બજાર ઉપર વર્ચસ્વ જમાવી જાય અને ગ્રામ્ય કારીગરોનો ખાત્મો થઈ જાય.

ખોટી ચલણી નોટો ફરે છે તેમ હોલમાર્ક સાચા પણ હલકા માલનું વેચાણ શરૂ થવાની સંપૂર્ણ શક્યતા રહેલ છે અને ખોટા હોલમાર્કવાળા દાગીનાઓ પણ જોવા મળી રહ્યહા છેહ.

હોલમાર્ક ફરજીયાત નહિં પણ મરજીયાત હોવું જરૂરી છે. તેથી ધીમે ધીમે હોલમાર્ક અસ્તિત્વમાં આવતું જાય અને નાના વેપારી કે ગ્રામ્ય કારીગરોનો ખાત્મો થતો અટકી જાય.

પરંતુ એક સાથે ફરજીયાત હોલમાર્કનો કાયદો અમલમાં મૂકવામાં આવશે તો ઇન્સ્પેક્ટર રાજ આવે અને ભ્રષ્ટાચારથી ઝવેરી માર્કેટ ખદબદતું થઈ જવાની પૂરી શક્યતા છે.

બાટા કંપની જેવી અનેક મોટી કંપનીઓએ બુટ ચંપલ બજારમાં મૂક્યા અને અનેક ગ્રામ્ય બુટ ચંપલ બનતા બંધ થયા. તેવી જ રીતે ટાટા કંપની જેવી મોટી કંપનીઓએ લોખંડની અને અન્ય આઈટમો બજારમાં મૂકતાં ગ્રામ્ય લુહારના ધંધા નેસ્તનાબૂદ થઈ ગયા.

તે જ રીતે સોનાના દાગીના ઉપર ફરજીયાત હોલમાર્કનો કાયદો આવશે તો નાના વેપારીઓ અને ગ્રામ્ય કારીગરો ધીમે ધીમે ખતમ થઈ જશે.

તેથી હોલમાર્કનો કાયદો ફરજીયાત નહીં પણ મરજીયાત હોવો જોઈએ.

***હીરાલાલ સોની***
***પ્રમુખ, કચ્છ જીલ્લા સોના ચાંદી મહામંડળ***
***મો. ૯૮૭૯૧ ૨૨૧૬૦***

## એક જ વાર પસાર થવાનું છે

ભાગદોડ ભરી આ દુનિયામાંથી
મારે એક જ વાર પસાર થવાનું છે, ત્યારે

ક્યાંક કોઈના આંસુ લૂછી શકું,
ક્યાંક કોઈ સ્મિત વેરી શકું,

ક્યાંક કોઈનું દર્દ પી સકું,
કોઈની સામે લંબાવું હમદર્દીનો હાથ,

કરી લઉં બધું આ બનતી ત્વરાએ
ફરી કદી આ રસ્તે આવવાનું ન યે થાય.

***– ભાર્ગવી દોશી***
***સૌજન્ય : "સમજણના સૂર"***

## ગઝલ : શીદના ડારો

લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા

*પરાઈ પીડને હણવા નથી વાગ્યો હજી કાંટો,*
*હશે હૈયા તણી એ ચૂક નાહક શીદને ડારો.*

*ગયો છું વાજ આવી હું તમારા વાક્ બાણોથી,*
*રહ્યો છું ત્યારથી હું મૂક નાહક શીદને ડારો.*

*શિખર ચડનારને અંતે તમે હેઠે પછાડ્યો છે*
*થયું એ વાતનું છે દુઃખ નાહક શીદને ડારો.*

*ભરમના ભેદ સમજીને સમયનું મૌન તોડ્યું છે,*
*હતું એમાં અનેરું સુખ, નાહક શીદને ડારો.*

*પરાઈ છે અગન "રાહી" છતાં હોમાઉં છું એમાં,*
*વગોવાઈ ગયો છું ખૂબ નાહક શીદને ડારો.*

***સરસ્વતી સોલંકી "રાહી"***

# દીકરી વહાલનો દરિયો....

મીતા એન. સોલંકી

વહાલા વાચક મિત્રો, નમસ્કાર. વેકેશનનો આનંદ માણ્યો? કે પછી ગરમીના ગીત ગાયા? ખેર, એ તો આપણે જ નક્કી કરવાનું કે આપણે શું કરવાનું?

આજે બહુ દિલ સ્પર્શી જાય એવો વિષય લઈને આવી છું : દીકરી!! શબ્દમાં જ એવો ભાવ - પ્રેમ આપોઆપ આવી જાય! મારી દીકરી! વહાલનો દરિયો એમ જ નથી કહેવાતી.

આ વિષય પર ઘણું બધું લખાયેલું - વંચાયેલું છે જે આ લખનારે ખુદ અનુભવ્યું છે. કહેવાય છે કે જે ઘરમાં દીકરી અવતરે તે પિતાના બધા પાપ ધોવાય છે! પિતા - દીકરીના સંબંધો ખૂબ પ્રગાઢ હોય છે. દીકરી હંમેશાં પિતાના ફેવરમાં જ હોય છે. દીકરી પરની આ લાગણી જ બાપને વિદાય વેળા બહુ રડાવી જાય છે.

જન્મથી જ હૈયાનો હાર બનેલી દીકરી પતિના ઘેર સહર્ષ મોકલવાની જ હોય છે એ જાણ હોય જ છે પરંતુ વસમી વિદાય વેળા મા-બાપ-ભાઈ, નાની, કાકા-કાકી, ફોઈ, બહેન વગેરેને છોડીને શ્વસુરગૃહની દીકરી અને વહુ બનવા જઈ રહી હોય છે. બધું જ સહર્ષ નિરધાયું હોય છતાં વિદાય વેળા દિલ બંડ પોકારે છે કે ન જા... ન...જા... એ છે વિદાયની ઘડી.

દીકરીને જમાનાની જરૂરિયાત પ્રમાણે ભણાવીને સ્માર્ટ બનાવવી જરૂરી છે કે સારૂં - નરસું સમજી દુનિયાદારી સમજી શકે અને પોતાનો સંસાર સારી રીતે ચલાવી શકે.

દીકરી વિશે શું લખવું એ બહુ અઘરી વાત છે. જન્મતાવેંત દૂધ પીતી કરતા કે ભ્રૂણહત્યા કરનારા, દીકરીનું સુખ શું છે એ ક્યારેય જાણી શકતા નથી.

દીકરીની વિદાય વેળા બહુ વસમી હોય છે. તે જ્યારે પણ યાદ આવે, આંખ ભીંજાઈ જાય છે! પરંતુ જ્યારે સાસરે ગયેલી દીકરી બધાના દિલ જીતી લઈ ભાવશે, ફાવશે, ગમશે અને ચાલશે – નો સિધ્ધાંત અપનાવી લે છે ત્યારે માતા-પિતાના કાળજા ઠંડક અને હર્ષની લાગણી અનુભવતા હોય છે કે હાશ! અમારી દીકરી સુખી છે.

દીકરી સુખી હોય એના જેવું,બીજું કોઈ સુખ નથી.

પરમાત્માના આશિર્વાદ હોય એ ઘરમાં પ્રસાદરૂપે પરિવારમાં દીકરી અવતરે છે.

દીકરી સાથે શક્ય હોય એટલો સમય વધુ વિતાવજો કારણકે ક્યારે પાંખો આવી અને ઉડી જશે એ નક્કી નહીં હોય!

દીકરી બાપનું નસીબ હોય છે! રાજા હોય કે રંક, ઘર તો પિતાનું જ ખાલી થાય છે.

બાકી તો દીકરી સુખી હોય, લગ્ન પછી છતાં પણ નાના અમથા દુઃખમાં પણ કારણ વિનાની ચંચુપાત કરનાર માવતર કે દીકરીની વધુ પડતી જરૂરિયાત કરતા કાળજી રાખનાર માવતર દીકરીનું લગ્નજીવન બગાડે છે. મુશ્કેલી તો બધાના જીવનમાં હોય જ. મુશ્કેલીને પડકાર સમજી 'ટેઇક ઇટ ઈઝી' લઈએ તો ખાસ વાંધો આવતો નથી.

મોઢે કરેલી વાત સૌ સાંભળે દિલની વાત જાણે મૌનની ભાષા પણ જાણે એ દીકરી!! દીકરી સુપાતર હોય એ પિતા અને પતિ બંનેનું કૂળ દીપાવે છે.

મા-દીકરીના સંબંધો વિશે ફરી ક્યારેક કારણકે બુક્સના આ પાનાઓ વોટરપ્રુફ નથી!!!

---

## મારી વહાલી "માં"

આમ આજે અચાનક માં વિશે વાત કરવાનું મન થાય છે. માં જેવા નાનકડા શબ્દ પાછળ પૂરા જીવનની સફળતા છુપાયેલી છે. માં શબ્દનું ઉચ્ચારણ કરતા જ પૂરા શરીરમાં ઊર્જા પ્રગટ થાય છે. જેવી રીતે 'ૐ' શબ્દનું ઉચ્ચારણ કરતાં શરીરને ઊર્જા અને શક્તિ મળે છે, તેવી જ રીતે 'માં' શબ્દનું ઉચ્ચારણ કરતાં શરીરને ઊર્જા અને શક્તિ મળે છે. માં બાળકોના જીવનનો પાયો એટલો મજબૂત બનાવી દે છે કે જીવનમાં ક્યારેય પણ તેને નિષ્ફળતા સ્પર્શી શકતી નથી. જીવનમાં મળેલ દરેક સફળતા જેને સમર્પિત કરવી જોઈએ, એ માં છે.

*કોઈકે સાચું જ કહ્યું છે :*

***"યૌવન ચાલી જાય છે, પ્રેમ ઓસરી પડે છે, મિત્રતા ખરી પડે છે, પણ માતાનો પ્રેમ સદા વધતો ને વધતો રહે છે."***

માં ની મમતા, સ્નેહ અને વહાલથી પૂરો સંસાર જાણીતો છે. મનુષ્ય હોય કે અન્ય પ્રાણી, દરેક જીવોમાં માં ના પ્રેમનું વિશેષ મહત્ત્વ છે. માં નું વહાલ કરવું એ જીવનની એક અદ્ભુત ક્ષણ છે. માં નો પ્રેમ અને મમતા જેવું વિશ્વમાં બીજું કાંઈ નથી.

માં ની મમતા, સ્નેહ, પ્રેમ જેવી બીજી કોઈ દવા આ સંસારમાં નથી. જે રોગોનું નિદાન મોટા મોટા ડૉક્ટરની દવાથી નથી થતું એ નિદાન માં ના પ્રેમ અને વહાલથી થઈ જાય છે. માં ને સંસારમાં ખૂબ જ ઊંચો દરજ્જો આપવામાં આવ્યો છે. માં જેવું વ્યક્તિત્વ આ સંસારમાં કોઈનું નથી.

***"દરેક કલાકાર પોતાની કલાકૃતિને નામ આપતો હોય છે, પરંતુ 'માં' જેવો બીજો કોઈ કલાકાર આ દુનિયામાં નથી, જે બાળકને જન્મ આપે છે, તો પણ નામ પિતાનું આપે છે."***

માં નું સંપૂર્ણ જીવન તેના કુટુંબ અને બાળકોને સમર્પિત હોય છે. સંસારમાં દરેક જગ્યાએ આપમે માં ના રૂપમાં ભગવાનના દર્શન કરીએ છીએ.

***"ભગવાનને ભજવાથી 'માં' નથી મળતી પરંતુ 'માં'ને ભજવાથી ભગવાન અવશ્ય મળે છે."***

***સોની વિવેક બી. - મોથાળા, તા. અબડાસા***

## દીકરીનું ઘર

સંકલિત

આપણે ત્યાં એક પરંપરા હતી કે દીકરીને સાસરે વળાવ્યા પછી મા-બાપ દીકરીના ઘરનું જમતા નહોતા કે પાણી પણ નહોતા પીતા. કોઈને આ બાબતમાં વેવલાવેડા લાગે પણ વડવાઓએ શરૂ કરેલી આ પરંપરા પાછળ કુટુંબને ટકાવી રાખવાની ઉદાત્ત ભાવના હતી.

દીકરીના ઘરનું ના જમવું એવું નથી પણ જ્યાં સુધી દીકરીને ત્યાં સંતાન ન થાય ત્યાં સુધી દીકરીના ઘરનું ન જમવું એવી શાસ્ત્રોની આજ્ઞા છે.

દીકરી જ્યારે પરણીને સાસરે જાય ત્યારે પીયરિયા જેવું જ વાતાવરણ સાસરિયામાં ન હોય તે સ્વાભાવિક છે. નવી પરણેલી દીકરી શરૂઆતમાં સાસરિયે થોડી અકળાતી હોય. આ સમય દરમ્યાન માતા-પિતા મળવા માટે આવે એટલે દીકરી સાસરિયાની બધી વાતો કરે અને દીકરીને દુઃખી જોઈ મા-બાપનું હૈયું ભરાઈ આવે. શક્ય છે કે મા-બાપ અને દીકરી વચ્ચેનો વાર્તાલાપ દીકરીનું ઘર તોડવામાં નિમિત્ત બને.

આવું ન બનવા દેવું હોય તો મા-બાપ અમુક સમય સુધી દીકરીને ન મળે એવું કંઈક કરવું પડે. દીકરીના ઘરનું જમવાની અને પાણી પીવાની જ મનાઈ કરવામાં આવે તો મા-બાપ દીકરીને મળવા જાય જ નહીં અને જાય તો પણ લાંબુ રોકાય નહીં. એકાદ વર્ષ પછી દીકરીને ત્યાં સંતાન જન્મે પછી મા-બાપ એના ઘરનું જમી શકે. આ એક વર્ષ દરમ્યાન દીકરી નવા વાતાવરણને અનુકૂળ થઈ ગઈ હોય. વળી સંતાનનો જન્મ પણ થયો હોય એટલે હવે દીકરીને થોડી ઘણી તકલીફ હોય તો સંતાનને રમાડવામાં જ એ તકલીફ ભૂલી જાય અને પરિણામે એ સાસરિયે સેટ થઈ જાય.

આ વાત આજે આપણને સાવ વાહિયાત લાગે પણ વડીલોની ભવિષ્યને પારખવાની અદ્ભુત શક્તિ આ પરંપરામાં છુપાયેલી છે. બહુ દુઃખ સાથે કહેવુ પડે કે આજે છુટાછેડાનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે. તમારી આજુબાજુ જોજો, તમને દેખાશે કે લગ્નજીવન બહુ લાંબુ ટકતું નથી કારણકે સ્વતંત્રતાના નામે આપણે દીકરી મટીને વહુ બનવા તૈયાર જ નથી. સ્ત્રીની સ્વતંત્રતા જળવાવી જ જોઈએ પણ દીકરી અને વહુ વચ્ચેના ફરકની પણ એને ખબર હોવી જોઈએ. લગ્નજીવન ઢીંગલા-પોતીયાના ખેલ હોય એવી રીતે 'મને એમની જોડે નથી ફાવતું એમ કહીને છુટા થઈ જાય છે.' હમણા મને એક ભાઈએ કહ્યું, "સાહેબ, હજુ ૬ મહિના પહેલા અમારા ગામમાં પાંચ લગ્ન થયેલા. જેમાંથી ત્રણના છુટાછેડા થઈ ગયા અને એકની વાત ચાલે છે."

યાદ રાખજો, જે ઘરમાં મા-દીકરી વચ્ચે લગ્ન પછી લાંબી લાંબી વાતો થતી હોય ત્યાં દીકરીની, પિયરમાં પરત આવવાની પૂરી શક્યતા છે. દીકરીને વહાલ જરૂર કરીએ પણ એટલું વહાલ ન કરવું કે એનું ઘર ભાંગી જાય. આ વાતો થોડી કડવી જરૂર છે પણ ભારોભાર વાસ્તવિકતા છે એ પણ ન ભૂલતા.

## કરવી હોય તો સમાજસેવા કરાય – ચિંતા આખું ગામ કરે છે

મારૂં એવું માનવું છે કે અગણિત ભૂલો પછી પણ આપણે આપણી જાતને પ્રેમ કરીએ, ચાહીએ પણ બીજાની એકમાત્ર ભૂલ છતાં તેને માફ ન કરીએ, નફરત કરવા લાગીએ, તરછોડીએ, આ આત્માને અને પરમાત્માને છેતરવાની નવી કળા છે. અને આપણે તેના તજજ્ઞ છીએ. આજના ભૌતિક યુગમાં વૈજ્ઞાનિક ઉપકરણોનો વ્યાપક પ્રમાણમાં આવિષ્કાર થયો છે. તેના માધ્યમ થકી સમાજસેવાના કાર્યમાં લાગેલા સંન્નિષ્ઠ મહાનુભાવોને યેનકેન પ્રકારે વખોડવા, ટીકાપાત્ર બનાવવા અને તેમની કાર્યશૈલીને નકારાત્મકતાના ત્રાજવે તોળવી એ સહજ બાબત બની ગઈ છે.

આપણા સમાજની દરેક વ્યક્તિ તેના સમાજ જીવનને અર્થપૂર્ણ બનાવે, સકારાત્મક વિચારોનો આવિષ્કાર કરે, એ આપણી પવિત્ર ફરજ છે. વ્યક્તિના જીવનમાં તેના થકી થતા સમાજસેવાના સારા કાર્યોમાં શુભ તત્ત્વોનો પ્રાદુર્ભાવ થાય અને અશુભ તત્ત્વોનું જોર ઘટે તેવું વાતાવરણ ઊભું કરવું એ જ આપણો સમાજધર્મ છે. વ્યક્તિએ અનેક માનસિક વળગણોથી મુક્ત બની, શ્રધ્ધાપૂર્વક, ઉત્સાહથી, ઈર્ષામુક્ત બની, આનંદમય બની, સમાજસેવાનો માર્ગ અપનાવે તો તેનું સમાજજીવન ધન્ય બની શકે. તેના જીવનના કાર્યમાંથી અન્ય લોકો પ્રેરણા મેળવી શકે અને સમાજનું કાર્ય સતત થતું રહે. સમાજની પ્રગતિને કોઈ રોકી ન શકે.

એમ કહી શકાય કે સમાજના ત્રિવિધ તાપનો ભાર વહન કરે એ જ સાચો સાધક. અને જે સાધક છે એ જ સાચો શાસનનો અધિકારી છે. સમાજસેવાના સત્યમાર્ગી સાધકોની કાર્યશૈલી અને તમામ ગતિવિધિઓનું ટીકાપાત્ર મૂલ્યાંકન એ અતિશય બુધ્ધિશાળી વ્યક્તિનું નબળું પાસું હોઈ શકે. આપણા વિચારો સદ્ગુરુ પ્રેરિત છે, પરમાત્મા પ્રેરિત છે, જેણે આપણને સમાજસેવા કરવા પ્રેરણા આપી છે. ઈશ્વરીય શક્તિના કૃપાપાત્ર એવા આપણે મિથ્યા અહંકાર, મમત છોડીને આપણી પ્રતિષ્ઠા, કીર્તિને સમાજસેવાના કાર્યમાં સમર્પિત કરીને સમાજે આપેલી પ્રતિષ્ઠાનો વિનિયોગ સમાજસેવાના કાર્યમાં કરીએ. સમાજે આપણને આપેલું સર્વસ્વ સમાજને પાછું અર્પણ કરીએ એ જ જીવનની સાર્થકતા છે. વ્યક્તિ - વ્યક્તિ વચ્ચે આવા વિચારોની આપ-લેથી સમાજ, આદર્શ સમાજ બની શકે.

***મહેશ તુલસીદાસ છત્રાળા - અંજાર***

# ઝવેરચંદ મેઘાણી

જીનલ સોલંકી

'મન મોર બની થનગનાટ કરે...' આ ગીત આપણે સૌએ ગણગણ્યું હશે...! આપણને સૌને એ પણ ખબર જ હશે કે આ ગીત કઇ ફિલ્મનું છે? કોણે ગાયું છે? કોણે કંપોઝ કર્યું છે? ...પણ આ ગીતની રચના કોણે કરી? – એ બહુ ઓછાને ખબર હશે...!!



રેખાંકન : જીનલ સોલંકી

ગાંધીજીએ જેમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ આપ્યું એવા આપણા ગુજરાતના કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીનું લખેલું આ ગીત છે. શબ્દોની ગોઠવણી, ભાવનો ઉમેરો, લય-તાલથી સમન્વિત થયેલું આ ગીત સાંભળીને મેઘાણીજીને સલામ કરવાનું મન થાય... જો કે, માત્ર આ એક ગીત નહિં, મેઘાણીજીની રચનાઓ : ચૌદ વર્ષની ચારણ કન્યા, શિવાજીનું હાલરડું, કસુંબીનો રંગ – આજે વર્ષો પછી પણ આપણી જીભે રમે છે.

માતા ધોળીબાઈ અને પિતા કાળીદાસના આ સંતાન ઝવેરચંદ મેઘાણીનો જન્મ ૧૮૯૭માં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ગામમાં થયો હતો. બહુમુખી પ્રતિભા ધરાવતા ઝવેરચંદ મેઘાણીજીએ સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, સ્વાતંત્ર્ય સેનાની, પત્રકાર, વક્તા અને ગાયક તરીકે પ્રસિધ્ધિ મેળવેલ છે. રણજીતરામ સુવર્ણ ચંદ્રક મેળવનારા મેઘાણીજીએ ચાર નાટકગ્રંથ, સાત નવલિકા સંગ્રહ, તેર નવલકથા, છ ઈતિહાસ, તેર જીવન ચરિત્રની રચના કરી. આજે ૧૧૮ વર્ષ પછી પણ જાણે એ આપણા સૌની વચ્ચે છે એવો ભાસ થાય... ગાંધીજીની ગોળમેજી પરિષદ વખતે એમણે 'ઝેરનો કટોરો' કવિતાની રચના કરેલી... ૧૯૩૦માં યુવાનોને પ્રેરીત 'સિંધુડો' ગીતનો સંગ્રહ લખેલ. જેમના માટે તેમને બે વર્ષ જેલ પણ જવું પડેલું. મેઘાણીજીની કલમેથી શૌર્ય, ખમીર અને સ્વમાન ટપકે છે... પોતાને પહાડનું બાળક ગણાવતા એવા મેઘાણીજીની એક રચના 'ચારણ કન્યા' આજ માણીએ...

એવી લોકવાયકા છે કે મેઘાણીજીએ આ 'ચારણકન્યા' ગીરના જંગલના નેસડામાં બેઠા બેઠા લખ્યું છે. મેઘાણીજી 'નેસ' (જંગલના લોકો રહે એ ઝુંપડું)માં બેઠા છે અને સિંહની ગર્જના સંભળાય છે. એટલે તેઓ લખે છે કે :

*વનરાવનનો રાજા ગરજે*
*ગીરકાંઠાનો કેસરી ગરજે*
*ઐરાવતકુળનો અરિ ગરજે*
*કડ્ય પાતળિયો જોધ્ધો ગરજે*
*મોં ફાડી માતેલો ગરજે*
*જાણે કો જાગંદર ગરજે*
*નાનો એવો સમંદર ગરજે...*

એક સિંહની ત્રાડને આવી ઉપમા મેઘાણી જ આપી શકે. વાહ...!

હવે, આ સિંહની ત્રાડ ક્યાંથી સંભળાઈ છે એ વિચારતાં, આગળ મેઘાણીજી લખે છે કે :

*બાવળના જાળામાં ગરજે*
*ડુંગરના ગાળામાં ગરજે*
*કણબીના ખેતરમાં ગરજે*
*નદીઓની ભેખડમાં ગરજે*
*ગિરિઓની ગોહરમાં ગરજે*
*ઉગમણો આથમણો ગરજે*
*ઓરો ને આઘેરો ગરજે...*

વાંચતી વખતે આખેઆખું જંગલ મનમાં ઊભું થાય. ત્રાડ પણ સંભળાય... આટલી તાકાત મેઘાણીની કલમમાં છે...

હવે સિંહની આ ત્રાડ સાંભળીને જંગલની હાલત કેવી થાય છે? એ જોઈ આગળ મેઘાણીજી લખે છે કે :

*થર થર કાંપે...*
*વાડામાં વાછડલાં કાંપે...*
*કૂબામાં બાળકડાં કાંપે...*
*મધરાતે પંખીડાં કાંપે...*
*ઝાડતણાં પાંદલડાં કાંપે...*
*સૂતાં ને જાગતાં કાંપે...*
*જડ ને ચેતન સૌએ કાંપે...*

અત્યાર સુધી કેવળ સિંહની ત્રાડ સંભળાતી હતી. હવે સિંહ સામે આવતો દેખાય છે. ને મેઘાણીજી લખે છે...

*આંખ ઝબૂકે...!*
*કેવી એની આંખ ઝબૂકે...*
*વાદળમાંથી વીજ ઝબૂકે...*
*જોટે ઊગી બીજ ઝબૂકે...*
*જાણે બે અંગાર ઝબૂકે...*
*હીરાના શણગાર ઝબૂકે...*

*જોગંદરની જાળ ઝબૂકે...*
*વીર તણી ઝંઝાળ ઝબૂકે...*
*ટમટમતી બે જ્યોત ઝબૂકે...*
*સામે ઊભું મોત ઝબૂકે...*

હવે દૂરથી દેખાતો સિંહ એકદમ નજીક આવતો દેખાય છે. જાણે શિકાર કરવાની તૈયારી જ હોય...! ને, આગળ મેઘાણીજી લખે છે :

*જડબાં ફાડે!*
*ડુંગર જાણે ડાચા ફાડે!*
*જોગી જાણે ગુફા ઉઘાડે!*
*જમરાજાનું હાર ઉઘાડે!*
*પૃથ્વીનું પાતાળ ઉઘાડે!*
*બરછી સરખા દાંત બતાવે*
*લસ! લસ! કરતી જીભ ઝુલાવે...*

હવે આ સિંહને દૂર ભગાડવા માટે નેસડામાંથી કયા કયા લોકો બહાર આવે છે એ જોઈને મેઘાણીજી લખે છે...

*બહાદર ઊઠે...*
*બડકંદાર બિરાદર ઊઠે*
*ફરસી લેતો ચારણ ઊઠે*
*ખડગ ખેંચતો આહીર ઊઠે*
*બરછી ભાલે કાઠી ઊઠે*
*ઘરઘરમાંથી માટી ઊઠે*
*ગોબો હાથ રબારી ઊઠે*
*સોટો લઈ ઘરનારી ઊઠે*
*ગાય તણા રખવાળો ઊઠે*
*દૂધમલા ગોવાળો ઊઠે*
*મૂછે વળ દેનારા ઊઠે*
*ખોંખારો ખાનારા ઊઠે*
*માનું દૂધ પીનારા ઊઠે*
*જાણે આભ મિનારા ઊઠે*

નેસડામાંથી બહાર નીકળનારા લોકો, જે હથિયાર આવ્યું હાથમાં એ લઈને નીકળ્યા છે ને પેલા સિંહને ત્રાડ પાડીને કહે છે...

*ઊભો રે'જે*
*ત્રાડ પાડી કે ઊભો રે'જે*
*ગીરના કુત્તા ઊભો રે'જે*
*કાયર દુત્તા ઊભો રે'જે*
*પેટભરા! તું ઊભો રે'જે*
*ભૂખમરા! તું ઊભો રે'જે*
*ચોર-લૂંટારા ઊભો રે'જે*
*ગા-ગોઝારા ઊભો રે'જે*

આ બધા ટોળાની સાથે મેઘાણીજી એક ૧૪ વર્ષની છોકરીને પણ જુએ છે. આમ તો સિંહની ત્રાડ સાંભળી બધી સ્ત્રીઓ પોતાના નેસડામાં ભરાઈ ગઈ છે ત્યારે આ ૧૪ વર્ષની છોકરી સિંહને ભગાડવા નીકળી છે. આ કન્યા માટે મેઘાણીજી લખે છે :

*ચૌદ વર્ષની ચારણ કન્યા*
*ચુંદડિયાળી ચારણ કન્યા*
*શ્વેત સુધાળી ચારણ કન્યા*
*બાળી ભોળી ચારણ કન્યા*
*લાલ હિંગોળી ચારણ કન્યા*
*ઝાડ ચડંતી ચારણ કન્યા*
*પહાડ ઘુમંતી ચારણ કન્યા*
*જોબનવંતી ચારણ કન્યા*
*આગ ઝરતી ચારણ કન્યા*
*નેસ નિવાસી ચારણ કન્યા*
*જગદંબા શી ચારણ કન્યા*
*ડાંગ ઉઠાવે ચારણ કન્યા*
*ત્રાડ ગજાવે ચારણ કન્યા*
*હાથ હિલોળી ચારણ કન્યા*
*પાછળ દોડી ચારણ કન્યા*


અને આ ચારણ કન્યા જ્યારે સિંહની પાછળ ભાગે છે ત્યારે સિંહ પણ આ કન્યાથી ડરીને ભાગે છે... કેટલી આબેહૂબ કલ્પના...!! સિંહને ભાગતો જોઈ હવે મેઘાણીજી લખે છે :

*ભયથી ભાગ્યો*
*સિંહણ, તારો ભડવીર ભાગ્યો*
*રણ મેલીને કાયર ભાગ્યો*
*ડુંગરનો રમનારો ભાગ્યો*
*હાથીને હણનારો ભાગ્યો*
*જોગીનાથ જટાળો ભાગ્યો*
*મોટો વીર મૂછાળો ભાગ્યો*
*નર થઈ તું નારીથી ભાગ્યો*
*નાનકડી છોડીથી ભાગ્યો....!!*

શુરવીરતાથી છલોછલ આ કવિતાનું વર્ણન મેઘાણીજીએ ખૂબ ચીવટતાથી કર્યું છે... વાંચતી વખતે દશ્ય ખડું થાય એમાં જ સર્જકની મહાનતા છે. ફરી વધુ ક્યારેક 'રસાસ્વાદ' હેઠળ મેઘાણીજીને વાંચીશું.... ■

# સામાન્ય જ્ઞાન

સંકલન : કુ. કૃપા સાકરીયા - ભુજ


કુ. કૃપા સાકરીયા

*જ્યારે પણ સ્પર્ધાત્મક પરીક્ષામાં રાષ્ટ્રીય કક્ષાએ હરીફાઈની વાત આવે, ત્યારે એવું કહેવાય છે કે ગુજરાતના વિદ્યાર્થીઓ સામાન્ય જ્ઞાનમાં પાછળ રહી જાય છે. સામાન્ય જ્ઞાન, એ દરેક વિદ્યાર્થી માટે ખૂબ અગત્યનો વિષય છે. નાપણથી તે પરત્વે અભિરૂચિ કેળવાય તે જરૂરી છે.*

*'જ્ઞાતિસેતુ'ના સામાન્ય જ્ઞાન વિભાગને સારો પ્રતિસાદ મળી રહેલ છે. આ અંકમાં હાલ એમ.કોમ. માં અભ્યાસ કરતા ભુજના કુ. કૃપા સાકરીયા દ્વારા તૈયાર કરવામાં આવેલ સામાન્ય જ્ઞાનની કસોટી પ્રસ્તુત છે. આશા છે કે વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા વાલીઓને આ રસપ્રદ જણાશે.*

**– અતુલ સોની**

**૧.** કયા દેશની સંસદ દુનિયાની પ્રથમ સંપૂર્ણ રીતે સૌર ઊર્જા પર ચાલતી સંસદ બની ગઈ છે?
(A) સિરિયા (B) ભારત
(C) પાકિસ્તાન (D) અફઘાનિસ્તાન

**૨.** ભારતની પ્રથમ ન્યુક્લિયર સબમરીનનું નામ શું છે?
(A) INS અરિહંત (B) INS વિક્રાંત
(C) INS વિજય (D) INS પરમ

**૩.** નીચેનામાંથી કયું પ્રમાણપત્ર ભવિષ્યમાં માત્ર ઈલેક્ટ્રોનિક મોડમાં ઉપલબ્ધ હશે?
(A) કાર લોન ડીટેઈલ (B) નેશનલ સેવિંગ સર્ટી.
(C) જન્મ પ્રમાણપત્રો (D) મૃત્યુ પ્રમાણપત્રો

**૪.** ૪ પરમાણું સુરક્ષા શિખર સંમેલન કયા શહેરમાં આયોજિત કરવામાં આવ્યું?
(A) વોશિંગ્ટન (B) મોસ્કો
(C) કાહીરા (D) શિકાગો

**૫.** નીચેનામાંથી કોને તેલંગાણાના લોકલેખા સમિતિના અધ્યક્ષના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા?
(A) રાધા એસ. રેડ્ડી (B) જમ્મુ ગીતા રેડ્ડી
(C) પી. ચિદંબરમ્ (D) એમ.પી. નાયડુ

**૬.** ગ્રીન પાર્ક સ્ટેડિયમ ક્યાં આવેલું છે?
(A) કાનપુર (B) પશ્ચિમ બંગાળ
(C) ચેન્નાઈ (D) મહારાષ્ટ્ર

**૭.** નવનિર્માણ આંદોલન કયા મુખ્યમંત્રીના સમયમાં થયું હતું?
(A) જીવરાજ મહેતા (B) ચીમનભાઈ પટેલ
(C) બાબુભાઈ જશભાઈ પટેલ (D) બળવંતરાય મહેતા

**૮.** સૌપ્રથમ વખત રણજીતરામ સુવર્ણચંદ્રક ૧૯૨૮માં કોને આપવામાં આવ્યો હતો?
(A) ઝવેરચંદ મેઘાણી (B) ઉમાશંકર જોશી
(C) ચંદ્રકાંત બક્ષી (D) નર્મદ

**૯.** ૨૦૧૬થી કયા રાજયમાં મનરેગા યોજના હેઠળ મજુરી ઈ-ટ્રાન્સફર કરવામાં આવશે?
(A) મહારાષ્ટ્ર (B) તામિલનાડુ
(C) કેરળ (D) કર્ણાટક

**૧૦.** નીચેનામાંથી કયા રાજયોમાં પંચાયતી રાજ અસ્તિત્વમાં નથી?
(A) મિઝોરમ (B) મેઘાલય
(C) નાગાલેન્ડ (D) આપેલ તમામ

**૧૧.** 'ભારત રત્ન' પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા કોણ હતી?
(A) મધર ટેરેસા (B) ઈંદીરા ગાંધી
(C) લતા મંગેશકર (D) સરોજીની નાયડુ

**૧૨.** સંયુક્ત રાષ્ટ્રની સલામતી સમિતિના કાયમી સભ્યો કેટલા છે?
(A) ૫ (B) ૬
(C) ૭ (D) ૧૫

**૧૩.** સો વર્ષનું યુધ્ધ કોની કોની વચ્ચે લડાયું હતું?
(A) ફ્રાંસ-જર્મની (B) જર્મની-ઑસ્ટ્રેલિયા
(C) ફ્રાંસ-ઈંગ્લેન્ડ (D) ઈંગ્લેન્ડ-ઑસ્ટ્રેલિયા

**૧૪.** શેની ઉપસ્થિતિને કારણે દૂધમાં મીઠાશ આવે છે?
(A) માઈક્રોજ (B) લેક્ટોજ
(C) સુક્રોઝ (D) કેરોટીન

**૧૫.** અમેરિકાની રાજધાની કઈ નદીના કિનારે આવેલી છે?
(A) ઓહયો (B) ટેનેસી
(C) યુક્રેન (D) પોટોમેક

**૧૬.** રણથંભોર રાષ્ટ્રીય પ્રાણી ઉદ્યાન કયા રાજયમાં આવેલું છે?
(A) મધ્યપ્રદેશ (B) હરિયાણા
(C) રાજસ્થાન (D) ગુજરાત

**૧૭.** સૂર્યનો આકાર પૃથ્વીથી કેટલા ગણો મોટો છે?
(A) ૧૨૪ ગણો (B) ૧૦૦ ગણો
(C) ૧૦૯ ગણો (D) ૧૧૫ ગણો

**૧૮.** ૧૯મું સાર્ક સંમેલન ૨૦૧૬માં ક્યાં યોજાશે?
(A) ભારત (B) શ્રીલંકા
(C) પાકિસ્તાન (D) અફઘાનિસ્તાન

**૧૯.** ભારતનું સૌથી ઊંચું બંદર કયું છે?
(A) કોલકાતા (B) કોચ્ચી
(C) કંડલા (D) વિશાખાપટ્ટનમ

**૨૦.** સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા પ્રધાન કોણ હતા?
(A) કનૈયાલાલ મુન્શી (B) સરદાર પટેલ
(C) બલદેવસિંહ (D) બી.આર. આંબેડકર

**૨૧.** પેપ્સીકોની જગ્યાએ કોને ઇન્ડિયન પ્રીમિયર લીગની ટાઈટલ પ્રાયોજક કંપની બનાવવામાં આવી?
(A) મોટોરોલા (B) વીવો
(C) કોકાકોલા (D) કોલગેટ

**૨૨.** આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કમિટીનું મુખ્ય મથક કયા દેશમાં છે?
(A) ઇટલી (B) સ્વિટ્ઝરલેન્ડ
(C) બેલ્જિયમ (D) ફ્રાંસ


**૨૩.** એરેનિઓલીજીમાં શેનો અભ્યાસ થાય છે?
(A) કાકીંડો (B) દેડકો
(C) કરોળિયો (D) માખી

**૨૪.** મુસરો કયા મોઘલ બાદશાહનો પુત્ર હતો?
(A) જહાંગીર (B) અકબર
(C) શાહજહાં (D) બહાદુરશાહ પહેલો

**૨૫.** વિશ્વનું પહેલું વિન્ડોઝ-૧૦ આધારીત ટી.વી.નું નિર્માણ કઇ કંપની દ્વારા કરવામાં આવ્યું?
(A) સેમસંગ (B) એલ.જી.
(C) વિડિયોકોન (D) ફિલીપ્સ

*જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલ છે.*

## અમદાવાદ જ્ઞાતિના પાયાના કર્મઠ કાર્યકરનું દુઃખદ અવસાન



**સ્વ. દલપતરામ નરસિંહભાઈ બુધ્ધભટ્ટી**
**(ઉં.વ. ૯૦)**

અમદાવાદ જ્ઞાતિના કર્મઠ કાર્યકર, સ્વ. દલપતરામભાઈ બુધ્ધભટ્ટીનું તા. ૨૧-૫-૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થતાં સમાજે એક પાયાના કાર્યકર ગુમાવતા શોકની લાગણી વ્યાપી ગઈ હતી. આજથી અંદાજે પચાસ વર્ષ પૂર્વે જ્યારે આપણા સમાજના ગણ્યાગાંઠ્યા પરિવારો અમદાવાદમાં વસતા હતા ત્યારે સમસ્ત કંસારા સમાજને અમદાવાદ ખાતે યોજાયેલ સંમેલનના આયોજનમાં પાયાના કાર્યકર તરીકે પડદા પાછળ રહી ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવેલ.

મૂળ ભુજના વતની સ્વ. દલપતભાઈ આઝાદી સમયે ભારત - પાકિસ્તાનના ભાગલા થતાં કરાંચી (પાકિસ્તાન) છોડી અમદાવાદમાં વસ્યા હતા. આ સમયે તેમના પરિવારને તેમનું સર્વસ્વ પાકિસ્તાનમાં છોડી આવવું પડેલ. પરિવારના સભ્યો સાથે છતવિહોણા કાચા મકાનમાં રહી ખૂબ સંઘર્ષ કરી તમામ જવાબદારીઓ નિભાવેલ. અરવિંદ મિલમાં તેમણે ૪૪ વર્ષ સર્વિસ કરેલ. કેન્ટીન ક્લાર્કથી કારકિર્દી શરૂ કરી સમયાંતરે પદોન્નતિ સાથે એકાઉન્ટ વિભાગના વડા તેમજ હેડ ચેકર તરીકે નિવૃત્ત થયા. આ સંઘર્ષ યાત્રામાં તેમણે પોતાના ત્રણ દીકરાઓ અને એક દીકરીને સારૂં શિક્ષણ અપાવેલ. તેમના ત્રણ પુત્રોમાં અનિલભાઈ હાલ વાસદ (આણંદ)માં વસે છે. ડૉ. હરીશભાઈ એસ.ટી. નિગમમાંથી ઉચ્ચ અધિકારી તરીકે નિવૃત્ત થયેલ છે. ત્રીજા પુત્ર વિજયભાઈ (મમતા ફર્નીચર) હાલમાં કેનેડા રહે છે. એક પુત્રી બીનાબેન વ્રજલાલ સોલંકી ભુજમાં વસે છે.

'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી સદ્‌ગતને ભાવાંજલી.

*– અતુલ સોની*

# લગ્ન વિષયક




**નામ : યશ નયનકુમાર શેઠ**

| | |
|---|---|
| સરનામું | : ૩૩, મહાવીર નગર, બામરોલી રોડ, ગોધરા. |
| ફોન | : (૦૨૬૭૨) (રહે.) ૨૪૫૯૪૦ (ઓ.) ૨૫૦૯૪૦ |
| જન્મ તારીખ | : ૧૯-૦૯-૧૯૯૬ |
| સમય | : સવારે ૫.૧૨ મિનિટે |
| ઊંચાઈ | : ૫ ફૂટ ૧૧ ઇંચ |
| વજન | : ૭૦ કિ.ગ્રા. |
| એજ્યુકેશન | : બી.બી.એ. પ્રથમ વર્ષ ચાલુ (પારૂલ ઇન્સ્ટિટ્યૂટ, વાઘોડિયા રોડ, વડોદરા.) |
| બિઝનેસ | : શ્રીનાથજી જ્વેલર્સ, અદુમ્બર કુવા, સોનીવાડ, ગોધરા. પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાનો અગ્રગણ્ય શોરૂમ. |
| ઈ-મેઈલ | : snj_mnps@yahoo.co.in |

## ફેમિલી બેકગ્રાઉન્ડ

| | |
|---|---|
| પિતા | : નયન સત્યેન્દ્રભાઈ શેઠ (૯૮૨૫૦ ૮૨૯૭૮) |
| માતા | : મનીષા નયનકુમાર શેઠ (૯૪૨૬૪ ૧૨૨૪૮ |
| ભાઈ/બહેન | : — |
| મોસાળ | : અરવિંદલાલ ભોગીલાલ કંસારા - રાધનપુર |
| હેતુ | : યોગ્ય પસંદગી માટે |
| કોન્ટેક્ટ નં. | : મનોજભાઈ શેઠ - ૯૯૭૯૦ ૪૦૩૭૦ ચેતનાબેન મનોજભાઈ શેઠ - ૮૭૫૮૮ ૩૧૪૪૦ |

## તેજસ્વી તારલાઓ



ભૂમિ
તરૂણભાઈ સાકરીયા

ધોરણ-૧ : ૮૫%



મૈત્રી
મહેશભાઈ છત્રાળા
અંજાર
ધોરણ-3 : A+



તેજસ
વિનોદ બીજલાણી
ભુજ
ધોરણ-૫ : ૮૭.૫૮%



જયવીર
ચંદ્રકાંત બુધ્ધભટ્ટી
માંડવી
ધોરણ-૫ : ૭૨.33%



ધ્રુવ
વિનોદ બીજલાણી
ભુજ
Std.-8 : 89.71%



વત્સલ
અશોક બુધ્ધભટ્ટી
ભુજ
ધોરણ-૮ : ૭૭.૪૦%



ધ્વનિ
નિખિલ કટ્ટા
અંજાર
S.S.C. : 99.45 Perc.




માનસી
ભાવેન બુધ્ધભટ્ટી
અંજાર
S.S.C. : 98.37 Perc.



દર્શન
દિનેશકુમાર સોની
તલોદ
S.S.C.: 86.17% Perc.




હીનલ
અશોક બુધ્ધભટ્ટી
ભુજ
ધોરણ-૧૧ (કોમર્સ) : ૭૫.૪૯%



વિશાલ
રવજીભાઈ બારમેડા
F.Y.B.Com. Sem.-1
62%



દિપાલી
હસમુખભાઇ બારમેડા
નલીયા
B.Com. Sem.-3 : 81.77%



અભિજીત
ભરતભાઈ બુધ્ધભટ્ટી

L.L.B. 6th Sem.



નેન્સી
શૈલેષકુમાર સોની - તલોદ
Comp. Engg. 5th Sem.
SPI : 6.80 CGPA : 6.80

### હાર્દિક અભિનંદન



**ધારા રવજીભાઈ બારમેડા (રવાપર)**
બી.બી.એમ. બીદડા સ્કુલ દ્વારા આયોજીત નિબંધ સ્પર્ધામાં કચ્છમાં પ્રથમ નંબર મેળવેલ છે. ઉપરાંત B.Ed. (સેમેસ્ટર-૨)ની પરીક્ષામાં ૯૩% ગુણાંક મેળવી સમગ્ર કચ્છમાં ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.

### હાર્દિક અભિનંદન



**ડૉ. કુ. ભક્તિ ઠાકરશી (દિનેશ) કટ્ટા**
કુ. ભક્તિએ ચાલુ વર્ષે વડોદરાથી ગાયનેક ડી.જી.ઓ.માં ઉચ્ચ ગુણાંક સાથે ઉચ્ચ ડિગ્રી મેળવી ડૉક્ટર બનેલ છે.

# મચ્છરો અને તેનાથી ફેલાતી બીમારીઓ – (૧)

દિલીપ મ. વૈશ્નવ

મચ્છરોથી ફેલાતી બીમારી એટલે મચ્છરજન્ય બીમારી. મેલેરિયા ફાઇલેરિયા (હાથીપગું), ડેન્ગ્યુ, ચીકુનગુનિયા અને જેપનિસ એંનકેફેલાઈટીસ – ભારતની પ્રજા આ પાંચ બીમારીઓથી પીડિત છે... ગુજરાતમાં મેલેરિયા, ફાઈલેરિયા, ડેન્ગ્યુ અને ચીકુનગુનિયા પ્રવર્તમાન છે. ફાઇલેરિયાને બાદ કરતાં આ બાકીની ત્રણ બીમારીઓ ગુજરાતની વસ્તીને બીમાર પાડી દે છે : કેટલાકનું મોત પણ થાય છે. ફાઈલેરીઆ દરિયા કિનારે રહેતા લોકોને થાય છે. (હાથીપગા રોગ વિશે આપણને ખબર પડતી નથી) આપણે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકુનગુનિયાની વાત આગળ પછી કરશું. અહી મચ્છરો, તેના ઉત્પત્તિ સ્થાનો અને આપણાં ઘરો અને કાર્યાલયોમાં થતાં મચ્છરોના પાણીવાળા ઉત્પત્તિ સ્થાનોમાંથી જાતે અને સામૂહિક રીતે મચ્છરોની પેદાશનો નાશ કરી આ બીમારીઓથી સુરક્ષિત રહીએ, તે બાબત વાત કરીશું.

- **મચ્છરો વિષે :**

વિશ્વમાં ૩૦૦૦ જેટલા વિવિધ પ્રકારના મચ્છરો અસ્તિત્વમાં છે. પ્રજાતિઓ પણ ઘણી છે જેમાંથી બહુ થોડી પ્રજાતિ કુદરતી રીતે રોગવાહક બની રોગ ફેલાવવા માટે સક્ષમ બની જાય છે. બીમારીઓ માટે પરોપજીવીઓ (PARASITES), વિષાણુઓ (VIRUSES) આ રોગ માટે જવાબદાર છે. ગુજરાતમાં ૨૪ એનોફિલીસ મચ્છરો છે જેમાંથી ત્રણ એનોફિલીસ મચ્છરોની વાહક પ્રજાતિઓ મેલેરિયા ફેલાવે છે.

નર મચ્છર સામાન્ય રીતે બહારની જગ્યાઓ આરામ માટે પસંદ કરે છે, તો માદા મોટે ભાગે મકાનો અને વાડામાં રહેવાનું પસંદ કરે. કેટલાક વળી ઘરોની બહાર વૃક્ષની છાયામાં, બખોલ કે તેને અનુકૂળ હોય તેવી જગ્યાઓ શોધી લે છે. મચ્છરોને સંતાવા માટે અંધારી, ભેજવાળી અને ઠંડક હોય તેવી જગ્યાઓ અનુકૂળ પડે છે. કેટલાક મચ્છરો ચોખ્ખા પાણીમા ઇંડા મૂકે તો વળી કેટલાક મચ્છરો ગંદા પાણીમાં ઇંડા મૂકે. તેમાંથી પોરા થાય અને પોરામાંથી કોશેટો થાય અને કોશેટોમાથી મચ્છર બહાર નીકળે. આ જીવનચક્રને ૮ થી ૧૦ દિવસ લાગે છે. અનુકુળ વાતાવરણમાં, નર મચ્છરો આસપાસની વનસ્પતિમાંથી ખોરાક મેળવે છે. માદા મચ્છરો ચોપગા પ્રાણીઓ તેમજ માનવોના લોહીને ખોરાક તરીકે પસંદ કરે છે, વળી લોહી માદાના ગર્ભાશયમા તૈયાર થતા ઈંડાંના વિકાસ માટે જરૂરી છે, કેટલાક મચ્છરોની બધી જ દૈહિક ક્રિયાઓ રાત્રે થાય છે, જ્યારે કેટલાકની આ ક્રિયાઓ દિવસે ચાલે છે. એનોફિલીસના પોરા પાણીમાં સમાંતરે તરે અને કુલેક્ષ અને ઈડીસના પોરા ત્રાંસા તરે છે. પાણીની અંદરની સપાટી સાથે ખુણો કરી તરતા હોય છે આ પોરા તમે નરી આંખે ઓળખી શકશો. આમ મચ્છરોની સામાન્ય માહિતી પૂરી થઈ. પણ આપણે મેલેરિયા અને ડેન્ગ્યુની વાત જ્યારે કરીશું ત્યારે જે તે મચ્છરોની વાત કરીશું.

- **મચ્છરોના ઉદ્‌ગમ સ્થાનો :**

ચોમાસામાં અને ચોમાસા બાદ કેટલાક સમય દરમ્યાન અનેક સ્થળોએ મચ્છરોની વસ્તી વધી જાય છે. નદીનાળા, ડૅમ, તળાવો વગેરેના કિનારે અને આસપાસ અનેક ખાડાઓ, ખાબોચિયાઓમાં પાણી સ્થગિત થાય અને તેમાં મચ્છરોની પેદાશ શરૂ થઈ જાય. બંધ અને સ્થગિત કુવાઓ, ઈરીગેશન કેનાલ ચાલુ ન હોય ત્યારે તેમાં ભરાઈ રહેતા પાણી ડાંગરના ખેતરો પણ મચ્છરોના ઉદ્‌ગમ સ્થાનો છે. ઋતુ પરિવર્તન સમયે, શિયાળામાં અને ઉનાળામાં જ્યાં જ્યાં પાણી હોય ત્યાં ત્યાં મચ્છરોની ઉત્પત્તિ થોડા અંશે ચાલુ રહે છે. આ સીઝનમાં ચોમાસા જેટલા ઉત્પત્તિ સ્થાનો ન હોય અને ચોમાસા જેટલી મચ્છરોની સંખ્યા પણ ન હોય. આ બધા ગ્રામ્ય વિસ્તારોના અને થોડે ઘણે અંશે શહેરોની બહાર ચોમાસાને કારણે અગણિત બ્રિડીંગ જગ્યાઓ બને છે.

શહેરી વિસ્તારોના મચ્છરોના ઉદ્‌ગમ સ્થાનો પર નજર દોડાવીએ તો આ પ્રકારના ઉત્પત્તિ સ્થાનો જોવા મળે છે : પાણીની વિવિધ ટાંકીઓ, ઘડા, માટલા, પીપ, કોઠી, ફુલદાની, કુવાઓ, હોજ, હવાડા, ફુવારાઓ, સ્વિમિંગ પુલ, પક્ષીઓને પાણી પીવાના કૂંડા, ઍરકૂલર્સ, ફ્રીજની ટ્રે, ધાબા કે અગાસી પર, ચોકમાં પડેલી નકામી ચીજવસ્તુઓ જેવી કે, ડબા, ડુબલા શીશા, નકામા ટાયર્સ, નાળિયેરની કાચલી, ત્રોફા, ચોમાસાનું પાણી આ બધામાં ભરાય અને મચ્છરો ઈંડા મૂકે છે. અગાસી કે ધાબા પર કે છજા પર પાણી સ્થગિત થાય તો તે પણ મચ્છરોની વસ્તી વધારે છે. ઘણાના ઘરોમાં કે ફળિયામા પડતર કૂવા પણ મચ્છરોના ઉદ્‌ગમ સ્થાનો છે. આમ જુવો તો ચોમાસામાં ગણ્યા ગણાય નહીં એટલા બધા અગણિત મોસ્કિવટો બ્રિડીંગ પ્લેસિસ છે. અહીં શહેરી વિસ્તારના લોકો જો ધારે તો અને સાથે શહેરી મ્યુનિસિપલ સંસ્થાઓની મજબુત ઇચ્છાશક્તિ હોય તો મચ્છરોની પેદાશ પર આપણે નિયંત્રણ લાવી શકીએ અને આવતા મચ્છરજન્ય રોગથી બચી શકીએ. (મચ્છરોની નાબુદી શક્ય નથી, પણ તેને આપણે સૌ સાથે મળીને નિયંત્રણમાં ચોક્કસ રાખી શકીએ)

- **રોકથામના પગલાંઓ :**

મચ્છરજન્ય રોગો પર અંકુશ રાખવા માટે બે પદ્ધતિઓ છે : જંતુનાશક દવાઓનો છંટકાવ ઘરોમા કરવાથી વાહક મચ્છરો પર નિયંત્રણ લઈ શકાય અને ઉત્પત્તિ સ્થળો પર પોરાનાશક કામગીરી પર નિયંત્રણ કરીને નવા મચ્છરોને બનતા અટકાવી મેલેરિયા જેવા રોગના પ્રસરણને અટકાવી શકાય. જેની કામગીરી ગ્રામ્ય એરિયામા સરકારના નિર્દેશન હેઠળ જિલ્લાના આરોગ્યતંત્ર પાસે છે, જયારે મચ્છરજન્ય બીમારીને રોકવા માટેની જવાબદારી કેટલીક

મહાનગરપાલિકાઓ અને નગરપાલિકા પાસે છે. આ સંસ્થાઓએ મુખ્યત્વે પોરાનાશક કામગીરી અને સાથે જો રોગચાળો વકરતો હોય તો ફોગીંગ સ્પ્રે કરે છે. પોરાનાશક કામગીરી હેઠળ ઘણી કાર્યવાહી કરવાની થાય છે. (ગ્રામ્ય વિસ્તારોમાં પોરાનાશક કાર્ય કરવું વ્યવહારૂ નથી. ઘરોમાં જંતુનાશક દવાઓનો મેલરિયા પ્રભાવિત ગામડાઓમાં થાય) આપણે શહેરી વિસ્તારોમાં રહેતા હોવાથી નીચે સુચવેલા પગલા વ્યક્તિગત અને સામુહિક રીતે મચ્છરોની ઉત્પત્તિ રોકી મચ્છરોની બીમારીથી સુરક્ષિત રહીએ. સૌની જવાબદારી અને ભાગીદારીથી આપણે આ કામગીરી શા માટે ન કરી શકીએ? નીચે દર્શાવેલા પગલાં લઈ આપણે સૌ મચ્છરોની ઉત્પત્તિ રોકીએ અને નિરોગી રહીએ.

★ ચોમાસું આવે તે પહેલા ધાબા, અગાસી, ચોકમાં સંગ્રહેલ નકામી ચીજવસ્તુઓનો નિકાલ કરી દઈએ. ભાંગેલા ફુટેલા શીશા, ડબા, ડબલાં, બાલદી, ટાયરો, નાળિયેરની કાચલી અને ત્રોફા વગેરેમાં વરસાદી પાણી ભરાય નહીં તેની કાળજી લઈએ.

★ ચોમાસામાં એરકુલર બંધ રાખીએ અને ઉનાળામાં પાણી વારંવાર બદલી, કોરૂં કર્યા પછી જ પાણી ભરવું.

★ પડતર કે બંધ કૂવામાં, મોટા હોજ, અન્ય ખૂબ મોટી પાણી ભરેલી ટાંકીઓમાં પોરાનાશક માછલીઓ મુકાવવી. આ માછલીઓ જિલ્લા કે નગરપાલિકાના આરોગ્યતંત્ર પાસેથી મળી શકે.

★ વપરાશી નાના પાત્રોને સાફસુફ રાખી બરાબર ઢાંકી રાખીએ. એજ રીતે તમામ ટાંકીઓને હવાચુસ્ત બંધ રાખીએ.

★ ફુલદાની, પક્ષીકુંડ, હવાડા વિ. સપ્તાહમાં દર અઠવાડિયે એક વાર સાફ કરી, નવું પાણી ભરીએ.

★ જે સંસ્થા પાસે ફુવારા, તરણ કુંડને જયારે વપરાશમા ન હોય ત્યારે પાણી વગર રાખવા અને ચોમાસા વખતે પાણી ભરાય ત્યારે સપ્તાહમા બે વાર પાણીનો નિકાલ કરવો અને સાફ રાખવા.

★ ચોમાસામાં દરેક મકાનોના છજામાં પાણી ભરાય છે. તો આ પાણીનો નિકાલ કરવો.

★ ફ્રીજની ટ્રે વારંવાર ખાલી કરો અને લુછો.

★ પાણીનું લીકેજ દૂર કરો. ખાડા, ખાબોચિયામાં ભરાયેલ પાણીને વહેવડાવી દો. જરૂર હોય તો ખાડા, ખાબોચિયાનું માટી કે રેતીથી પુરાણ કરી દો. પાણીના સાધનોને સમયાંતરે સાફ રાખો અને ઢાંકી રાખો.

આ ટીપ્સ સૌ માટે છે. દરેક વ્યક્તિ, દરેક સંસ્થાઓની, કોઈ પણ પ્રકારના મકાનોનો વપરાશ કરતા હોય તે તમામ લોકોની જવાબદારી છે કે તેમના મકાનોમા મચ્છરોની પેદાશ થવી ન જોઈએ. સરકાર તરફથી સમાચારપત્રમાં અને ટીવીમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકુનગુનિયાના પ્રસરણ માટે જરૂરી જાહેરાતો આવે છે તે જોતા રહો અને પોતાના સ્થળોએ મચ્છરોની ઉત્પત્તિને દૂર કરવાનો પ્રયત્ન કરી આ બીમારીમાંથી સુરક્ષિત રહો. મચ્છરોને કરડતા રોકીએ. તે માટે શુ કરવું જોઈએ, તે જોઈએ.

★ મકાન કોઈ પણ પ્રકારનું હોય તો તેના બારી-બારણાને મોસ્કિટોપ્રૂફ બનાવવા માટે ઝીણી જાળી ફિટ કરાવો. અને તેમ ન કર્યું હોય તો સમી સાંજે અરધા કલાક માટે બારીબારણા બંધ રાખો. સવારે આ ખુલ્લા રાખી ઝાપટઝુપટ કરી મચ્છરોને આવતા રોકો અને ઘરમાં હોય તો ઘરમાંથી ભગાડો.

★ રાત્રે, દિવસે લીમડાનો ધૂમાડો કરો. લોબાન કે આશપુરી ધૂપ કરો.

★ જંતુનાશક દવાનો સ્પ્રે કરો. અર્ધો કલાક રૂમો બંધ રાખો. હર્બલ મચ્છર ભગાવો અગરબત્તીનો ઉપયોગ કરો. આ માટે સિન્થેટીક રસાયણયુક્ત અગરબત્તી કે ઈલેક્ટ્રીક મેટ્સની જગ્યાએ હર્બલ પ્રોડક્ટસ વાપરો. વાપરતા પહેલા ઉત્પાદકની સૂચના અવશ્ય વાંચો અને તેનું પાલન કરો. હર્બલ લોશન કે ક્રીમ શરીરના ખુલ્લા રહેતા અંગો પર લગાડો. આ સમયે આવતી સરકારની જાહેરાતો વાંચી તેનો અમલ કરી બીમારીથી સુરક્ષિત રહેવા પ્રયત્ન કરો.

★ મચ્છરદાનીમા સુવાની ટેવ કેળવો. ખાસ કરીને જયારે મચ્છરજન્ય બીમારીઓનો ફેલાવો ઉગ્ર હોય ત્યારે તો ખાસ! નાના ભુલકાઓ, બાળકો, સગર્ભા બહેનો, વયસ્ક લોકો અને બીમાર લોકોએ આ વાવર વખતે મચ્છરદાનીમા જ સૂવું જોઈએ. આ રોગચાળો ઉગ્ર રીતે ન ફેલાય તેની જવાબદારી શહેરી વિસ્તારની સંબંધિત પ્રસાશનની છે, પણ આપણે પ્રજાનો એક ભાગ હોતાં આપણી પણ ભાગીદારીમાં એટલી જ જરૂર છે, એ સ્વીકારવું રહે.

★ કૃપયા વાંચીને ભૂલી ના જતા. અમલ કરવો એ તમારા હાથમાં છે. આ લેખનું વિતરણ તમે કરશો તો મને આનંદ થશે. તમારી નગરપાલિકા અને સ્થાનિક આરોગ્ય અધિકારી કે મેલેરિયા ઓફિસર કે (મ્યુનિસિપાલિટીના) બાયોલોજિસ્ટનું જરૂર જણાય તો માર્ગદર્શન લેશો.

આ પછી આપણે ત્રણે મચ્છરજન્ય બીમારીની વિગત મેળવશું.

***(ક્રમશઃ)***

# જમીન તથા મકાનોને લગતા દસ્તાવેજી પુરાવાની ફાઈલ તૈયાર કરો

આપણે ઘણા જ પરિશ્રમો દ્વારા જમીન તથા મકાન ઊભું કરીએ છીએ અને હાશકારો અનુભવીએ છીએ પરંતુ આપણી પાસે સોનુ છે તેની જાળવણી બેંક લોકરમાં કરીએ છીએ. તેના કરતા વધુ કિંમતી જમીન તથા મકાનને લગતા દસ્તાવેજી પુરાવાની જાળવણી તથા પુરાવાઓ આપણે એકઠા કરી શકતા નથી અને આજની તારીખે તે પુરાવાની ફાઈલો આપણી પાસે નહિ હોય અથવા હશે તો અધૂરી હશે તથા કાગળોની સાથણી પણ ન હોય તેવું બનેલ હશે.

રેકર્ડઝ ઓફ રાઈટ્સ બે રીતે વહેંચાયેલ છે ગ્રામ્ય કક્ષાએ ૭ X ૧૨ ને અને શહેર કક્ષાએ સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડ દ્વારા રેકર્ડઝ ઓફ રાઈટ્સનો હક્ક જમીન ધારક અથવા મકાન માલિકને મળે છે અને તે આધારે વારસાઈ, વેચાણ, ગીરો, લોન, જમીન દ્વારા અનેક લાભો મળે છે. આમ રેકર્ડઝ ઓફ રાઈટ્સ ઘણી જ અગત્યની બાબત છે. રેકર્ડસ ઓફ રાઈટ્સ જેટલા ચોખ્ખા હશે તેટલો જ વધુ ફાયદો થાય છે. જેમ કે:

૧. વારસાઈમાં ઝઘડા થવાની શક્યતા ઘટે છે.

૨. વેચાણ વખતે સરકારી કચેરીઓના ધક્કાનો સમય બગડતો નથી.

૩. જમીન તથા મકાનની વેચાણ કિંમત વધુ મેળવી શકાય છે.

૪. જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે લોન સરળતાથી મેળવી શખાય છે.

૫. જામીન થવાનું હોય તો સરળતાથી જામીન થઈ શકાય છે.

૬. વીલ તથા જમીન અને મકાન બાબતે કરારો કરવાના હોય ત્યારે સરળતાથી કરી શકાય છે.

૭. સરકારી કચેરીમાં રેકર્ડઝ ખોવાઈ ગયેલ હોય તથા સળગી જાય ત્યારે આ રેકર્ડઝ ફાઈલ ઘણી જ અગત્યની પુરવાર થાય છે અને તમારા રેકર્ડઝ મુજબ નવેસરથી રેકર્ડઝ ઉપસ્થિત કરી શકાય છે.

૮. તમારી મિલકતની વહેંચણી પણ સરળતાથી કરી શકાય છે.

આમ ઉપરોક્ત મુજબ જો તમે જમીન/મિલકત ધરાવતા હોય અને ૭ X ૧૨ પ્રોપર્ટી કાર્ડમાં નામ ચાલતું હોય અને રેકર્ડઝ ઓફ રાઈટ્સ ભોગવતા હોય તો નીચે મુજબ દસ્તાવેજી પુરાવા સરકારી કચેરીના સહી સિક્કા સાથે લેમીનેશન કરાવી ફાઈલ અદ્યતન રાખવા નીચે મુજબના પુરાવા જે તે કચેરીમાંથી એકત્ર કરો અને ફાઈલ તૈયાર કરો.

૧. તમારા સર્વે નંબર તથા આજુબાજુના સર્વે નંબરના ટીપ્પણ.

૨. તમારા સર્વે નંબર તથા આજુબાજુના સર્વે નંબરના નકશાની નકલ અથવા તે ગામનો આખો નકશો.

૩. તમારા સર્વે નંબર તથા આજુબાજુના સર્વે નંબરની પ્રતિબુક.

૪. તમારા સર્વે નંબર તથા આજુબાજુના સર્વે નંબરનો આકરબંધ/કાયમ ખરડાની નકલ.

૫. તમારા સર્વે નંબર તથા આજુબાજુના સર્વે નંબરની માપણીની નકલો.

૬. તમારા સર્વે નંબરોની પાંચ વર્ષે એક વખત માપણી કરાવવી હિતાવહ છે. જેથી કોઈએ દબાણ કરેલ હોય તો સ્પષ્ટ ખ્યાલ આવી જાય.

૭. માપણીની નકલ મેળવો ત્યારે હિસ્સા ફોર્મ નં. ૪ મેળવી લેવું.

૮. જ્યારે ભાગલા પાડો ત્યારે ડિસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડઝ કચેરી દ્વારા વહેંચણી કરાર મુજબ માપણી કરાવી, નમૂના નં.-૧૧અ મેળવી લો અને મામલતદાર કચેરી દ્વારા ૭ X ૧૨ અલગ કરાવી લેવા હિતાવહ છે.

૯. કલેક્ટર કચેરી દ્વારા મામલતદાર કચેરીમાંથી ૭ X ૧૨, ૮-અ, નંબર-૬ ની નકલ દર વર્ષે મેળવી ફાઈલે રાખવી હિતાવહ છે.

૧૦. એકત્રીકરણ થયેલ હોય તો બ્લોક નંબરની માપણી, ચિરાયેલા સર્વે નંબરમાંથી બનેલ બ્લોક માપણી/ એકત્રીકરણની તકતાની નકલ/રીવાઈઝડ એકત્રીકરણ તખ્તાની નકલ.

૧૧. રી-સર્વે થયેલ હોય તો રી-સર્વે નંબરના આજુબાજુ નંબરના નકશાની નકલ/ખેતારવાર પત્રકની નકલ મેળવી લેવી.

૧૨. ટી.પી. સ્કીમ દાખલ થયેલ હોય અને ફાઈનલ પ્લોટ પડેલ હોય તો તેની માપણી શીટ તથા આજુબાજુના માપણી શીટની નકલ/એફ-ફોર્મની નકલ/નકશાની નકલ મેળવી લેવી.

૧૩. ટી.પી. સ્કીમ દાખલ થતી હોય ત્યારે આખી ટી.પી. સ્કીમની માપણી થતી હોય ત્યારે તમારી જમીન તથા મકાનની માપણીમાં ચોક્કસાઈ રાખવી. જેથી રોડ, રસ્તા તથા રીઝર્વેશન બાબતે ખાસ ધ્યાન રાખવું તે અંગે રેકર્ડઝ

મેળવવા.

૧૪. સોસાયટી બિનખેતી થઈ ગયેલ હોય ત્યારે પ્લાન મુજબ બિનખેતી દુરસ્તી કરાવી ૭ X ૧૨માં તમામ સભ્યોના નામ દાખલ થાય તેવી કાળજી રાખવી અને તે ફાઈલ અદ્યતન રાખવી.

૧૫. જમીન તથા મકાનના ક્ષેત્રફળ તથા હદ બાબતે વધુ ચોકસાઈ રાખવી તથા પુરાવા ફાઈલે રાખવી.

૧૬. જમીનના ખેતર ઉપર હદ નિશાન જે હોય તે કાયમ રાખવા તથા ચકાસણી વખતોવખત કરાવી હદ નિશાન ન હોય તો માપણી કરી હદ નિશાન કરાવી કાયમી હદ નિશાન ઊભા કરવા.

૧૭. તમારી જમીન રોડ, કેનાલ સંપાદન થતી હોય ત્યારે તેના નકશા મેળવી લેવા અને તે મુજબ માપણી કરાવી સંપાદન ક્ષેત્રફળ બરાબર છે કે કેમ તે ચકાસી રેકર્ડઝ ફાઈલે રાખવા.

૧૮. સંપાદન થયા બાદ ડિ.ઈ.લે.રે. રેકર્ડ પર દુરસ્તી કરાવી લેવી. નહિંતર તેનું મહેસૂલ તમારે ભરવાનું થશે.

૧૯. સોસાયટીમાં રહેતા હોય તો શેર સર્ટીફિકેટ/સભ્ય દાખલો/એલોટમેન્ટ લેટર/કોર્પોરેશન-ઔડા પ્લાન પાસ/રજા ચિઠ્ઠી/બી.યુ. પરમિશન/રજિસ્ટ્રેશનનો દાખલો/સોસાયટી બંધારણ.

૨૦. યુ.એલ.સી. ના હુકમો

૨૧. ૭ X ૧૨ હોય તો સને ૧૯૫૦થી આજદિન સુધીના ઉતારા મેળવી લેવા.

૨૨. સીટી સર્વે લાગતું હોય ત્યાં જે તે કચેરીમાંથી તમારા સીટી સર્વે નંબરોની એસ.આઈ. કેસની નકલ ફાઈલ ખાસ રાખવી. તેમાં પણ દર વર્ષે ઉપર જણાવ્યા મુજબની કાર્યવાહીઓ કરવી.

૨૩. ખાસ ઍડવાઈઝ આપવાની કે સીટી સર્વે દાખલ થતાં જે તે સીટી સર્વે નંબરની સનદ આપવામાં આવે છે તે સનદ જે તે મિલકત ધારણ કરનાર કર્મચારીને આપવામાં આવે છે ત્યારે ધક્કા ખવડાવે છે તથા ઉધ્ધતાઈભર્યા જવાબો આપવામાં આવે છે. જે વ્યવહાર બદલી આ સનદો તાત્કાલિક લેવી હિતાવહ છે. આ સનદ ફક્ત એક જ વખત આપવામાં આવે છે. તે સનદની લેમીનેશન કરાવવી વધુ હિતાવહ છે. તે સનદ લઈ તમારી મિલકતની ચકાસણી પણ કરી લેવી. તેમાં સુધારા કરવાપાત્ર હોય તો આગળની કાર્યવાહી કરવી હિતાવહ છે. ■

## "માં"

*જીવનની દર એક ક્ષણ, માં તારા માટે તો ખાસ છે*
*શબ્દોમાં ના જે મળે, કોઈ શબ્દોમાં ના જે મળે,*
*મનનો એ અંત્યાનુપ્રાસ છે.*

*જીવનની૦*

*મેં જોઈ ના એ પળ કદી, મુખથી 'ઉફ' તું ઉચ્ચરે કદી,*
*અશ્રુમાં જે છે વહે, તારા અશ્રુમાં જે છે વહે,*
*દિલનો એ દરિયો વિરાટ છે.*

*જીવનની૦*

*વાગી કદી 'ઠોકર' મને, મુખથી 'આહ' તારી પડી,*
*મમતાથી જે છે રૂઝે, તારી મમતાથી રૂઝે,*
*'ઈશ'નો આ એવો પ્રસાદ છે*

*જીવનની૦*

*દીકરી બની અવતરી અહીં, પત્નીરૂપી નદી બની,*
*મમતા સાગર બની, મમતા મહેરામણ બની,*
*જગને મળેલો વરદાન છે.*

*જીવનની૦*

*'ઈશ'ની જ્યાં કૃપા મળી, 'માં' રૂપી મૂર્તિ ત્યાં ઢળી,*
*'માં' માં જે 'ઈશ'ને જુએ...*
*એ તો 'ઈશ'થી ખુદનો મિલાપ છે.*

*જીવનની૦*

*રડે 'કવન'નું ઉદાસ મન,*
*મળશે ના 'માં' જેવું રતન,*
*મોંઘામૂલા ઓ રતન, તું તો 'ઈશ' પાસે માંગેલી આશ છે*
*'રક્ત'થી ન ચૂકવી શકું, ઋણ તારો એવો અપાર છે*
*ઋણ તારો એવો અપાર છે...*

***કવિતા સોલંકી 'કવન' - આદિપુર***

## ભૂલ સુધાર

'જ્ઞાતિસેતુ' ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૬ના અંકના પાના નં.-૯ ૫૨ 'જ્ઞાતિ સમાચાર'માં પેરેગ્રાફ-૩ની ૭મી લીટી ૫૨ ક્રમ નં.-૨થી નામ "શ્રી ચંદ્રકાંત વેલજી કંસારા" છપાયેલ છે જે સુધારી, તેની જગ્યાએ "શ્રી ચમનલાલ વેલજી કંસારા (સોલંકી)" વાંચવા વિનંતી.

# ઉનાળાના ઠંડા શરબત - આઈસ્ક્રીમ

હંસા સોની - અમદાવાદ

## લેમન ફુદીના મોકટેલ

***સામગ્રી :*** ૨ લીંબુનો રસ, ૧/૨ કપ ખાંડ, ૧ કપ તાજો ફુદીનો, ૩ કપ પાણી, ૧ ટી-સ્પૂન મરી પાવડર.

***રીત :*** એક મોટા વાસણમાં લીંબુનો રસ અને ખાંડ મિક્સ કરીને ઓગાળો. તેમાં ફુદીનાના પાનને ઝીણા સમારીને અથવા પીસીને મિક્સ કરો જેથી તેનો રસ મિશ્રણમાં ભળી જાય. હવે તેમાં પાણી ઉમેરી બરાબર હલાવો. હવે તેમાં મરી પાવડર ઉમેરો. તરત પીવા માટે આઈસ ક્યુબ નાંખીને હલાવીને પી શકો. થોડીવાર પછી પીવા માટે ફ્રીજમાં મૂકી દો.

## બ્લ્યુ લાઇમ શરબત

***સામગ્રી :*** લીંબુ, બ્લ્યુ કલર, સુગર ક્યુબ, આદુ, સોડા, બરફ, ડેકોરેટ સ્ટ્રોક.

***રીત :*** સૌપ્રથમ બ્લ્યુ કલર, સુગર, આદુ અને બરફને મિક્સર ગ્રાઈન્ડરથી મિક્સ કરી લો. હવે લીંબુને કાપીને તેનો રસ નીકાળો. તૈયાર મિક્ષ્ચરને એક જગમાં નિકાળો. તેમાં લીંબુનો રસ અને સોડા નાખીને બરાબર હલાવો. ગ્લાસને ડેકોરેટ કરવા માટે ડેકોરેટ સ્ટ્રોક લગાવી દો. આ સાથે લેમનની એક સ્લાઈસ પણ લગાવી દેવી. લો, તૈયાર થઈ ગયો તમારો કૂલ બ્લ્યુ લાઇમ જ્યુસ.

## આઈસ્ક્રીમ : ચોકો-કોકોનટ કુલ્ફી

***સામગ્રી :*** ૧ લીટર દૂધ, ૧૦૦ ગ્રામ નાળિયેરનું ખમણ, ૧૦૦ ગ્રામ ક્રીમ, ૧/૨ ટીન કન્ડેન્સ્ડ મિલ્ક, ૩ ટેબલ સ્પૂન ખાંડ, ૨ ટેબલ સ્પૂન ડ્રિન્કિંગ ચોકલેટ પાઉડર, ૧ ટી-સ્પૂન કોકો પાઉડર, ૧ ટે.સ્પૂન કોર્નફ્લોર, ૧ ટે.સ્પૂન ચારોળીનો ભૂકો, ૧ ટે.સ્પૂન કાજુનો ભૂકો, વેનીલા એસેન્સ.

***રીત :*** એક વાસણમાં દૂધ ઉકાળવા મૂકવું. થોડા ઠંડા દૂધમાં કોર્નફ્લોર મિક્સ કરી અંદર નાખવો. પછી તેમાં ખાંડ નાખવી. જાડું થાય એટલે ઉતારી, ઠંડું થાય એટલે તેમાં નાળિયેરનું ખમણ, ક્રીમ, કન્ડેન્સ્ડ મિલ્ક, ચોકલેટ પાઉડર અને કોકો પાઉડર નાખી, મિક્સરમાં બીટ કરવું. પછી તેમાં વેનીલા એસેન્સ, ચારોળીનો ભૂકો અને કાજુનો ભૂકો નાખી કુલ્ફીના મૉલ્ડમાં ભરી રેફ્રીજરેટર (ફ્રીઝર)માં મૂકવું. કુલ્ફી સેટ થઈ જાય એટલે કાઢી લેવી.

## 'વેસ્ટમાંથી બેસ્ટ'

બહેનો, આજકાલ પંજાબી સૂટ બધી જ બહેનો પહેરે છે પરંતુ ડ્રેસ કરતાં તેની ઓઢણી ખૂબ જ સારી પડી રહે છે. તેને ઘસારો ડ્રેસ કરતાં ઓછો લાગે છે આ ઓઢણીમાંથી આપણે ઘણી વસ્તુઓ બનાવી શકીએ છીએ. પછી તે ઓઢણી કોટનની હોય કે સિન્થેટીક મટીરિયલ્સની! તો ચાલો બનાવીએ, વેસ્ટમાંથી બેસ્ટ...

૧. ઓઢણી લગભગ સવા બે મીટરની હોય છે. તો તેના ઉભા લીરા કાપી રીબીનની જેમ (૧ સે.મી. માપના કાપી લો) તેની બને તો મશીનથી સીલાઈ કરી લો યા ગાંઠ બાંધી લો. પછી તેનો મનગમતો શેઈપ આવી પગલૂછણિયું કે ટેબલક્લોથ તરીકે તેનો ઉપયોગ કરી શકાય. પટ્ટીઓને પણ દોરાથી સીવી લો.

૨. અલગ અલગ કલરની ઓઢણીના ઊભા લીરા કરો. તેને ઊભી જ સીલાઈ કરો. તેમાંથી બારી કે દરવાજાના કર્ટન (પડદા) તરીકે તેનો ઉપયોગ કરી શકાય.

૩. કોટનની ઓઢણીની ચાર ગડી કરો અને જો તેમાં ફ્લોરલ પ્રિન્ટ કે બોર્ડર હોય તો તે પ્રમાણે ગોઠવી થેલીના આકારમાં (ટોટબેગ) કાપી તેની સીલાઈ કરો. સુશોભન માટે બૉ-ટાઈ કે ફૂલ બનાવી લગાવી દો. તેમાં ચેઈન લગાવો કે બેલ્ટ પણ લગાવી શકાય છે. તમારી ખરીદી સમયે કે બહારગામ ફરવા જવામાં આ ટોટબેગ ખૂબજ ઉપયોગી થઈ પડશે.

***રોહિણી બી. બુદ્ધભટ્ટી***

## અજમાવી જુઓ

★ મધની બોટલમાં બે-ત્રણ મરીના દાણા રાખવાથી મધ લાંબો સમય સુધી સારૂં રહે છે અને કિડીઓ પણ ચડતી નથી.

★ પગરખાં પાણીમાં પલળવાથી કડક થઈ ગયાં હોય તો તેને કેરોસીનથી સાફ કરવાથી પાછા નરમ થઈ જશે.

★ મગની દાળના ભજીયા બનાવતી વખતે પીળી મગની દાળની બદલે ફોતરાવાળી દાળનો ઉપયોગ કરવાથી ભજીયાં પોચાં અને ટેસ્ટી બનશે.

★ કારેલાની કડવાશ દૂર કરવા તેને ખારી છાશમાં પલાળી રાખવા.

★ નાળિયેરની ચટણી બનાવતી વખતે તેમાં ચાર પાંચ પેશી ખજૂરની બિયાં કાઢીને વાટવી.

★ પાપડ સાથે મેથીના થોડા દાણા રાખવાથી પાપડ નરમ રહેશે.

★ પકોડા બનાવતી વખતે ચણાના લોટમાં ચોખા વાટી, ભેળવી દેવાથી પકોડા ક્રિસ્પી બનશે.

★ દહીં જામી ગયા બાદ તેના પર થોડું પાણી નાખી રહેવા દો. પાણી નીતારી દેવાથી દહીંમાંની ખટાશ દૂર થશે.

***રોહિણી બી. બુદ્ધભટ્ટી***

# બચતનું મહત્ત્વ

*વ્યવહારિક જીવનમાં નાણાંકીય આયોજનનું વિશેષ મહત્ત્વ છે. મધ્યમવર્ગીય પરિવારોમાં આવકનાં સાધનો મર્યાદિત હોય છે. અચાનક આવી પડતી માંદગી કે સામાજીક પ્રસંગોમાં આવક અને ખર્ચનું સંતુલન બગડી જાય છે. જીવનના અંતિમ પડાવમાં જ્યારે આવક ઓછી અને ખર્ચ વધારે થાય તેમ હોઈ, જુવાન વયે જ નાણાંકીય આયોજન વ્યવસ્થિત થાય તે જરૂરી છે. આ જ સમય હોય છે યોગ્ય રીતે બચત કરવાનો. માસિક આવકમાંથી ખર્ચ કરી જે વધે તેની બચત કરવી તેમ નહીં પણ આવકમાંથી બચત બાદ કરી, ખર્ચ કરવો તે જ બચતની સાચી રીત છે.*

*નીચે આપેલ દૃષ્ટાંતથી બચતનું મહત્ત્વ સમજાય છે.*

વણિક : કેમ, તમે કંઈ બચત નથી કરી?

પટેલ : ના ભાઈ ના, એવી કંઈ બચત નથી કરી. બધુ દિકરાઓને આપી દીધુ હવે દિકરાઓ સાચવશે.

વણિક : પણ માની લો કે દિકરા ન સાચવે અને મોટી બીમારીમાં ખર્ચ ઉપાડવાની ના પાડી દે તો?

પટેલ : એવુ ના બને, અને જો થાય તો પછી ટૂંટિયું વાળીને પડ્યા રહીએ. નસીબમાં હોય એમ થાય.

વણિક : બાપા, નસીબ તો આપણે જેવુ લખવું હોય એવું લખી શકાય. મને અને મારા પત્નીને મારો દિકરો અને દિકરાની વહુ ખૂબ સાચવે છે એ મારા સારા નસીબને કારણે નહીં, મારા નાણાંકીય આયોજનના કારણે.

પટેલ : લે, એ કેવી રીતે?

વણિક : જુઓ સાંભળો. મને ૧૮ વર્ષની ઉંમરે નોકરી મળેલી. સરકારમાં આરોગ્ય ખાતામાં લાગ્યો અને પહેલો પગાર ૭૫ રૂપિયા મળ્યો. પહેલો પગાર લઈને મારા પિતાજીના હાથમાં આપ્યો ત્યારે પિતાજીએ મને પૂછેલું કે બેટા તને ૭૫ ને બદલે ૬૫ રૂપિયામાં નોકરી મળી હોત તો તું એ નોકરી સ્વિકારત કે નહીં? મેં હા પાડી એટલે એમણે કહ્યુ બસ આજથી એમ માની લે કે તારો પગાર ૧૦% ઓછો છે અને આજીવન ૧૦% ઓછો જ રહેવાનો છે એ ૧૦% રકમ તારે પોસ્ટ ઓફિસમાં ખાતુ ખોલાવીને એમાં જમા કરાવવાની અને એમાંથી ક્યારેય કંઈ ઉપાડ કરવાનો જ નહીં. પોસ્ટઓફિસમાં રકમ ભરીને પછી ભૂલી જ જવાનું કે મારી કોઈ રકમ પોસ્ટ ઓફિસમાં છે.

પટેલ : પણ આટલી નાની રકમ જમા કરાવો તો એનાથી શું ફેર પડે?

વણિક : મારા ભાઈ, આ નાની બચતથી લાંબાગાળે બહુ જ મોટો ફેર પડે. મેં મહિને માત્ર ૧૦ રૂપિયાની બચતથી શરૂઆત કરેલી અને જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ મારો પગાર પણ વધતો ગયો એટલે ૧૦% લેખે થતી બચતની રકમ પણ વધતી ગઈ. મેં ૩૫ વર્ષ નોકરી કરી અને આ દરમિયાન કરેલી બચતની રકમ અત્યારે વ્યાજ સહિત ૯૬ લાખ રૂપિયા છે. આ ૯૬ લાખનું મને દર મહિને ૬૦,૦૦૦ વ્યાજ મળે છે. જેમાંથી ૩૦,૦૦૦ મારો પૌત્ર જે ૩ વર્ષનો છે તેના નામનું પોસ્ટમાં ખાતુ ખોલાવીને તેમાં જમાં કરાવું છું અને બાકીના ૩૦,૦૦૦ દર મહિને મારા દિકરાની વહુના હાથમાં આપું છું અમને સાચવવા માટે.

પટેલ : ઓહો... આટલા બધા રૂપિયા આપો તો તો પછી તમને તમારા દિકરાની વહુ હથેળીમાં જ રાખે ને. પણ તમારે વાપરવા માટે કંઈ જરૂર પડે તો તમને વહુ પાછા પૈસા આપે?

વણિક : વહુ પાસે માંગવાની જરૂર જ નથી કારણ કે મને દર મહિને ૧૭૦૦૦ પેન્શન મળે છે. એમાંથી જરૂર પડે તો વાપરીએ અને બાકી મહીને ૨૦૦૦ ઉપાડીને મારા પૌત્રને દર રવિવારે ફરવા માટે બહાર લઈ જાઉં અને એને પણ જલસા કરાવું. પેન્શનમાંથી બાકીના જે ૧૫૦૦૦ વધે એ ઉપાડીને તેની એફ.ડી. કરાવી મારી દિકરીને ભેટમાં આપું છું. એફ.ડી. કરાવેલ હોવાથી એ તાત્કાલિક વાપરી પણ ન શકે.

પટેલ : વાહ, તમારું કહેવું પડે હોં. તમે પાક્કા વાણિયા છો. તમારી પાસેથી તો ઘણું શીખવા જેવું છે. અમારે તો હવે ક્યાં લાંબુ ખેંચવાનું છે પણ આ નવી પેઢી તમે કર્યું એમ કરે તો પાછલી જિંદગીમાં ઓશિયાળા ન રહેવું પડે એટલું પાક્કું.

***મિત્રો, બચતનું મહત્ત્વ સમજીને આજથી જ બચત કરવાનો સંકલ્પ કરીએ અને આપણા ભવિષ્યને વધુ ઉજળુ કરીએ.*** ■

## જમીન અને મકાન ક્ષેત્રે મંદીના સમયમાં

## ખૂબ જ આકર્ષક ઓફર

**આજે કરેલ રોકાણનું ૭ વર્ષમાં ડબલ કરતા પણ વધુ વળતર**

ભુજથી ખૂબ જ નજીકના વિસ્તારમાં અને... ૨૪ કલાક ધમધમતા રસ્તા ઉપર

**રેડી પઝેશનથી આપવાના છે....**

**ફ્લેટ તથો બંગ્લોઝ**

**તાત્કાલિક દસ્તાવેજ**

| | | |
|---|---|---|
| ૧ બી.એચ.કે. ફ્લેટ (1 BHK) | ૬૪૫ ચો.ફૂટ | માત્ર રૂા. ૨૫,૦૦૦/-ના બુકિંગ એમાઉન્ટથી |
| ૧ બી.એચ.કે. બંગ્લોઝ (1 BHK) | ૧૦૦ ચો.વાર પ્લોટ વિસ્તાર ૬૫૦ ચો.ફૂટ બાંધકામ | માત્ર રૂા. ૫૦,૦૦૦/-ના બુકિંગ એમાઉન્ટથી |
| ૨ બી.એચ.કે. બંગ્લોઝ (2 BHK) | ૧૦૦ ચો.વાર પ્લોટ વિસ્તાર ૮૫૦ ચો.ફૂટ બાંધકામ | માત્ર રૂા. ૫૦,૦૦૦/-ના બુકિંગ એમાઉન્ટથી |

**તરતમાં પઝેશન** **તરતમાં દસ્તાવેજ**

૭ વર્ષમાં રોકાણના ડબલ કરતા પણ વધુ વળતર સહિત

**આજે જ બુક કરાવો...**

સંપર્ક

# સર્વસ્વ


**રીયલ એસ્ટેટ એન્ડ મેનેજમેન્ટ**

**અશોકભાઈ મહેતા**

**મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

# શ્રદ્ધાંજલી

ફરી સજી “દુલ્હન” નો શણગાર,
લઈ દેવી દેવતા ઓ નો સાથ
કરવા ચાલી “દેવલોકમાં” વાસ...



## સ્વ. કંસારા બીનાબેન હેમેન્દ્રભાઈ ગુજરાતી
સ્વ.૨૭/૦૫/૨૦૧૬

## સ્વ. કંસારા મોહનલાલ માધવજી ગુજરાતી
## ગં.સ્વ. કંસારા ભચીબેન મોહનલાલ ગુજરાતી

કંસારા હેમેન્દ્રભાઈ મોહનલાલ ગુજરાતી
કંસારા ભાવનાબેન રમેશભાઈ ગુજરાતી
કંસારા આશાબેન મહેશભાઈ ગુજરાતી
કંસારા પ્રજ્ઞાબેન પ્રફુલભાઈ ગુજરાતી
કંસારા મુકેશભાઈ મોહનલાલ ગુજરાતી
સોની મંજુલાબેન દયારામભાઈ હેડાઉ
ગં.સ્વ. કંસારા વસંતબેન દિનેશભાઈ હેડાઉ
સોની ઉર્મિલાબેન રાજેશભાઈ બગ્ગા

કંસારા ક્રિષ્ના ઉદયભાઈ ગુજરાતી
કંસારા ભાવિક મહેશભાઈ ગુજરાતી
કંસારા શ્રેયશ પ્રફુલભાઈ ગુજરાતી
કંસારા ઉત્તમ રમેશભાઈ ગુજરાતી
કંસારા પાર્થ પ્રફુલભાઈ ગુજરાતી
કંસારા અવની હેમેન્દ્રભાઈ ગુજરાતી
કંસારા નેન્સી હેમેન્દ્રભાઈ ગુજરાતી
કંસારા વિશ્વા મહેશભાઈ ગુજરાતી


**સંબંધિત ફાર્મ**

ઉદય સ્ટેશનરી માર્ટ
નખત્રાણા
૯૪૨૯૪ ૬૨૨૬૫

ઉદય મંડપ સર્વિસ
નખત્રાણા
૯૮૨૫૧ ૫૧૨૬૫

પાર્થ પ્રિન્ટર્સ એન્ડ સ્ટેશનર્સ
નખત્રાણા
૯૮૭૯૧૨૨૨૬૫

ઉદય પ્રિન્ટર્સ
નખત્રાણા
૯૭૨૪૭૩૯૯૬૫

ઉત્તમ લાઈટ ડેકોરેશન
નખત્રાણા
૯૭૨૭૨ ૫૧૮૬૫

પાર્થ ઈનફોવે
નખત્રાણા
૯૭૩૭૫૨૨૮૬૫

કરણકૃપા જ્વેલર્સ
(રાજેશ ડી સોની) નખત્રાણા
૯૭૧૨૧૨૫૬૫૦

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.

Sureshbhai Soni
94269 15921

Amit Soni
90337 57701



# M/s Soni Parshottam Lakhamshi & Co.

(BABUBHAI MANFARAWALA)

# Suresh & Co.

Manufacturers & Dealers of Gold and Silver Ornaments

Ganga Bazar. Anjar, (Kachchh) 370 110
Tel : +91 2836 243342

Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00